એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૪ ● અંક-૪
એપ્રિલ – મે '૦૯

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**મુદ્રણ**
જયેશ ઘડિયાળી ૯૮૨૪૦ ૪૮૪૮૭
**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯
**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮
**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**
● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ
**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ
ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ**
www.gnyatisetu.com
**ઈ-મેલ**
editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
**કોમ્પ્યુટર ટાઈપ-સેટીંગ**
મુદ્રા કોમ્પ્યુટર્સ, અમદાવાદ

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



અમદાવાદ શિક્ષણ હેતુ, બહારથી આવતી આપણી જ્ઞાતિની બાળાઓ માટે રહેણાંકની વ્યવસ્થા, 'આપણું ઘર' એક તદ્દન નાનું કદમ છે. પરંતુ એને સમસ્ત જ્ઞાતિ સમાજે જે ઉમળકાભેર આવકાર અને પ્રોત્સાહન આપ્યું છે તે બદલ, સર્વે જ્ઞાતિ સભ્યો, વડીલો અને શ્રેષ્ઠીઓનો આભાર માનીએ છીએ.

"કદમ કદમ બઢાયે જા...." ગીતની માફક, આપણે પણ એક એક કદમે જ આગળ વધવાનું છે. વિશાળકાય અદ્યતન હોસ્ટેલો જોતાં આપણું કદમ 'ડુંગર' આગળ 'તરણાં' જેવું ભલે લાગે પરંતુ આપણા સંશાધનો અને ક્ષમતાની મર્યાદામાં જ આપણે સામાજીક કાર્યો હાથ પર લેવા જોઈએ. એવા મક્કમ નિર્ણય સાથે, કે લીધેલું કાર્ય પાર પાડશું જ અને એને છેવટ સુધી આદર્શ રીતે નિભાવશું.

બનવાજોગ છે કે આપણે હાલે ઊભી કરેલી સુવિધાનો ભવિષ્યમાં વિસ્તાર કરવો પડે. પરંતુ એનો આધાર આપણા આ કદમની સફળતા પર છે. અને આવા સામાજીક કાર્યોમાં સફળતાની પારાશીશી છે, એનો 'લાભાર્થી' દ્વારા સ્વિકાર. આ સ્વિકારનો અનિવાર્ય આધાર છે, આપણી નિસ્વાર્થ-નિષ્ઠા, જે માત્ર વચનોથી નહીં પરંતુ વર્તનથી વ્યક્ત થવી જોઈએ. અને એ વર્તન તો જ દેખાય જો એનો વહીવટ 'પારદર્શક' હોય.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે અમદાવાદને આંગણે 'આપણું ઘર' આપણા સમસ્ત સમાજને 'પોતીકું' લાગવું જોઈએ અને એક 'ઘર'ના દ્વાર આડે 'ભેદભાવ'ની કોઈ દીવાર ન હોવી જોઈએ. શિક્ષણ હેતુ આવતી આપણી જ્ઞાતિની કોઈપણ બાળા માટે હાર્દિક 'આવકાર'ની સાથે, એમના વતનમાં રહેતા વડીલોને પણ હૈયે 'હાશકાર' થવો જ જોઈએ. અમને વિશ્વાસ છે કે આપણા સમર્પિત કાર્યકરો આ બાબતે 'સદૈવ' સચેત રહેશે.

સાથે સાથે, વિભિન્ન વિસ્તારના જ્ઞાતિ વડીલોને અમારી નમ્ર વિનંતી છે કે તેઓશ્રી તેમના વિસ્તારમાં ઉચ્ચ અભ્યાસ કરતી અથવા કરવા ઈચ્છતી બાળાઓ વિશે માહિતી મેળવે અને એમને યોગ્ય જણાય તેવી બાળાઓને પ્રોત્સાહન આપે. કોઈપણ સમાજનું ભાવિ સમૃદ્ધ કરવામાં શિક્ષિત મહિલાઓનું હંમેશાં શ્રેષ્ઠ યોગદાન રહેલું હોય છે. અસ્તુ.


| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

શુભેચ્છા સહ

**સોની બાબુભાઈ લખમશી (મનફરાવાળા)**

# સોની પરસોત્તમ લખમશીની કું.

**સોનાના દાગીના બનાવનાર તથા વેચનાર**



## સુરેશ એન્ડ કું.

**ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

ગંગા બજાર, અંજાર (કચ્છ) - ૩૭૦ ૧૧૦.

ફોન : (દુકાન) ૦૨૮૩૬-૨૪૩૩૪૨, (ઘર) ૨૪૨૩૩૯

## હરિ ઓમ જ્વેલર્સ

૧૨/બી, પ્લોટ નં.-૨૮૨, સોની બજાર, ગાંધીધામ. ફોન : ૦૨૮૩૬-૨૩૦૪૨૪

## વસવાટના સ્થાનની લાક્ષણિકતાઓ

કુ. એકતા કટ્ટા - અંજાર

*"धनिकः श्रोत्रियो राजा, नदी वैधस्तु पंचमः ।*
*पञ्च यत्र न विद्यन्ते, न तत्र दिवसं वसेत् ।।"*

અર્થાત્ "ધનવાન, વિદ્વાન, રાજા, નદી અને પાંચમો વેદ – આ પાંચ જ્યાં ન હોય તે સ્થળે એક દિવસ પણ રહેવું નહીં."

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે આવાસ કે વસવાટનાં સ્થાનની લાક્ષણિકતાઓનો ઉલ્લેખ કર્યો છે. આ સૃષ્ટિનાં પ્રત્યેક જીવને અનુકૂળ આવાસ હોવું આવશ્યક છે. જીવની ઉન્નતિ અને વિકાસ આવાસ અને તેની અનુકૂળતા પર પણ અવલંબે છે. તેથી સુભાષિતકારે અનુકૂળ આવાસ માટે નિર્દેશ કર્યો છે. મનુષ્ય જ્યારથી સામાજીક જીવન જીવવા લાગ્યો ત્યારથી જ તેની આવશ્યકતાઓ મુજબ આવાસની વ્યવસ્થા પ્રત્યે સભાન બન્યો. સુભાષિતકારે ધનવાન, વિદ્વાન, રાજા, નદી અને વૈદ્ય વિનાના સ્થળે વસવાટનો નિષેધ કર્યો છે.

ઉન્નતિનાં પ્રત્યેક લક્ષ્યને પામવા માટે પ્રથમ આવશ્યકતા ધનની જ હોય છે. લક્ષ્ય પ્રાપ્તિ માટે પ્રત્યેક વસ્તુની સભરતા હોવી જરૂરી છે. જે પરોક્ષ કે અપરોક્ષરૂપે ધન ઉપર નિર્ભર કરે છે. સભ્ય સમાજ વ્યવસ્થાના ઉદયની સાથે જ ક્રય-વિક્રયની વ્યવસ્થાનો પણ ઉદય થયો. જે મૂળભૂતરૂપે ધન ઉપર અવલંબે છે. જીવનોપયોગી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ધનવાનો પોતાનાં ધન દ્વારા યોગદાન આપતા હોય છે. કોઈપણ સાર્વજનિક સંસ્થા – સ્કુલ, હોસ્પિટલ કે સમાજવાડી ઇત્યાદિનું નિર્માણ, સંચાલનનું કાર્ય ધનવાનોના ધનના યોગદાન થકી જ થાય છે. તેથી જ સુભાષિતકારે ધનવાનને આવાસીય અનુકૂળતા માટે પ્રથમ આવશ્યકતા લેખાવી છે.

'વિદ્વાન' એ જ્ઞાનનો સૂચક છે. ઉન્નતિના કોઈપણ લક્ષ્યને નિયત કરવા જ્ઞાન હોવું આવશ્યક છે. તે સતત દિશા-નિર્દેશ આપી યોગ્ય-અયોગ્યની સમજ આપે છે. સાધન-સામગ્રી ઉપલબ્ધ હોય પરંતુ, તેના યોગ્ય ઉપયોગ પ્રત્યેની અજ્ઞાનતા તેને નિરૂપયોગી સિદ્ધ કરે છે. જ્યારે જ્ઞાની વ્યક્તિ છત-અછત સમયે પણ પોતાના લક્ષ્યને પામવા અટલ રહી, સક્રિય રહે છે. જ્ઞાન વિકાસનાં નવા સ્રોતોનું નિર્માણ કરી સતત ક્રિયાશીલ રહી નવા લક્ષ્યાંકો સિદ્ધ કરવા સક્ષમ બનાવે છે. તેથી જ સુભાષિતકારે વિદ્વાનોની ઉપસ્થિતિ આવશ્યક બતાવી છે. જેઓ સતત જાગૃતિ પ્રસરાવે છે.

'રાજા' એ શાસનનો સૂચક છે. ધન અને જ્ઞાનનાં યોગ્ય ઉપયોગ માટે અનુશાસન આવશ્યક છે. અનુશાસન લક્ષ્યથી વિચલિત થતું અટકાવે છે. જ્યારે સાર્વજનિક પ્રશ્નો ઉદ્ભવે ત્યારે સર્વ સંમત, નિષ્પક્ષ નિરાકરણ આવશ્યક હોય છે. આવા નિરાકરણ હેતુ શાસનકર્તાઓનું સ્વયં અનુશાસનનિષ્ઠ હોવું આવશ્યક છે. સુભાષિતમાં ઉલ્લેખિત આવશ્યક્તાઓ (આવાસીય વિસ્તારની અનુકૂળતાઓ)નું વિસ્તાર એક નાનકડા ફળિયાથી લઇ એક રાષ્ટ્ર સુદ્ધાંને સ્પર્શે છે. ધનવાન અને જ્ઞાનીની બાબતમાં આપણે ભાગ્યશાળી છીએ. પરંતુ, જ્યારે 'રાજા' ની બાબતનો ઉલ્લેખ કરવાનું આવ્યું ત્યારે સાંપ્રત સમયે આપણાં રાષ્ટ્રમાં અને તેના શાસન અનુશાસન પ્રત્યે ભાગ્યદોષની લાગણી જન્મે છે. જોઇએ તો અહીં સુભાષિતમાં લોકશાહી શાસન પ્રણાલી આપણા આ ભાગ્યદોષના નિર્માતા આપણે જ છીએ. કેમ કે નિયુક્તિ લોકોની સર્વસંમતિ (આપણી વોટિંગ સિસ્ટમ!) થી જ થતી હોય શાસન વ્યવસ્થા છે. 'યથા રાજા-તથા પ્રજા'ની વાત જૂની થઇ. અહીં તો હવે 'યથા પ્રજા-તથા રાજા' છે.

'નદી' એ સ્વચ્છતાની સૂચક છે, અને પાણી એ સ્વચ્છતાનો પર્યાય છે, તો જીવન આધાર પણ છે. તેથી જ સ્વચ્છ પાણીનું સ્રોત આવાસીય વિસ્તારની પરમ આવશ્યકતા છે. આ અંગે પણ પ્રકૃતિ કે વરૂણદેવ કરતાં નગરપાલિકા કે મહાપાલિકાની કૃપા વધુ આવશ્યક છે!

સુભાષિતનું પાંચમું અને છેલ્લું આવશ્યક અંગ જેના ઉપર આવાસીય વિસ્તારનું સ્વાસ્થ્ય અવલંબે છે તે વૈદ્ય સ્વસ્થતાની રક્ષાનો સૂચક છે. શારીરિક-માનસિક સ્વસ્થતા કોઈપણ વિકાસનું પ્રથમ પગથિયું છે. જો આ સ્વસ્થતા નહીં હોય તો કોઈપણ લક્ષ્યને પામી નહીં શકાય. વૈદ્ય (ડોક્ટર) સ્વસ્થતાનો રક્ષક છે. આ અંગે આપણે પ્રગતિનાં પંથે વધી રહ્યાં છીએ તે સંતોષકારક બાબત છે.

સર્વત્ર આધુનિકતાનાં કારણે આવાસીય ક્ષેત્રોમાં પણ આધુનિકતા નૈસર્ગિક છે. ફળિયાઓના સ્થાને સોસાયટીઓ, એપાર્ટમેન્ટોનો વિકાસ થઇ રહ્યો છે. જેઓના સ્વતંત્ર નીતિ-નિયમો અને વ્યવસ્થાકીય પ્રબંધ જોવા મળે છે. જે આવશ્યક પણ છે. આવાસીય ક્ષેત્રોના નવા પરિમાણો આવશ્યક છે તો સાથે-સાથે જૂની પરંપરાઓ અને સ્નેહ સૌમ્યતા પ્રત્યેની જાગૃતિ પણ ઇચ્છનીય છે. ■

## કેટલાક મંત્રોના અર્થો અને એની વ્યાખ્યાઓ

– હર્ષા યોગેશ બુધ્ધભટ્ટી

**૧. હવનમાં મંત્ર પછી બોલાતા 'સ્વાહા'**

એમાં આપણે ઘી મિશ્રિત જવતલ અગ્નિમાં હોમિયે છીએ.

પરંતુ વાસ્તવમાં 'સ્વ' એટલે પોતે જાતે. પરંતુ ગર્ભિત અર્થ સ્વ = હું = અહં એ 'અહં'ને અગ્નિદેવને અર્પણ કરવાનું હોય છે. અને વ્યક્તિનાં અહંની આહુતિ અપાઇ જાય તો પછી 'હું' ન રહેતા તુંહી તું એટલે ઇશ્વર જ. જે પ્રત્યેક વ્યક્તિમાં અંશરૂપે બેઠેલ છે તે જ રહે, અને એનો અર્થ એ થયો કે, તે વ્યક્તિ મટી ગઇ માત્ર શેષ ઇશ્વર જ એ દેહમાં રહ્યો છે.

**૨. સ્વાધ્યાય :-**

સ્વાધ્યાયમાં પણ 'સ્વ' એટલે વ્યક્તિ પોતે. પોતાનાં અધ્યાયને તપાસવાનો છે અને ઇશ્વર સંકિર્તન સાથે અને તેના સહારે 'સ્વ'માં રહેલી ક્ષતિઓને દૂર કરવાના પ્રયત્નો ત્રિકાળ એટલે કે, ત્રણે કાળમાં

સતત કરવાના રહે છે.

**૩. જાગરણ :-**

હિન્દુ ધર્મે જાગરણને ઘણું જ મહત્ત્વ આપેલ છે. અને તેને ધાર્મિક તહેવારો સાથે જોડી દીધેલ છે. દા.ત. શિવરાત્રિ, જન્માષ્ટમી, નાની બાળાઓ એટલે કે કુમારિકાનાં વ્રત ગૌરીવ્રત અને પરીણિત સ્ત્રીનું વ્રત જયા પાર્વતી વગેરે સાથે સંલગ્ન કરી તે કેટલું અગત્યનું છે તે સમજાવવા પ્રયત્ન કરેલ છે. જાગવું એટલે ભૌતિક રીતે માત્ર ઊંઘવું નહિં એમ નથી પરંતુ તે જાગરણ વખતે વ્યક્તિની અંદરના અંતરાત્માને જાગૃત કરવાની ક્રિયાનો પ્રયત્ન કરવાની ટેવ પાડવા માટેના આવા જાગરણની ગોઠવણો હિન્દુ ધર્મે કરેલ છે. પરંતુ એ ઉદ્દેશ અત્યારે થતા જાગરણથી બર નહિ આવે, કારણકે અત્યારે આપણે જાગરણની રાત્રિઓમાં જાગરણને બદલે ''ઉજાગરા'' જ કરીએ છીએ.

**૪. કૃષ્ણ જન્મ:-**

દર જન્માષ્ટમીએ મધ્યરાત્રિ પર્યંત આપણાં લોકો યા તો પાનાનો જુગાર રમીને અથવા અન્ય રીતે જાગરણને સ્થાને ઉજાગરો કરી કૃષ્ણ જન્મની રાહ જુવે છે. જેણે પોતે ગાઇ વગાડીને કહેલ છે કે, 'હું અજન્મા જન્મા છું, અવિનાશી છું' તેને મંદિરમાં જન્માવી હિંડોળામાં સુવડાવી બે-પાંચ રૂપિયા પધરાવી કૃષ્ણને હિંચાળવાનો સંતોષ લઇ, પંજરીના પ્રસાદ સાથે પોઢી જઇએ છીએ. શું આ કૃષ્ણ જન્મ છે?

ખરો કૃષ્ણ તો આપણાં હૃદયમાં જન્મવો જોઇએ, અને તે માટે અષ્ટમીનાં દિવસે સંપૂર્ણપણે ઉપવાસી રહી પૂરો દિવસ અને મધ્યરાત્રિ સુધી ઇશ્વરની ભક્તિ કરી તેની કૃપાની રાહ જોતાં જોતાં જાગરણ થાય તો કોઇ એક જન્મે આપણાં અંતર તમ અંતરના માયાના આવરણો દૂર થાય ત્યારે હૃદયમાં જે કૃષ્ણ જન્મે તે ખરો કૃષ્ણ જન્મ. બાકી સૌ કરીએ છીએ તે માત્ર પ્રતિકાત્મક છે.

**૫. મોક્ષ :-**

મોક્ષ એટલે છૂટવું. સામાન્ય સમજણ એવી છે કે, જન્મ-મરણનાં ચક્રમાંથી મુક્તિ. જોકે આ સમજણ વાસ્તવિકતાથી ઘણી દૂર છે. કારણ કે ''चक्राकारे गति'' નાં સિદ્ધાંત મુજબ જન્મ મરણનું દેખીતું ચક્ર ચાલુ જ રહેવાનો હોઇ, એમાંથી મુક્ત થવાનું શક્ય જ નથી. પરંતુ થોડો ઊંડો વિચાર કરીએ તો પૂર્ણ જ્ઞાની વ્યક્તિ દ્વન્દ્વોમાંથી મુક્ત હોવાને કારણે, તેઓ મૃત્યુ અને જન્મને સમજી ચૂક્યા હોય છે. એટલે તેઓ 'અજ્ઞાન' મુક્ત બન્યા હોઇ તેઓને જન્મ કે મૃત્યુ કશું જ નડતું ન હોવાને કારણે મુક્ત અથવા મોક્ષ ગતિ પામે છે.

સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે,

*आचाजाय काचिद् शृंखला; गया बुद्धा*
*प्रधावन्ति मुक्ता तिष्ठति पंगुवतः*

ટૂંકમાં આશારૂપી સાંકળથી બંધાયેલ દોડે છે અને મુક્ત થયેલ પાંગળાની જેમ બેસી રહે છે. ■

## પાદુકા પૂજન

**શાંતાબેન અમૃતલાલ બારમેડા - અંજાર**

આપણા દેશના ઋષિમુનિઓ કે સંતો અને ગુરૂદેવની 'પાદુકા' પૂજાય છે. 'ચરણરજ' કે 'ચરણપાદુકા' પૂજનનો મહિમા અપાર છે. જે મહાન વિભુતિઓ તેમની વાણી વર્તન અને કર્તવ્યો થકી પૂજાય છે. એમના શહીદ દેહ અવસાન પછી એમના વચન-વર્તન અને કાર્યોનો સ્મરણા સાથે એમની વંદના.

આપણે જ્યારે મંદિરમાં જઇએ છીએ ત્યાં જે કોઇ દેવી-દેવતાઓની મૂર્તિ હોય તેના આપણે દર્શન કરીએ પણ નિજ મંદિરમાં જવા માટે પૂજારીની અનુમતિ મળે ત્યારે આપણે એ મૂર્તિના ચરણ પકડીને નમસ્કાર કરીએ છીએ. પાદુકા પૂજનની વાત શ્રી રામચંદ્રના પૂર્વજોની કરીએ. અયોધ્યાના રાજકુંવર રઘુરાજા જ્યારે યુવરાજપદે હતા ત્યારે તેમના પિતાજીએ તેમને અયોધ્યાની રાજગાદી સોંપી અને પોતે પ્રભુ ભજનમાં સમય વિતાવવાનો નિર્ધાર કર્યો ત્યારે પ્રથમ રાજગુરૂ વશિષ્ઠ પાસે પોતાનો નિર્ણય જણાવ્યો. જ્યારે રાજગુરૂએ અનુમતિ આપી ત્યારે રાજાએ સર્વે મંત્રીઓ, પ્રધાનો અને શ્રેષ્ઠીઓને રાજસભામાં બોલાવ્યા અને પોતે લીધેલો નિર્ણય રાજગુરૂની આજ્ઞાથી સર્વે સભાજનોને કહી સંભળાવ્યા. તુરત જ સારૂ મૂર્હુત જોઇ દિવસ નક્કી કર્યો. ત્યારે સભામાં બેઠેલા સૌએ એ નિર્ણયને સહર્ષ વધાવી લીધો અને નગરવાસીઓને સંદેશો કહેવડાવ્યો. અયોધ્યાની પ્રજા એ સાંભળી ખૂબ ખુશ થઇ. અને પોતાની શક્તિ મુજબની ભેટ નવા રાજા માટે લઇ જવાની તૈયારી કરી. અયોધ્યાના ભીલ સમાજને પણ રાજ્યાભિષેક વખતે આવવાનું નિમંત્રણ રાજ તરફથી મળ્યું. ત્યારે ભીલ જાતિના સરદાર હતા તેમણે પોતાના સમાજના લોકોને બોલાવી રાજ તરફથી મળેલ આમંત્રણની વાત કહી સંભળાવી. ભીલ જાતિના સરદાર અને વડીલ વર્ગે રાજ માટે ભેટ લઇ જવાનો વિચાર કર્યો. પણ તેઓ એવા નિર્ણય પર આવ્યા કે આપણે ગરીબ પ્રજા અને રાજ દરબારમાં આપણી ભેટ તૂચ્છ લાગશે માટે આપણે કોઇ ભેટ લઇ ન જવી. ત્યારે એક ભીલ યુવાને સૌને સમજાવ્યા. અરે! આપણા યુવરાજ રાજા બને છે અને આપણે તેમના રાજ્યાભિષેક વખતે ખાલી હાથે જઇશું? તુચ્છ તો તુચ્છ પણ આપણા ભીલ સમાજ તરફથી રાજાને ભેટ તો આપવી જ પડે. તો સૌ વડીલો સાંભળો હું એક ભેટ તૈયાર કરું છું. અને તમે ચિંતા છોડો. હું એ આપણા બધા તરફથી એ ભેટ રાજાને આપીશ. એ યુવાને તન મનથી ભાવનાસભર સુંદર મજાની 'પાદુકા' બનાવી. જ્યારે એ ભેટ રાજ સભામાં રાજાને આપવામાં આવી ત્યારે રાજાને એ ભેટ સ્વીકારતી વખતે એ પાદુકામાં કોઇ દિવ્ય વિભૂતિના દર્શનનો અહેસાસ થયો. રાજાને એ ભીલ યુવાન કોઇ મહાન વ્યક્તિ લાગ્યો. રઘુરાજા મહાજ્ઞાની અને તત્વદર્શી હતા. તેમણે એ પાદુકા હાથમાં લીધી અને તેણે

એ પાદુકા પોતાના પૂજા ખંડમાં પધરાવી. ત્યારથી એ પાદુકા વંશપરંપરાગત પૂજાતી આવી.

દશરથ રાજાએ જ્યારે અયોધ્યાની ગાદી રામચંદ્રને સોંપવાની (વાત કરી) જાહેરાત કરી ત્યારે કૈકેયીએ રામચંદ્રને ચૌદ વર્ષ વનવાસ મોકલવાનું વરદાન માંગી અને બીજા વરદાનમાં ભરતને ગાદી સોંપી ભરતને અયોધ્યાના રાજા બનાવવાનું વરદાન માંગ્યું. રામ, લક્ષ્મણ અને સીતા જ્યારે વનમાં જવા રાજા દશરથ પાસે આજ્ઞા લેવા આવે છે ત્યારે દશરથ રાજા મૂર્છિત અવસ્થામાં હતા. રામની પિતાજીના વચન પાલન કરવાની વાતની જાણ થતાં દશરથજી સભાન થઇ પોતાની વંશ પરંપરાગત પૂજાની પાદુકા રામને લઇ જવા માટે (પાદુકા) મંગાવી. પાદુકા રામને સોંપી કહ્યું કે હું મરણ પથારીએ છું. ભરત અને શત્રુઘ્ન મોસાળે છે અને તમે બન્ને ભાઇઓ વનમાં જવાની વાત કરો છો તો આ પાદુકા તમે વનમાં લઇ જઇ તેની નિત્ય પૂજા કરજો.

વનમાં રામને મળવા જ્યારે ભાઇ ભરત અયોધ્યાથી આવે છે ત્યારે ભગવાન રામને અયોધ્યા આવવા માટે ખૂબજ આગ્રહ કરે છે. ત્યારે રામ ભગવાન પિતાજીના વચનનું પાલન કરી ચૌદ વર્ષે અયોધ્યા આવવાનું વચન આપે છે. ત્યારે ભરત તેને માન્ય રાખી અને એ પાદુકા અયોધ્યા લઇ જવા કહે છે. રામે તે પાદુકા ભરતને સોંપી અને તે અયોધ્યાની રાજગાદી પર પધરાવે છે.

આ તેજ પાદુકા છે જે એક ભીલ યુવાને રઘુરાજાને ભેટમાં આપી હતી. તેને ગાદી પર પધરાવી તેની નિત્ય પુજા કરી હતી. આ છે ચરણ પાદુકાનો મહિમા.■

# ઉંબરા પૂજન

**હર્ષા યોગેશ બુધ્ધભટ્ટી**

આદમજાતે જ્યારે પહેલું ઝુંપડું બાંધ્યું હશે, તેના બીજા દિવસથી ઉંબરાનો ઉદ્‌ભવ થયો હશે.

એ સમયકાળમાં વરસાદનું પ્રમાણ વિશેષ હતું. ગરમીનું પ્રમાણ અતિ હતું. માનવ વસ્તી ઓછી અને છુટી છવાઇ હતી. ગાઢ જંગલોને કારણે જંગલી પ્રાણીઓ અને જંતુઓનું પ્રમાણ સ્વાભાવિક રીતે વિશેષ હોય જ. હિંસક પ્રાણીઓથી બચવા ઝૂપડા આગળ ઝાંપો, તો વૃક્ષોની ડાળીઓ અને કાંટાથી બનાવ્યો પરંતુ જમીન અને ઝાંપાની વચ્ચેના ભાગમાંથી આવતા સાપ, વિંછી જેવા જીવ જંતુઓથી બચવા વચ્ચેના ગાળાને ઉંબરો બનાવી આદમ જાતે સલામતી શોધી. આ ઊંચો ભાગ એટલે ઉંબરો. આટલી લાંબી ઉમરના છે આપણા ઘરોના ઉંબરા.

ઇશ્વરે બક્ષેલ બુધ્ધિરૂપી ભેટનો ઉપયોગ કરી માનવી જીવનને પ્રથમ સુખરૂપ બનાવવા નવી નવી શોધોથી થોડું ભૌતિક સુખ અને પરિણામે થોડો વિશેષ સમય મેળવ્યો.

આ વિશેષ સમયનો ઉપયોગ માનવીએ સંસ્કૃત બનવામાં કર્યો, અને પરિણામે 'ઉંબરો' જે અત્યાર સુધી માત્ર ભૌતિક અર્થ ધરાવતું હતું તેનું પણ 'સંસ્કૃત' રૂપ માનવીને સમજાવા લાગ્યું.

ભારતમાં ઋષિઓ અને તત્વચિંતકો દ્વારા અધ્યાત્મની કેડી કંડારતા, ઘર પ્રતિહારી ઉંબરાની કૌટુંબિક, સામાજીક અને સાંસ્કૃતિક મૂલ્યતાના દર્શન લોકોને કરાવ્યા.

આ મૂલ્યો અનુસાર ઘરનાં આંતરિક ભાગના પ્રથમ ભાગરૂપ ઉંબરાનું દૈનિક સવારમાં વિધિપૂર્વક પૂજન કરવાની અગત્યતા સમજાવી ભારતવાસીઓને ઉંબરા પૂજન કરતા કર્યા.

ઉંબરો, જોકે, આ આધુનિક યુગમાં કહેવાતા સાક્ષર અને સમજદાર ગણાવાતા ગૃહસ્થોમાં પોતાનું સ્થાન ગુમાવી ચૂક્યું છે. અને મોટા ભાગની બિલ્ડીંગો અને ફ્લેટસમાં ઉંબરાની જરૂરત જ ન હોય તેમ ઉંબરા રાખતા જ નથી. તેમ છતાં ભારતના અનેક રાજ્યોમાં આ ઉંબરા પૂજનની પ્રણાલિકા જળવાયેલી રહી છે. અલબત્ત પૂજનની વિધિમાં એકસરખાપણું નથી છતાં વહેલી સવારે ઘરની સ્ત્રી, નાહી, પૂજા પાઠ કરી, ઉંબરા પૂજન ભાવપૂર્વક કરે જ છે.

સૌથી પ્રથમ તો પૂજન થયેલો ઉંબરો એ ઘરમાં રહેનારનાં આનંદમય જીવનના દર્શન કરાવે છે. તે સાથે એ ઘેર આવનાર સગા-સંબંધી, હેતુમિત્ર કે અન્યને આવકાર આપતું લાગે છે. હવે આપણે ઉંબરાની કૌટુંબિક કામગીરી જોઇએ તો સૌથી પ્રથમ, ઉંબરો ઘરની માન-મર્યાદાનું પ્રતિક છે. કુટુંબના પ્રત્યેક સભ્યને તેની ઉંમર અને મોભા મુજબ મર્યાદા દર્શાવે છે. ઘરની મુખ્ય વ્યક્તિની મનાઇ હોય તો ઘરનો અન્ય સભ્ય ઉંબરો ઓળંગતા પહેલા ખૂબ વિચાર કરે છે. તદ્‌ઉપરાંત એ ઘરની સામાજીક સ્થિતિથી નીચેની સ્થિતિની અન્ય વ્યક્તિ ઘરમાં આવવા માટે ઉંબરો ઓળંગતા પહેલા વિચાર કરે છે કે, હું જે કાર્ય માટે આ ઘરમાં જઉં છું તેટલી મારી લાયકાત છે કે નહિં? અથવા મારે જે કાર્ય છે તે એટલું ઉચ્ચ પ્રકારનું છે કે કેમ? કારણ કે હલકા પ્રકારની વ્યક્તિ અથવા તો હલકા પ્રકારના કાર્યને આ ઘરમાં સ્થાન નથી એવું ઉંબરે આવેલ વ્યક્તિને દર્શાવે છે. આ રીતે ઉંબરો ઘરની મર્યાદા અને સામાજીક દરજ્જાનો રક્ષક છે. માટે જ આપણે "ઉંબરા પૂજન" કરવું અતિ આવશ્યક છે.

હવે આપણે ધર્મની દ્દષ્ટિએ જોઇએ તો ઘરના દરવાજા જે ઘરનું રક્ષણ કરે છે તે શિવ અને શિવાની ગણાય છે. અને આ શિવ અને શિવાનીનું મિલન સ્થળ પણ ઉંબરોજ છે.

ઉંબરો ઘરની સંપત્તિને બહાર વહી જતી અટકાવે છે. અને અનિષ્ટ તત્ત્વોને અંદર આવતા અટકાવે છે.

ઉંબરાનું પૂજન ઉંમર વધારનારૂ ગણાય છે. આ ઉંબરો જ તે ઘરના માણસોના જન્મ મૃત્યુનો સાક્ષી છે. એ ઘરના આનંદ ઉલ્લાસના પ્રસંગો કે અનિચ્છિત પ્રસંગોનો મૂક સાક્ષી ઉંબરો જ છે. એ ઘરમાં આનંદના

પ્રસંગે વાગતી શરણાઈનાં સૂરો અને નોબતના નાદ પણ સાંભળતો અને શોકમય પ્રસંગોએ ઘરના સભ્યોના રૂદન અને આંસુઓની ધારાને જોનાર ઉંબરો જ છે.

ઉંબરાના પૂજનમાં ઉંબરાની બન્ને બાજુએ સાથિયા પૂરવામાં આવે છે. અને પગલા દોરવામાં આવે છે. આ વિધિ એટલે પરમ અને પરમેશ્વરી, સમજણ અને સમૃદ્ધિ, રિધ્ધિ અને સિધ્ધિને એક ગણવાની ક્રિયા ગણાય છે.

પરંતુ પોતાને બુધ્ધિશાળી ગણાવતા લોકોને તેમની બુધ્ધિ ચેનથી બેસવા નથી દેતી અને કોઇ ઉંબરા પૂજન કરતી સ્ત્રીનો પતિ તેને કહેતો હોય છે કે, આજના વિજ્ઞાનના યુગમાં પણ તમે આવી જરી પુરાણી અંધશ્રદ્ધાનાં ચક્કરમાં ફસાયેલા ક્યાં મળ્યા છો? બૈરાઓને તો પૂજા કરવાની આદત જ હોય છે. તે કાંઇ ન મળ્યું તે આ ઉંબરો! જેના પર આવતા જતાં અનેકના પગની ધૂળથી ખરડાયેલા ઘરમાં પેસવાના પથ્થરાને પણ પૂજ્યા વગર નથી રહેતી. પરંતુ એ બુધ્ધિશાળીઓને ચરણરજનું શું મહત્ત્વ છે તેની ખબર જ ક્યાં હોય છે.

ઘણાં સમાજમાં નવવધૂના ગૃહ પ્રવેશ વખતે ઉંબરા આગળ ચોખા ભરેલો કળશ રાખવામાં આવે છે. અને પરણીને પ્રથમ વખત ગૃહ પ્રવેશ કરતી નવ વિવાહિતા તે કળશને પગથી પાડીને પછી ઘરમાં પ્રવેશ કરે છે. તે જાણે ઘરના અનાજને-ઘરની સંપત્તિને ઘરની બહાર જતાં રોકે છે. ઘરની સંપત્તિ ઘરમાં જ રહે તેને ઉંબરો બહાર જતાં અટકાવે છે. તો કેટલાક સમાજમાં નવ પરિણિતા ઉંબરો ઓળંગી ઘરમાં પ્રવેશતા પ્રથમ પગ કુમકુમ યુક્ત પાણીની થાળીમાં મૂકી કુમકુમ પગલે ગૃહ પ્રવેશ કરે છે. આ ક્રિયાઓ પાછળ ઉંબરાનું કેટલું મહત્ત્વ છે તે સહેજે સમજાય તેવી વાત છે.

એજ ઘર અને તેનો ઉંબરો જેમાં જન્મેલ બાળક આઠ દસ મહિનાનો થઈ રડતા શીખ્યો હોય ત્યારે બાખોડીયા ભરી ઉંબરા બહાર જવાની કોશિશ કરતો હોય, એજ બાળક યુવાન થતાં કુદીને ઉંબરા બહાર જતો હોય, અને એ જ યુવાન વૃધ્ધ થાય, કાયા જર્જરીત થાય ત્યારે બારશાખને ટેકે ટેકે માંડ માંડ એ જ ઉંબરો ઓળંગતો હોય, અને મનોમન એ વૃધ્ધ બોલતો હોય કે, ઉંબરા તો ડુંગરા થયા અને પાદર થયું પરદેશ, તે સમગ્ર દ્રશ્યોનો સાક્ષી એ ઉંબરો હોય છે.

ઘરનો ઉંબરો તો પાયાનો પથ્થર ગણાય, કારણ કે દરવાજા પાસે પ્રથમ ચોગઠ બેસાડાય છે. અને આ ચોગઠમાં પણ ઉંબરાનું સ્થાન નીચે એટલે કે પાયામાં આવે છે. આ ચોગઠ ચાર દિશા અને માનવીના ચાર આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાનાશ્રમ અને સંન્યાસ્તાશ્રમ દર્શાવે છે. અને એ પ્રકારે ઉંબરો સંન્યાસ્તાશ્રમ દર્શાવે છે. અને સનાતન ધર્મ મુજબ સંન્યાસી એટલે કે ઉંબરો પૂજનને પાત્ર ગણાય છે.

અંતના આરંભે બે વાત બીજી કરું તો ભક્ત પ્રહલાદના પિતા હિરણ્યકશ્યપને મારવા નૃસિંહ અવતાર ધારી ભગવાને પણ ઉંબરાને જ યોગ્ય સ્થાન માન્યુ હતું.

અને ઘરમાં જ્યારે મૃત્યુ જેવો દુઃખદ પ્રસંગ બને છે ત્યારે મૃત્યુ પામનાર વ્યક્તિને અપાતા ચાર વિસામામાં પહેલો વિસામો ઘરના ઉંબરામાં અપાય છે. ઉંબરાની રજા પછી જ અંતિમ વિધિ માટે લઇ જવાય છે.

આટલા બધા મહત્ત્વના આ ઘરના સ્થાનનું પૂજન દરેક દૃષ્ટિએ મહત્ત્વનું તો છે જ પરંતુ એ ઉપરાંત પૂજન ક્રિયા આપણી સંસ્કૃતિના જતન માટે પણ ખૂબ જ જરૂરી છે. ઉંબરા પૂજન કરતા કુટુંબોને ધન્યવાદ સાથે સતત ચાલુ રાખવા અને ન કરતા કુટુંબોને સત્વરે ચાલુ કરવા આગ્રહભરી નમ્ર અપીલ છે. ■

## સમસ્ત મારૂ કંસારા સમાજનું ગૌરવ

આપણા પૂર્વજોની ભૂમિ 'મારૂધરા' (રાજસ્થાન)માં જોધપુર મધ્યે આપણા મારૂ કંસારા પરિવારોના તેમજ રાજસ્થાનમાં ઔદ્યોગિક ક્ષેત્રે મોટું નામ ધરાવતા ઉદ્યોગપતિ **શ્રી નવરતનભાઈ કંસારા**ની જોધપુર સ્થિત ઈન્ડસ્ટ્રી **'કંસારા બેરીંગ્સ લિ.'**ને વિશ્વભરની ૧૮૯૭ ચુનંદા ઈન્ડસ્ટ્રીઝમાં, ૨૦૦૭-૦૮ના ઔદ્યોગિક માપદંડો મુજબના પરફોર્મન્સ માટે માનભર્યું લિસ્ટીંગ મળ્યું છે. આ લીસ્ટીંગ ઈન્ડસ્ટ્રી - ૨.૦ જે ભારતની પ્રમુખ મેન્યુફેક્ચરીંગ ઓપરેશન્સ અને ટેક્નોલોજી, જે સીનીયર, નિર્ણાયકો અને એક્ઝીક્યુટીવ્સ માટે ઉપયોગી લખાણોની પ્રકાશન સંસ્થા છે, તેમના દ્વારા નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના ભારતના ૫૦૦ ઉત્પાદક યુનીટોમાં ૨૮૩મા નંબરે "કંસારા બેરીંગ્સ લિ."ને માનભર્યું સ્થાન મળ્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રે આ SMB એવોર્ડનું બહુમાન છે. આપણી જ્ઞાતિના આવા પ્રભાવી ઉદ્યોગપતિનું આપણને સહુને ગૌરવ છે.




કચ્છી મારૂ કંસારા સોની મંડળ - અમદાવાદ તેમજ જ્ઞાતિસેતુ વતી આવું માનભર્યું લિસ્ટીંગ મેળવવા બદલ શ્રી નવરતનભાઈ હાર્દિક અભિનંદન.

*— મુખ્ય તંત્રી*

**નારી તું નારાયણી**

# આપણા સમાજમાં સ્ત્રી નું સ્થાન

**સં. : સુધા એ બુધ્ધભટ્ટી**

ગત અંકમાં આપણે ઝવેરીલાલભાઇ બુધ્ધભટ્ટીના સ્ત્રીઓના સ્થાન વિશેના વિચારો જાણ્યા. આજે આપણે આપણા જ સમાજના ૭૬ વર્ષીય બુજર્ગ કે જેઓએ B.A. B.Ed. ડિગ્રી મેળવ્યા બાદ ૨૫ વર્ષ હાઇસ્કૂલમાં શિક્ષિકા તરીકે સેવા બજાવેલ. તેમજ અનેક સંસ્થાઓમાં સામાજીક કાર્યકર તરીકે સેવા આપેલ. પેન્સનર્સ એસોસિએશનના આજીવન સભ્ય તેમજ આપણી જ્ઞાતિમાં શિક્ષણ જગત સાથે સંકળાયેલ તદુપરાંત અખિલ કચ્છ શિક્ષણ સ્કોલરશિપ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે ઘણા સમય પોતાની સેવા આપેલ એવા વડીલ **શ્રી વેલુબેન ગોવિંદજી બુદ્ધભટ્ટી**ના "નારી તું નારાયણી" બાબતના મંતવ્યો તેમના મુખેથી સાંભળીએ.

***પ્ર. સાંપ્રત સમયમાં સ્ત્રીઓનું સ્થાન કેવું હોવું જોઇએ?***

આજના સમયમાં અને ખાસ આપણા સમાજમાં સ્ત્રીનું સ્થાન ઊંચુ હોવુ જોઇએ. સ્ત્રી પુરૂષ સમોવડી તો થઇ છે પરંતુ હજુ પણ સમાજમાંથી યોગ્ય પ્રોત્સાહન મળે તો સ્ત્રી સંકુચિતતા છોડી વધારે આગળ આવી શકે.

***પ્ર. સ્ત્રી ભ્રૂણ હત્યા વિષે આપનો શું અભિપ્રાય છે?***

'સ્ત્રીભ્રૂણ હત્યા' તો બિલકુલ જરૂરી નથી એ તો પાપનું કાર્ય કહેવાય. પુત્ર કે પુત્રી વચ્ચે ભેદ ના રખાય. 'શિશુ જન્મ' એક કુદરતી પ્રક્રિયા છે. આવી પ્રકૃતિદત્ત પ્રક્રિયામાં આવો માનવીય 'હસ્તક્ષેપ' અક્ષમ્ય ગણાય. તેની સંતુલીતા જળવાવી જોઇએ.

***પ્ર. હાલ વિભક્ત કુટુંબની ભાવના વધારે***

**વેલુબેન બુધ્ધભટ્ટી**



***જોવા મળે છે તો આપ સંયુક્ત કટુંબ વિશે કંઇ કહેશો?***

સંયુક્ત કુટુંબમાં આંતરીક ભાવનાનો વિકાસ થાય છે. સંપ, સલાહ, સહકાર જળવાઇ રહે છે અને લોકશાહી જેવું વાતાવરણ ઉપસ્થિત થાય છે. જો કે સંયુક્ત કુટુંબમાં "વિચાર સરણી" ની ભાવનામાં મતભેદ જોવા મળે છે. કારણ કે દિન-પ્રતિદિન શિક્ષણનો વ્યાપ વધતો જાય છે જેથી જુની પેઢી તેમજ નવી પેઢીના વિચારમાં ફરક પડે છે. પરંતુ આજની બહેનોએ તે સ્વીકારી 'લેટ ગો' ની ભાવના કેળવવી જોઇએ.

***પ્ર. આજે મહિલાઓને વધારે સ્વતંત્રતા મળી છે એ બાબતમાં આપના વિચારો જણાવશો?***

આજની મહિલાઓને સ્વતંત્રતા વધારે મળી છે જે સારૂં છે. પરંતુ એ સ્વતંત્રતાનો દુરપયોગ ના થવો જોઇએ. ઘણીવાર વધારે પડતી સ્વતંત્રતાથી સ્ત્રી સ્વચ્છંદી બની જાય છે જે "સ્ત્રી" માટે બિલકુલ યોગ્ય નથી.

***પ્ર. દરેક સ્ત્રીને તેના સ્થાનની એક મર્યાદા હોય છે ખરૂ ને? આપ શું કહેશો?***

સ્ત્રી આખરે એક સ્ત્રી જ છે. દરેક સ્ત્રી ને પોતાનું સ્ત્રી તરીકેનું ગૌરવ અને સમાજમાં તેના સ્થાનની સમજ હોવી જોઇએ. અને મર્યાદાની તો હોવી જ જોઇએ. તે ગમે તેટલી શિક્ષિત હોય, ઉચ્ચ પદે કાર્યરત હોય છતાં પણ તેની 'સ્ત્રી' તરીકેની આગવી વિશિષ્ટતા જાળવવી જ જોઇએ.

***પ્ર. તમે આટલા સમયથી શિક્ષણ જગત સાથે સંકળાયેલ છો તો આજની શિક્ષણ પદ્ધતિ વિશે આપનું શું મંતવ્ય છે?***

શિક્ષણમાં ટ્યુશનનો સખત વિરોધ કરતાં વેલુબેન જણાવે છે કે આજના શિક્ષકોમાં ટ્યુશનનું વ્યાપ વધારે જોવા મળે છે. પહેલા ટ્યુશન વિના પણ વિદ્યાર્થી સારૂ શિક્ષણ ગ્રહણ કરતાં અને સારૂં પરિણામ લાવતા. આજના ડિગ્રી ધારી વડીલ વર્ગ પહેલા ક્યાં ટ્યુશન કર્યું હતું. છતાં આજે પણ ટોચનું સ્થાન ધરાવે છે.

***પ્ર. "જ્ઞાતિસેતું" માં શરૂ કરેલ "નારી તું નારાયણી" કોલમમાં વડીલ વર્ગના જ મંતવ્યો લેવાનું નક્કી કરવામાં આવ્યું તે બાબતમાં આપ શું કહેશો?***

આજની યુવાપેઢી તો તેના વિચારોને વર્તમાનને લક્ષમાં રાખી રજૂ કરશે. પરંતુ વડીલવર્ગ તો ભૂતકાળ, વર્તમાન કાળ, તેમજ ભવિષ્ય ત્રણેયનું સમનવ્ય કરીને જ તેના વિચારો જણાવશે જેથી આજની પેઢીને ઘણું જાણવા મળશે. બહેન સુધાને આ કોલમ બદલ ખાસ અભિનંદન અને ઉત્તરોત્તર સેતુમાં આવી જ કોલમો રજૂ થતી રહે તેવી આશા. ■

## 'નારી હું...'

નારી હું, સન્નારી હું, શક્તિ સ્વરૂપ હું,
બેટી, બહેન, પત્ની ને મા સ્વરૂપ હું.... નારી હું.

ઘોડે ચડી, યુદ્ધ ખેલતી, રાણી લક્ષ્મીબાઇ હું,
લક્ષ્મી સ્વરૂપ, અન્નપૂર્ણા, રસોડાની રાણી હું.... નારી હું.

ખેતલિયે મજૂરી કરું, નોકરી-વહીવટ કરું હું,
દેશના શાસનની દોર સંભાળતી 'ઇન્દિરા' હું.... નારી હું.

સાઇકલ ચલાવું, ગાડી ચલાવું, વિમાન ઊડાડું હું,
અંતરીક્ષ યાનથી બ્રહ્માંડે વિખરાતી 'કલ્પના' હું....નારી હું.

મર્દોને જન્મ આપી, મર્દોની ગુલામ હું,
ક્યાં સુધી 'સીતા' બની, અગ્નિપરીક્ષા આપુ હું....નારી હું.

ક્યારેક દૂધ પીતી, દહેજમાં હોમાતી હું,
જનમ પહેલાં, ભ્રૂણ હત્યાથી નાશ પામતી હું....નારી હું.

*કવિ : સુરેશ બિજલાણી 'સુબી' - ભુજ*


॥ શ્રી ગણેશાય નમઃ ॥


॥ શ્રી વાંકલ ચામુંડા નમઃ ॥

પોમલ મેહુલ રમેશભાઈ 94288 96444
પોમલ રિતેશ રમેશભાઈ 99780 04455, 99741 54455

# માનસી સ્ટેશનર્સ

(જુના પુસ્તકોની લે-વેચ કરનાર)






અમારે ત્યાંથી સ્કુલ સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી મળશે.
તથા તમામ પ્રકારના બુક બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**સ્પોર્ટસ**

ક્રિકેટ બેટ, કેરમ, બેડમિન્ટન
તથા તમામ પ્રકારની રમત ગમતની આઈટમો









# માનસી મોબાઈલ શોપ

B.S.N.L. (D.S.A.)
ડાયરેક્ટ સેલીંગ એજન્ટ



| | |
|---|---|
| નવા મોબાઈલ | નોકિયા, સોની એરીક્સન, વોડાફોન, સેમસંગ, ટાટા |
| નવા સીમકાર્ડ | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા |
| રીચાર્જ કુપન | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા, રિલાયન્સ |

**દરેક પ્રકારની મોબાઈલ એસેસરીઝ મળશે**

નોંધ : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો માટે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

**Contact : Pomal Ritesh Rameshbhai - 99780 04455, 99741 54455**

અભિષેક કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.-૫, દેવળિયા નાકા, અંજાર (કચ્છ)

# સમાજની વિદ્યાર્થિનીઓ માટે અમદાવાદમાં 'આપણું ઘર', પ્રવેશ-પ્રતિષ્ઠા સંપન્ન

**— હંસરાજ કંસારા**

અમદાવાદના હૃદયસમા કેન્દ્ર વિસ્તાર નવરંગપુરામાં ૩ મે, ૨૦૦૯ના શુભ દિને શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખશ્રી તેમજ હોદ્દેદારો તથા કચ્છના વિવિધ વિસ્તારોમાંથી પધારેલા માન્યવર વડીલ મહાજનોની ઉપસ્થિતિમાં મારૂ કંસારા સોની જ્ઞાતિની વિદ્યાર્થિનીઓ માટે, અમદાવાદમાં રહેવા માટેના 'આપણા ઘર'ની પ્રવેશ પ્રતિષ્ઠા થઈ. મુ.શ્રી પ્રભુદાસભાઈ અને સૌ. સાવિત્રીબેનના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય તેમજ ગણેશ - સરસ્વતી વંદના સાથે, શિક્ષણ ક્ષેત્રે અત્યંત મહત્વની આ વ્યવસ્થાનો પ્રારંભ થયો.

અમદાવાદ જ્ઞાતિની આ પહેલને બિરદાવતાં, પ્રભુદાસભાઈએ મહામંડળ વતી તેમજ પોતાની વ્યક્તિગત રીતે પણ આ પ્રોજેક્ટના યોગ્ય વિકાસ માટે યોગદાન આપવાની ખાતરી આપી. ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીએ અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા પ્રાયોજીત સુવિધાના આયોજનની મુક્ત કંઠે પ્રસંશા કરતા કહ્યું કે આવી જ રીતે, કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાંથી ભુજ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓ માટે આવી સુવિધાની આવશ્યક્તા છે, તેના પ્રત્યે નિર્દેશ કર્યો.

જ્ઞાતિના પૂર્વ પ્રમુખ અને મહામંડળની સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી અમૃતલાલભાઈ સોલંકીએ પૂર્ણ સુવિધાયુક્ત અને યોગ્ય સ્થળે થયેલી 'આપણા ઘર'ની વ્યવસ્થા પ્રત્યે એમનો પૂર્ણ સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે, અત્યાર સુધી કચ્છના કેટલાક વડીલો જેઓ પોતાની દીકરીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે બહાર મોકલવા અચકાતા હતા, તેઓ પણ હવે એમની દીકરીઓને અમદાવાદ મોકલવા પ્રોત્સાહિત થશે. શ્રી અમૃતલાલભાઈએ એવું સૂચન કર્યું કે આપણી જ્ઞાતિમાં કન્યા કેળવણીનું પ્રમાણ તો ઉત્સાહજનક છે, પરંતુ તરૂણોમાં વધુ અભ્યાસ માટે ઉત્સાહ નથી. આ યુવાપેઢી માટે પણ ઉચ્ચ ભણતર એટલું જ, કદાચ વધુ આવશ્યક છે. એટલે એમના માટે પણ આવી રહેવાની વ્યવસ્થાનો વિચાર કરવો ઘટે.

મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોનીએ અમદાવાદ ખાતે થયેલી આ સુવિધાની પ્રશંસા કરતા કહ્યું કે અમદાવાદ મંડળે, ખૂબ જ હિંમતભર્યું કામ કર્યું છે કારણકે આવું કાર્ય હાથ પર લઈને તેને નિભાવવાની જવાબદારી સ્વિકારવાનું સહેલું નથી.

ભુજ મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી તેમજ જયશ્રીબેન પરમાર અને સુધાબેન બુધ્ધભટ્ટીએ એકી અવાજે એમની બહેનો માટે અમદાવાદ જ્ઞાતિ મંડળે, જે હુંફાળી અને સર્વ રીતે અનુકૂળ અને સુરક્ષિત સુવિધા ઉપલબ્ધ કરી છે તેની મુક્તકંઠે પ્રશંશા કરી. સાથે સાથે, એમણે બાળાઓને અહીં રહેવા માટે થનાર ખર્ચ અને નિયમો વિશે પૂરતી માહિતી પ્રસારિત કરવા અનુરોધ કર્યો.

મહામંડળ ફાઈનાન્સ કમિટીના અધ્યક્ષ અને ખજાનચી શ્રી ચંદુભાઈ ચનાણીએ પણ રહેણાક ખર્ચ તેમજ નિયમો બાબતે સ્પષ્ટ નિર્દેશોની આવશ્યક્તા પર ભાર મૂક્યો. માંડવી જ્ઞાતિના પ્રમુખ શ્રી વિનોદભાઈ તેમજ અન્ય આમંત્રિત મહેમાનોએ, અમદાવાદમાં 'આપણું ઘર' ઊભું કરવા બદલ અમદાવાદ જ્ઞાતિ મંડળને હાર્દિક અભિનંદન આપ્યા.

કાર્યક્રમના આરંભે પધારેલ અન્ય આમંત્રિતોમાં બૃહદ્ અમદાવાદ કચ્છી સમાજના ટ્રસ્ટીઓ અને ઉપપ્રમુખો સર્વશ્રી ધીરજભાઈ સોમપુરા, મનુભાઈ શાહ અને કરશનભાઈ પટેલ તેમજ જૈન સમાજના પ્રમુખ અને કચ્છી સમાજના ટ્રસ્ટી શ્રી અશોક મહેતાએ, બહારથી અભ્યાસ અર્થે અમદાવાદ આવતી બાળાઓ માટે શૈક્ષણિક સંસ્થાઓની નજીક અને સુરક્ષિત એવી આ સુવિધા જોઈ સંતોષ વ્યક્ત કર્યો અને જ્ઞાતિ મંડળને અભિનંદન આપ્યા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી મનસુખભાઈ પટેલ અને મુંબઈ જ્ઞાતિમંડળ પ્રમુખ શ્રી બાબુભાઈ સોનીએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. અન્ય શુભેચ્છા સંદેશમાં અંજાર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શાંતાબેન બારમેડાએ જ્ઞાતિ બાળાઓ માટે અમદાવાદમાં થયેલી સુવિધા બદલ હર્ષ અભિવ્યક્તિ સાથે, મહિલા મંડળ તરફથી શુભેચ્છા ભેટ રૂપે રૂ. ૫૦૧/- મોકલ્યા, જેનો સમિતિએ સાભાર સ્વીકાર કર્યો.

આ પ્રસંગે કોઠારા પ્રમુખ શ્રી ચુનીલાલ પોમલ, નલીયાના શ્રી હંસરાજભાઈ, વડોદરાના સોની ચમનલાલ બારમેડા, અંજારના રાજેશભાઈ વીસા પરમાર, જામનગરના શ્રી કિશોરભાઈ ભુત, ગાંધીધામ જ્ઞાતિ પ્રમુખ શ્રી બગ્ગા, કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા, રાજકોટના શ્રી કાંતિભાઈ હેડાઉ, અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ, મહામંડળના ઉપપ્રમુખ શ્રી હરીલાલભાઈ - અંજાર વિ. એ શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા.

કાર્યક્રમના આરંભે, અમદાવાદ જ્ઞાતિમંડળના મંત્રી શ્રી અતુલ સોનીએ જણાવ્યું કે આ સ્વયં નિર્ભર સુવિધા, જ્ઞાતિ મંડળના સંનિષ્ઠ કાર્યકરોની સમર્પિત ભાવનાની ફળશ્રુતિ છે. તેમણે સમસ્ત પ્રક્રિયાનું બયાન કરતા જણાવ્યું કે અહીં અભ્યાસ અર્થે બહારથી આવતી બાળાઓને સમસ્ત જ્ઞાતિ સમાજની "હૂંફ" મળે, એમને પોતાના ઘર જેવું લાગે અને પોતાની જ બહેનો સાથે રહેવાનું મળે, તે આ સુવિધા ઉપલબ્ધ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

જ્ઞાતિ મંડળ પ્રમુખ શ્રી મનુભાઈ કોટડિયાએ એમના વક્તવ્યમાં આવું સરસ મકાન મેળવવા માટેના શ્રી જયમીન સોનીના સંપર્કો અને પ્રયાસો તેમજ એને સુવિધાજનક બનાવવામાં શ્રી ગીરીશભાઈ સોની સાથે અન્ય સહકાર્યકરો સતીષ બુધ્ધભટ્ટી વિ. ની જહેમતની સરાહના કરી.

અમદાવાદ જ્ઞાતિના પૂર્વપ્રમુખ શ્રી તુલસીદાસભાઈએ કહ્યું કે, અમદાવાદ જ્ઞાતિ મંડળની સ્થાપના થઈ ત્યારબાદના ત્રણ **વામન કદમ** એટલે કે **પરિવાર પુસ્તિકા પ્રકાશન, જ્ઞાતિ સેતુ સામયિક પ્રકાશન**

અને હવે બહારથી અભ્યાસ અર્થે આવતી જ્ઞાતિ બાળાઓ માટેનું આ **'આપણું ઘર'**ની સુવિધા, ની વિકાસ પ્રક્રિયા જોતાં સ્પષ્ટ થાય છે કે જ્ઞાતિ વડીલોની આર્ષદૃષ્ટિ જ્ઞાતિ હોદ્દેદારોની એ દૃષ્ટિને મૂર્ત સ્વરૂપ આપવાની આયોજન કુશળતા અને કાર્યદક્ષતા તેમજ જ્ઞાતિના યુવા કાર્યકરોની સમર્પિત ભાવના સાથે ખડે પગે કાર્ય કરવાની તૈયારીનું પરિણામ છે.

'સેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજ કંસારાએ કહ્યું કે, અમદાવાદ જ્ઞાતિ મંડળ પ્રાયોજીત પ્રત્યેક સમસ્ત સમાજલક્ષી કાર્યો પાછળ સમસ્ત કચ્છના સુજ્ઞ વડીલ આગેવાનો અને ઉદાર શ્રેષ્ઠીઓનું પ્રોત્સાહક પીઠબળ છે, જે અમદાવાદનું સૌભાગ્ય છે. એમણે વધુમાં કહ્યું કે જ્ઞાતિની એવી બાળાઓ કે જે અભ્યાસમાં તેજસ્વી હોય પરંતુ એમની પારિવારિક આર્થિક સ્થિતિ, બાળાઓના અમદાવાદ રહેણાકનો ખર્ચ વહન કરવા સક્ષમ ન હોય તેમજ સ્થાનિક ઉપલબ્ધ ન હોય તેવા વિશેષ અભ્યાસક્રમ માટે અમદાવાદ રહેવું આવશ્યક હોય તેવી બાળાઓને મેરીટ કમ મિન્સ આધારે, જે તે સ્થળના જ્ઞાતિ પ્રમુખની ભલામણે, પૂર્ણ અથવા આંશિક અનુદાન આપવા અંગે પણ વિચાર કર્યો છે.

વધુમાં, મહામંડળ પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશીભાઈ સોની, તેમજ ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીએ ઉપલબ્ધ સુવિધાનું બારીકીથી નિરીક્ષણ કર્યું અને 'આપણું ઘર'માં બાળાઓના ઉપયોગ હેતુ ખૂટતી વ્યવસ્થા, એમના સૌજન્યથી વસાવી લેવા સૂચન કર્યું. આ ઉદાર ઑફરનો જ્ઞાતિ પ્રમુખશ્રી મનુભાઈએ સાભાર સ્વિકાર કર્યો. અંતમાં, અમદાવાદ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ, મહેમાનોએ અત્રે પધારી, આ પ્રવૃત્તિને બિરદાવી તે બદલ આભાર માન્યો અને 'આપણું ઘર'માં તૈયાર થયેલા ભોજનનો સહુએ આનંદ માણ્યો.■

## અમદાવાદ ગર્લ્સ હોસ્ટેલ માટે શિષ્યવૃત્તિ યોજના

જ્ઞાતિની તેજસ્વી વિદ્યાર્થીની સ્થાનિક ઉપલબ્ધ ન હોય તેવા ઉચ્ચ શિક્ષણના કોર્ષ માટે અમદાવાદમાં રહી અભ્યાસ કરવા માંગતી હોય, પણ પરિવાર તે માટે આર્થિક રીતે સક્ષમ ન હોય તેવી વિદ્યાર્થિનીઓના અમદાવાદ હોસ્ટેલ ખર્ચ માટે સંપૂર્ણ / આંશિક શિષ્યવૃત્તિ આપવા અંગે આયોજન કરવામાં આવેલ છે. વિદ્યાર્થિનીના વાર્ષિક હોસ્ટેલ ફી રૂા. ૧૮,૦૦૦/- જેટલી થાય છે. સમાજના કોઈ દાતા, આવી વિદ્યાર્થિની માટે સંપૂર્ણ ૧૦૦% રકમ અથવા આંશિક રકમ (૫૦%) શિષ્યવૃત્તિ સ્પોન્સર કરી શકે છે. ઉચ્ચ શિક્ષણના પ્રોત્સાહન માટે સમાજના શ્રેષ્ઠીઓ શિષ્યવૃત્તિ દાન આપવા જરૂર આગળ આવશે તેવી આશા છે.

હાલમાં આ યોજના હેઠળ બે વિદ્યાર્થિનીઓના એક વર્ષ માટે આંશિક સ્પોન્સરશીપ નીચે મુજબ જાહેર કરવામાં આવેલ છે, જેનો સાભાર સ્વીકાર છે.

**(૧) સ્વ. જયાબેન કાંતિલાલ બારમેડાના સ્મરણાર્થે હ. રાજેન્દ્ર કાંતિલાલ સોની (અમદાવાદ) તરફથી**

**(૨) સોની જયમીન જેઠાલાલ - અમદાવાદ તરફથી.**

ઉપરોક્ત યોજના માટે શિષ્યવૃત્તિ આપવા ઈચ્છતા દાતાઓને પ્રમુખશ્રી - અમદાવાદ જ્ઞાતિનો સંપર્ક કરવા વિનંતી છે. શિષ્યવૃત્તિ મેળવવા ઈચ્છતી વિદ્યાર્થિનીની સ્થાનિક જ્ઞાતિ પ્રમુખશ્રીની ભલામણ સાથે નીચેના સરનામે અરજી કરવાની રહેશે. મેરીટ કમ મીન્સ એટલે કે ગુણવત્તા તથા જરૂરિયાતના આધારે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ સ્પોન્સરશીપ માટે વિદ્યાર્થિનીઓની પસંદગી કરવામાં આવશે અને આ બાબતે અમદાવાદ જ્ઞાતિ પ્રમુખનો નિર્ણય આખરી ગણાશે.

આશા છે, જ્ઞાતિના શ્રેષ્ઠીઓના સહકારથી શરૂ થનાર આ યોજના વિદ્યાર્થિનીઓના ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહનરૂપ બની રહેશે.

*ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ / શિષ્યવૃત્તિ બાબતે સંપર્ક સુત્ર :*

**શ્રી જયમીનભાઈ સોની** (કન્વીનર - હોસ્ટેલ સમિતિ)
જે. જે. જ્વેલર્સ, સુપર મોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ.
ફોન : ૦૭૯-૬૬૬૧૧૩૨૨ ● મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦

**અતુલ સોની**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ



દીપ પ્રાગટ્ય કરતા
મુ. શ્રી પ્રભુદાસભાઈ અને સૌ. સાવિત્રીબેન



દીપ પ્રાગટ્ય
ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી



આમંત્રિત મહાનુભાવો




માહિતી આપતા શ્રી અતુલભાઈ સોની

# અમદાવાદમાં આપણું ઘર

## કચ્છ તેમજ અન્ય સ્થળોએથી, અભ્યાસ અર્થે અમદાવાદ આવતી
## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિની બાળાઓ માટે રહેણાંકની વ્યવસ્થાનું આયોજન

અમદાવાદમાં વ્યાપાર ઉદ્યોગ વૃધ્ધિ સાથે વિવિધ પ્રકારના આધુનિક પ્રોફેશનલ તાલીમ શિક્ષણ સંસ્થાઓની પણ વૃધ્ધિ થઇ છે. પરિણામે, ગુજરાત તેમજ અન્ય પ્રદેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં ટૂંકા કે લાંબાગાળા માટે અભ્યાસ હેતુ આવે છે. આવા વિદ્યાર્થીઓની સહુથી મોટી સમસ્યા હોસ્ટેલની છે. શહેરના પ્રમુખ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને નાના નાના ગ્રુપ માં રહેવા છતાં સાધારણ રહેણાંક માટે પણ સરેરાશ માસિક રૂા. ૨,૦૦૦/- ની લાગત ભોગવવી પડે છે. મહિલાઓ માટે તો આ સમસ્યા વધુ ગંભીર છે. પરિણામે અનેક બાળાઓ વધુ અભ્યાસ માટે અહીં ઇચ્છા છતાં આવી શકતી નથી.

આ સમસ્યાના હાલ પૂરતા સમાધાન હેતુ જ્ઞાતિ મંડળ- અમદાવાદ દ્વારા અમદાવાદની મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ કેન્દ્રવર્તી સ્થળ- યુનિવર્સિટી એરીયા, નવરંગપુરામાં ચાર રૂમ રસોડું વિ. ધરાવતું એક ઘર ભાડે રાખવામાં આવ્યું છે. આ ઘરમાં, અહીં આવતી બાળાઓને રહેવા માટેની બધી જ આવશ્યક સગવડો વસાવવામાં આવી છે. મકાનના કમ્પાઉન્ડમાં સ્કુટર-કાર પાર્કિંગ તેમજ સોસાયટી સંચાલિત ચોકીદાર, સફાઇ આદિ સર્વે વ્યવસ્થા ઉપલબ્ધ છે. અહીં રહેનારી બાળાઓને યુનિવર્સિટી તેમજ અન્ય શૈક્ષણિક વાતાવરણ મળી રહેશે.

આ સુવિધા માત્ર બહારથી અમદાવાદ શિક્ષણ-હેતુ આવતી આપણી જ્ઞાતિની વિદ્યાર્થિનીઓની સગવડ માટે છે.

બહુ ટુંકા ગાળાની તાલીમ, ઈન્ટરવ્યુ આદિ માટે થોડા દિવસ રહેવું હોય તેવી બહેનો પણ સ્થળ ઉપલબ્ધિ અનુસાર **'આપણાં ઘર'**ના આદરણીય અતિથિ તરીકે અહીં રહી શકે છે. આવા ટુંકા ગાળાના રોકાણ માટે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં.

***'આપણું ઘર'નું સરનામું :***

ઈ/૨, ટેરેસ એપાર્ટમેન્ટ, કોમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ

***ફોર્મ, નિયમ તેમજ અન્ય માહિતી માટે સંપર્ક સુત્ર : જયમીન સોની***

જે. જે. જ્વેલર્સ, સુપર મોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૬૧૧૩૨૨ • મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦

***અતુલ સોની - માનદ્ મંત્રી***

## 'આપણું ઘર'ની નજીકમાં આવેલ પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓ

૧. ગુજરાત યુનિવર્સિટી
૨. સેપ્ટ યુનિવર્સિટી
૩. એચ.એલ. કોમર્સ કોલેજ
૪. એમ.જી. સાયન્સ કોલેજ
૫. સેન્ટ ઝેવિયર્સ કોલેજ
૬. ગુજરાત લો સોસાયટી કોલેજ
૭. એલ.એમ. ફાર્મસી કોલેજ
૮. કોમ્યુનીટી સાયન્સ સેન્ટર
૯. સોમ લલીત કોલેજ
૧૦. હઠીસિંગ આર્ટ ગેલેરી
૧૧. એલ.ડી. આર્ટસ કોલેજ
૧૨. પી.ટી.સી. કોલેજ
૧૩. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર
૧૪. એ.ઈ.સી. કોમ્પ્યુટર ઈન્સ્ટીટ્યુટ
૧૫. બી.બી.એ. કોલેજ
૧૬. એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ
૧૭. એ.જી. સ્કુલ
૧૮. એન. આર. સ્કુલ
૧૯. જી.એલ.એસ. સ્કુલ
૨૦. એસ.એમ.પી.ટી. કોલેજ

આ ઉપરાંત શહેરની કોઈપણ કોલેજમાં જવા આવવા માટે બસ સેવા ખૂબ નજદીકમાં ઉપલબ્ધ છે.

***સંકલન : ગીરીશ સોની, સતીષ બુધ્ધભટ્ટી***

## સાભાર સ્વીકાર

'આપણું ઘર' સુવિધા માટે નીચે મુજબ દાન પ્રાપ્ત થયેલ છે, જેનો સાભાર સ્વીકાર કરેલ છે.

૧. સ્ટીલના પલંગ નંગ-૧૦
ગં.સ્વ. મણિબેન બેચરલાલ બગ્ગા (નખત્રાણા) તરફથી.
૨. ગાદલા તથા ઓશીકા સેટ નંગ-૧૦
સ્વ. વિઠ્ઠલદાસ ટી. કોટડીયા (અમદાવાદ) તરફથી
૩. રૂા. ૫૦૧/- શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - અંજાર તરફથી.

***મનુભાઈ કોટડીયા - પ્રમુખ***

# યુવા શક્તિ

**વિદુલા મનોજ બારમેડા - ભુજ**

સામાન્ય રીતે વડીલોને ક્યાંક ને ક્યાંક આજના યુવાનો સામે તેની જીવન શૈલી પ્રત્યે વિચારભેદ જોવા મળે છે. પરંતુ સમય પરિવર્તન સાથે જીવનશૈલીમાં બદલાવ આવવો એ એક અનિવાર્ય સામાજીક પ્રક્રિયા છે. અલબત્ત, વડીલોના અનુભવો અને માનવજીવનને વધુ સાર્થક રીતે જીવવાની તેઓની દૃષ્ટિ યુવાનોને પ્રેરણારૂપ બને તે અપેક્ષિત છે. પરંતુ આ માટે યુવાનોને તેના સર્વાંગી વિકાસ અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહિત કરવાની જરૂર છે. યુવાનોને જ્યાં જ્યાં તકો મળે છે ત્યાં ત્યાં પોતાની યુવાશક્તિ શ્રેષ્ઠતમ માનવીય ઉપયોગ તેઓ કરે છે. તે બાબત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. આદ્યશક્તિની આરાધનાનું પર્વ નવરાત્રી સમયે કચ્છના માર્ગો માતાના મઢે દર્શનાર્થે જતા પદયાત્રીઓથી ઉભરાતા હોય છે. આવા સમયે ઠેર-ઠેર યાત્રીકોની સેવાઓના કેમ્પો જોવા મળે છે. આવા સેવાયજ્ઞોમાં નજર કરીશું તો ખ્યાલ આવશે કે મોટા ભાગે યુવાનો તેમાં ખડે પગે યાત્રીકોની સેવાઓમાં પ્રવૃત્ત હોય છે. યાત્રીકોને ચા-નાસ્તો આપવો, પીરસવું, તેમના પગને માલીશ કરી આપવી વગેરે સેવાકાર્યો યુવાનો કોઇપણ પ્રકારની નાનમ અનુભવ્યા વિના કરતા જોવા મળે છે. ક્યાંક કોઇ સંસ્થા દ્વારા દર્દીઓ માટેના મેડીકલ કેમ્પના આયોજન થતાં હોય છે, તેમાં પણ વિદ્યાર્થીઓ અને યુવાનો દિવસ-રાત કાબિલેદાદ સેવા કરતા જોવા મળે છે. આ યુવાનોને કોઇપણ રચનાત્મક પ્રવૃત્તિમાં જોડવામાં આવે તો તેઓ તેમાં ઓતપ્રોત થઇને પોતાનું કૌશલ્ય પ્રસ્થાપિત કરવા તત્પર બને છે અને તેમાંથી સમાજને ઉપયોગી કંઇકને કંઇક પ્રવૃત્તિઓનો આર્વિભાવ થતો હોય છે. આ બધી બાબતોનો સાર એટલો જ કે વિદ્યાર્થીઓ અને યુવાનોને માત્ર ઉપદેશ નહીં પરંતુ પ્રોત્સાહન આપીને, તેની પીઠ થાબડીને માર્ગદર્શન આપવામાં આવે તે જરૂરી છે. આમ થશે તો યુવાશક્તિ સામજીક ઉત્થાન અને રાષ્ટ્ર વિકાસમાં પણ તેનો ઉમદા ફાળો આપી શકશે. આ માટે સૌથી વધુ મહત્ત્વનો સમય હોય તો તે ઉનાળું વેકેશનનો છે. આ સમયમાં વિવિધ પ્રકારની સર્જનાત્મક કામગીરી હાથ ધરીને તેમાં તેઓને જોડવામાં આવે તો ઉમદા પરિણામો મળી શકે તેમ છે. આ માટે તાલીમ શિબિરો, અન્ય સર્જનાત્મક કામગીરી અને તેની આનુસંગિક પ્રવૃત્તિઓ વધુને વધુ હાથ ધરાય તો યુવાશક્તિને વિકાસની વધુ તકો મળશે અને સર્જનાત્મક માર્ગે સમાજના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થઇ શકશે. ■

# તેજસ્વી નવી પેઢીના શૈક્ષણિક વિકાસ માટે દાતાઓને વિનમ્ર અપીલ

**સોની દિનેશકુમાર જેઠાલાલ, તલોદ (મો. ૯૪૨૬૪૪૮૫૯૭)**

આપણા સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવી છે એ જોઇ શકાય છે. આપણા સંતાનોને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવા આપણા સમાજ દ્વારા સરસ્વતી સત્કાર સમારંભો યોજી એમને પુરસ્કાર ભેટ અપાય છે તે આનંદની વાત છે. પરંતુ માત્ર ભેટ કે પુરસ્કાર આપી સંતોષ માની લેવો ન જોઇએ. ઘણાં કુંટુબના બાળકો આર્થિક નબળી પરિસ્થિતિને કારણે આગળ વધી શકતા નથી. આવા, ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં બાળકો ઉચ્ચકક્ષા સુધી આગળ વધે તે માટે આપણે બધાએ સાથે મળી મદદરૂપ થવું જોઇએ. કારણ આજે શિક્ષણ અતિ ખર્ચાળ બની ગયું છે. સામાન્ય માવતરોની શક્તિ બહારની વાત બની ગઇ છે. તો આપણા સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, બુદ્ધિજીવીઓ, સર્વને નમ્ર અરજ છે કે જે બાળક તેજસ્વી હોય, આગળ વધવાની ક્ષમતા ધરાવતું હોય, એ કોઇ આર્થિક સંકડામણ કે કોઇ સામાજિક કારણસર પોતાનું ભવિષ્ય મુરઝાતું હોય ત્યારે એને યોગ્ય મદદ કરી એનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશો.

વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન છે. આપ આપના શહેરમાં જ્ઞાતિલેવલે કે આપને ઇશ્વરે શક્તિ આપી હોય તો વ્યક્તિ લેવલે એક કે બે બાળકોના અભ્યાસ માટે દાતા બનશો તો એ બાળક આગળ વધી વટવૃક્ષ બની સમાજના બીજા અનેક બાળકોને મદદરૂપ થશે. આપ આપની ક્ષમતા અનુસાર આપણા સમાજમાં બાળકોના ઉચ્ચ શિક્ષણક્ષેત્રે યોગદાન આપશો અને સુવર્ણ સમાજની રચના કરવામાં મદદરૂપ થશો તેવી શ્રદ્ધા છે.

ઇશ્વરે આપને લક્ષ્મી, જ્ઞાન, શિક્ષણ કે વિશાળ ક્ષેત્ર આપ્યું હોય તો એ પ્રમાણે, આપણે પણ એક થઇ આપણાં બાળકોને મદદરૂપ થવા કટિબદ્ધ થઇએ.

બીજું આપ આપની શક્તિ મુજબ યોગદાન આપવા ઇચ્છા ધરાવતા હો તો આપના મનની વાત આપ જ્ઞાતિ સંસ્થાના હોદ્દેદારોને કહો. આપ આપના વિસ્તારમાં આજુબાજુના નાનામોટા ગામોને આવરી લઇ એક નવી કમિટી બનાવી શકો છો. તે અંગે અમોને તલોદ મુકામે જાણ કરો તો તેજસ્વી વિદ્યાર્થીનો બાયોડેટ આપને જણાવીશું તેમાં આપ શક્ય જે પ્રકારે જેટલી મદદ કરવા ઇચ્છતા હો તેની જાણ કરી શકો છો.

આજના આપણા સમાજને સંકટ સમયમાંથી ઉગારવા માટે ઉચ્ચશિક્ષણ એ જ આધાર છે. તો મારા ભદ્ર સમાજને નમ્ર વિનંતી કે આપણા સમાજના ઊગતાં ફૂલ કોઇ આર્થિક, સામાજિક કે કોઇ ભયથી ખીલતા પહેલા કરમાઇ ન જાય એનો ખ્યાલ રાખી મદદરૂપ થવા વિનંતી.

આપ વિવિધ પ્રકારે અનેક રીતે સમાજને, દેશને, જ્ઞાતિને દાન આપો છો. વિશાળ મંદિરો બનાવડાવો છો. બધી રીતે મદદરૂપ થાવ છો તો આ વિદ્યાદાન એવું દાન છે, કે એ અજર-અમર અને અનેક પેઢીઓને તારણહાર બની રહેશે. સમાજને જરૂર છે શિક્ષણની અને આવા ઉચ્ચ શિક્ષણ લેવા માટે સક્ષમ બાળકોને જરૂર છે - આપ જેવા દાનવીરોની. ■

*અમદાવાદના આંગણે 'આપણું ઘર', વિદ્યાદાન માટે આપે અવસર.*

# સાંપ્રત સમયમાં ભારતીય નારીની ભૂમિકા

**કાંતિભાઈ નાનાભાઈ બારમેડા - ભુજ**

- **પરીણિત :-**

*અ. કુટુંબ પ્રત્યેની ભૂમિકામાં*

૧. આર્થિક સ્થિતિ સામાન્ય કે નબળી હોય તો પતિને અર્થ ઉપાર્જનમાં શક્તિ પ્રમાણે મદદરૂપ થવું.

૨. કુટુંબના અન્ય સભ્યો પ્રત્યે સાચી લાગણી ધરાવવી.


૩. વ્યવહારિક કુશળતા પૂર્વક સંબંધો અને પ્રસંગો જાળવવા.

૪. ધાર્મિક શ્રદ્ધા અને કાર્યેષુ મંત્રી, ભોજનેષુ માતા, શયનેષુ રંભા થવા શક્ય પ્રયત્નો.

૫. બાળઉછેર ઇત્યાદી

- **અપરીણિત :-**

૧. પગભર થવું



૨. માવિત્ર અને ભાઇ બહેનો સાથે રહેતા હોય તેવા સંજોગોમાં કુટુંબ હિતાર્થે શક્ય મદદરૂપ થવા ઉપરાંત કુટુંબના વયસ્ક સભ્યોને વણમાગી સલાહ આપવાથી દૂર રહેવું. કુટુંબની ઈજ્જત આબરૂને અનુરૂપ વર્તન રાખવું.

૩. સ્વતંત્ર રહેતી હોય તો, શિક્ષણ, સેવા અને સ્વ-ઉત્કર્ષ બાબતે તેમના કળા, વાંચન, લેખન વિ. માં મળતા સમયનો સદુપયોગ કરવો. ચારિત્ર્ય અને નૈતિકતાથી જીવવા પ્રયત્નો કરવા વિ.

ઉપર મુજબ સમાજ અને રાષ્ટ્ર માટે જે કાંઇ પણ શક્ય હોય તેટલું તમામ શક્તિ અને સામર્થ્ય મુજબ દરેક ક્ષેત્રે ઉપયોગી થવાનો અભિગમ અત્યંત જરૂરી છે.

ટૂંકમાં સેવા અને ધર્મનાં અનેક ક્ષેત્રો અને વિવિધ પાસાઓ છે તે પૈકી કોઇપણ એક ક્ષેત્રનાં એકાદ પાસાને સમર્પિત ભાવથી અપનાવવાનો અભિગમ કેળવવો.

સ્ત્રી શક્તિ સ્વરૂપ છે. શક્તિ વગર કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર ટકી શકે નહિ, ઉન્નતિ કરી શકે નહિ. સમય શક્તિનો આવ્યો છે. અને આ સમય નારી પાસે પોતાનો શક્તિ સ્વરૂપનો સાચો પરિચય આપવાનો છે. ■

# આપણા સમાજની ગામડાની બહેનો

**જયેન્દ્ર અનિલ સોની - ભુજ**

આધુનિક યુગમાં આપણી જ્ઞાતિની ભણેલી બહેનો આપણા સમાજ માટે દરેક કાર્ય સરળતાથી કરે છે. આ બહેનોએ શક્ય હોય તો સમાજ / જ્ઞાતિ માટે પણ આગળ આવી કાર્ય કરવું જોઇએ અને કરે પણ છે. પરંતુ આજે વાત કરવી છે ખાસ ગામડાની બહેનો વિશે. કોઠારા જેવા નાનકડા ગામમાં રહીને પણ આપણી બહેનો સમાજને એકત્રિત કરી સામાજીક પ્રવૃત્તિઓ કરે છે. એમાંના બે બહેન છે નિરક્ષર મંજુલાબેન મોહનભાઇ સોની અને શાંતાબેન પ્રતાપભાઇ સોની. આ બન્ને મહિલાઓ કોઠારામાં દર ૧૫ દિવસે સોમવારે ભજન જેવી પ્રવૃત્તિઓ કરે છે. શક્ય એટલો ફંડ ફાળો પણ એકત્રિત કરે છે અને આ બહેનોને, ચંપાબેન, તારાબેન, હેમલતાબેન, દિવાળીબેન, કુંદનબેન અને મંજુલાબેન જેવી જ્ઞાતિની જ ઉત્સાહી બહેનો સાથ આપે છે.

આપને કદાચ આશ્ચર્ય થાય કે બહેનોના આ જૂથના નેતા પાસે વિધિવતનું ભણતર નથી પરંતુ ગજબનું ગણતર છે અને એટલે જ તેઓ સક્રિય રીતે કાર્ય કરી શકે છે. આવી ગ્રામ્ય ક્ષેત્રે સમાજ-હિત કાર્યરત બહેનોની આપણા સમાજ દ્વારા ઓળખ થાય તે માટે જાહેર કાર્યક્રમ દરમ્યાન સરાહના કરવી જોઇએ. સમાજ દ્વારા સન્માન એમનું આત્મસન્માન વધારશે અને બીજી બહેનોમાં પણ એવી જ ભાવના જાગૃત થશે.

નિરંતર ભક્તિ, સામાજીક સમજ અને નિખાલસતા સભર મંજુલાબેન અભણ નહિ પણ ભણેલી પણ નહિ પણ ગણેલી છે એમ તો ચોક્કસ કહી શકાય.

તેથી અંતમાં એટલું જ કહીશ કે "નારી તું નારાયણી" ■

# વિરડો

*જીવનમાં વન છે ને મરણમાં રણ છે.*
*જીવનના વનમાં કંટક કે દાવાનળ ચાલશે...*
*પણ*
*હે પ્રભુ! મરણના રણમાં વિરડો એક હરિયાળા હાસ્યનો હોય.*

***– લતા સોલંકી, ભુજ***

# મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## ભુજ જ્ઞાતિ પ્રમુખપદે શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણીની વરણી

તાજેતરમાં, ભુજ જ્ઞાતિ ટ્રસ્ટની કારોબારી સમિતિની સમયાવધિ પૂરી થતાં, ગત માસે, મળેલી સામાન્ય સભામાં શ્રી કિશોરભાઈની સર્વાનુમતે પ્રમુખપદે વરણી થઈ છે. શ્રી કિશોરભાઈ, ભુજ જ્ઞાતિ સમાજનાં કાર્યો સાથે વર્ષોથી સંકળાયેલા છે. એમની સમર્પિત ભાવનાસભર સેવાઓ સર્વવિદીત છે.

તેઓશ્રી આપણા સમસ્ત સમાજના જ્ઞાતિ શિરોમણી અને શ્રેષ્ઠી શ્રી જટુભાઈ વેલજીભાઈ ચનાણીના જયેષ્ઠ સુપુત્ર છે. ૨ ડિસેમ્બર, ૧૯૫૨ના રોજ ભુજ ખાતે એમનો જન્મ થયો. એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂરો કરી તેઓશ્રી એમના પરિવારની આશરે એક સૈકા જૂની અને સમસ્ત કચ્છમાં જાણીતી 'શ્રી વેલજી આણંદજી'ની પેઢીનો કાર્યભાર એમના પિતાશ્રી જટુભાઈના માર્ગદર્શન અને લઘુબંધુ શ્રી ચંદુભાઈ સાથે સંભાળ્યો. એમના સમયાનુસાર પ્રગતિશીલ વલણથી, એમની પરંપરાગત પેઢીનો આધુનિક સ્વરૂપે ખૂબ જ



વિકાસ કર્યો, જેમાં હવે એમના બંને સુપુત્રો ઉચ્ચ અભ્યાસ પૂરો કરી જોડાયા છે.

હાલે ૫૬ વર્ષના શ્રી કિશોરભાઈ, એમની ધીરગંભીર અને સૌમ્ય મુખમુદ્રા અને આબાલવૃધ્ધ સહુ કોઈ સાથે વિનયયુક્ત લાગણીસભર વ્યવહારને લીધે હંમેશાં સર્વપ્રિય રહ્યા છે. સ્વ. વેલજીભાઈ આણંદજી પરિવારના શિષ્ટ સંસ્કાર અને જ્ઞાતિ-હિત વિચારોના વારસદાર કિશોરભાઈ, જ્ઞાતિ પ્રમુખપદને સુપેરે દીપાવશે એવો સહુને વિશ્વાસ છે. પૂર્વ પ્રમુખશ્રી અમૃતલાલભાઈ સોલંકીએ એમની ત્રણ ત્રણ ટર્મની પ્રમુખપદની સેવાના સીમા સ્તંભો, જેવા કે, જ્ઞાતિમાં સમૂહ લગ્નોનો આરંભ, જ્ઞાતિ તડાનું જોડાણ, ભૂકંપધ્વસ્ત મંદિરનું પુનઃ નિર્માણ, જ્ઞાતિમાં કેળવણી પ્રસાર અને ભુજ જ્ઞાતિમાં પ્રથમ વખત પ્રકાશિત એવા ઐતિહાસિક માહિતીસભર પુસ્તક 'સ્મરણિકા'નું પ્રકાશન તેમજ બીજી અનેક મહિલા / યુવા વિશેષ પ્રવૃત્તિઓ શ્રી કિશોરભાઈને વારસામાં મળે છે. આપણા સમસ્ત કંસારા સમાજમાં ભુજ જ્ઞાતિ પરિવારોની સંખ્યા સૌથી વધુ છે તેમજ જ્ઞાતિમાં એના અનુપાતે સુજ્ઞ વડીલો અને સમર્પિત યુવા કાર્યકરો પણ છે. સુજ્ઞ વડીલોના અનુભવ અને યુવાનોના ઉત્સાહનું સુભગ સંયોજન કરી, એમના વ્યવસાયની માફક, જ્ઞાતિ સમાજને પણ પ્રગતિના પંથે આગળ ધપાવશે તેવો સહુ કોઈને વિશ્વાસ છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ વતી તેમજ સેતુ-પરિવાર શ્રી કિશોરભાઈને હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવે છે.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

### સ્મરણિકા

મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા તૈયાર થયેલો સ્મરણિકા ગ્રંથ માત્ર ભુજ અને કચ્છ જ નહીં સમગ્ર ભારતમાં વસતા જ્ઞાતિજનો માટે દસ્તાવેજ અને અસ્મિતા સમાન પુરવાર થશે એમ અહીં સ્મરણિકા ગ્રંથના વિમોચન પ્રસંગે વક્તાઓએ મંતવ્યો વ્યક્ત કર્યા હતા.



*ભુજ ખાતે મારૂ કંસારા સોની સમાજ દ્વારા તૈયાર થયેલા સ્મરણિકા અંકનું વિમોચન થયું તે પ્રસંગે મહામંડળના પ્રમુખ પ્રભુદાસ ખેતશી, સમાજના પૂર્વ પ્રમુખ અમૃતલાલ સોલંકી, નવા પ્રમુખ કિશોરભાઈ ચનાણી, પ્રાણલાલભાઈ સોલંકી, ઝવેરીલાલ બુદ્ધભટ્ટી, સેતુના તંત્રી હંસરાજભાઈ કંસારા, જિલ્લા માહિતી અધિકારી શાંતિલાલ સોની તેમજ જ્ઞાતિજનો.*

મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ખેતશીના અધ્યક્ષસ્થાને આયોજિત કાર્યક્રમમાં બોલતાં, વિદાય લઈ રહેલા પ્રમુખ અમૃતલાલભાઈ સોલંકીએ કહ્યું કે, ખૂબ જ ટૂંકાગાળામાં તૈયાર થયેલી સ્મરણિકા જ્ઞાતિજનો માટે એક અસ્મિતા સમાન છે. કંસારા સોની જ્ઞાતિના મુખપત્ર સેતુના માનદ્ સલાહકાર હંસરાજભાઈ

### વિમોચન

કંસારાએ સ્મરણિકાને જ્ઞાતિએ મંથન પછી મેળવેલા 'અમૃત' સમાન ગણાવી ઉમેર્યું કે, આ ગ્રંથથી સમાજને યોગ્ય માર્ગદર્શન મળશે. સાથેસાથે તેમણે માહિતી આપી કે અમદાવાદમાં અભ્યાસ માટે આવતી સમાજની દીકરીઓ માટે છાત્રાલયની વ્યવસ્થાનું પણ સ્થાનિક સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. નાયબ માહિતી નિયામક શાંતિલાલ સોનીએ ગ્રંથનો પરિચય આપી સ્મરણિકાને સમાજમાં આવી રહેલા પરિવર્તનની દિશાનું પ્રથમ કદમ

ગણાવ્યું હતું. જ્ઞાતિ અગ્રણી પ્રાણલાલભાઇ સોલંકીએ અંકમાં જ્ઞાતિની લાગણી પૂર્ણતાથી અને માહિતીસભર રીતે આવરી લેવાઇ હોવાનું જણાવ્યું હતું. કાલિકામાતા મંદિર પુનઃનિર્માણ સમિતિના મંત્રી ચંદ્રકાન્ત ચનાણીએ પુસ્તકની ટેકનિકલ માહિતી આપી હતી.

પ્રારંભમાં જ્ઞાતિના ગોર સુમનભાઇએ આશીર્વચન આપ્યા હતા. નવા વરાયેલા પ્રમુખ કિશોરભાઇ ચનાણી, સમાજના માર્ગદર્શક ઝવેરીલાલ શિવજી બુદ્ધભટ્ટી, 'કચ્છમિત્ર' ના મેનેજર શૈલેષ કંસારા ઉપસ્થિત રહ્યા હતા. સ્મરણિકામાં ભુજ અને તાલુકાની જ્ઞાતિની પરિસ્થિતિ સુપેરે વણી લેવામાં આવી છે. જ્ઞાતિજનોની સામાજિક, વ્યવસાયિક અને જ્ઞાતિ પ્રમાણે વસતીનું પત્રક તૈયાર કરવાની સાથે ૧૯૪૭ થી આજદિન સુધીની પ્રવૃત્તિનો સચિત્ર અહેવાલ વિગેરે બાબતો આવરી લેવામાં આવી છે. સ્મરણિકા માટે જ્ઞાતિના ૪૯ યુવાનો અને ૯ જેટલી બહેનો સહયોગી બન્યા હતા. હર્ષદભાઇ બુદ્ધભટ્ટી, ચેતન બારમેડા, નીતિનભાઇ હેડાઉ, પ્રદીપભાઇ બીજલાણી, અનિલ છત્રાળા, લતાબેન સોલંકી, માધાપરના દીપકભાઇ, હિતેષ પોમલ, રાઉલ ચનાણી વિગેરેએ સહયોગ આપ્યો હતો. ■

*– સૌ. 'કચ્છ મિત્ર'*

## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ

શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ ભુજની પ્રવૃત્તિનાં ભાગ રૂપે હાલે એક બનાવ બનેલ જે અંગે આપની સમક્ષ જણાવતાં હર્ષ થાય છે.

આપણી જ્ઞાતિનાં શ્રી કાલીકા મંદિરમાંથી થોડા સમય પહેલા સવારે સૂર્યનારાયણની ચાંદીની લગભગ ૩૦૦ ગ્રામ (અંદાજે) મૂર્તિની ચોરી થઇ ગઇ. આ મૂર્તિ આપણી જ જ્ઞાતિનાં એક વેપારી પાસે વેચાવા આવેલ પરંતુ તે સમયે એ વેપારીએ વ્યક્તિ બરાબર ન જણાતાં વેપાર કરવાનું ટાળ્યું હતું.

થોડા મહિના બાદ આ ચોર આજ વેપારી પાસે બીજી આવી જ મંદિરના આભૂષણની ચોરી કરી વેચવા આવ્યો, ત્યારે આ વેપારીને તેનો ચહેરો યાદ હતો તથા આપણા મંદિરમાં થયેલ ચોરીની વાતની તેમને ખબર હતી. આથી એમણે વ્યક્તિ સાથે ટાઇમ પસાર કરી અને સમય સૂચકતાં ફોન દ્વારા યુવક મંડળના પ્રમુખ તથા આજુબાજુનાં વેપારી મિત્રો અને ભાઇઓને બોલાવી આ બારામાં ચોરની સઘન પૂછતાછ કરી. અંતે ચોરે તેની કબૂલાત કરી લીધી તથા મૂર્તિ સાટે તેટલી રોકડ રકમ ચૂકવી આપી.

યુવક મંડળના સભ્યોએ તે રકમ સ્વીકારી જૂની મૂર્તિની વજન જેવી જ બીજી નવી ચાંદીની મૂર્તિ તૈયાર કરી તા. ૧૧-૩-૨૦૦૯ ધુળેટીના દીવસે પુનઃ નાત અને મંદિરમાં જમા કરાવી. અને યોગ્ય સ્થાને એનું પુનઃઅનાવરણ થયું. આ છે આપણી કુળદેવી ની કૃપા. ■

## ભુજ બુલિયન એસો. દ્વારા ડિરેક્ટરીનું વિમોચન

**દિનેશ સી. પોમલ**



*ભુજ બુલિયન મર્ચન્ટ એસોસિએશનની ડિરેક્ટરીનું વિમોચન કરતા પ્રભુદાસ ખેતશી સોની. સાથે કચ્છમિત્રના મેનેજર શૈલેષ કંસારા સહિત અગ્રણીઓ.*

ગત માસે બુલિયન મર્ચન્ટ એસોસિએશન દ્વારા તૈયાર કરાયેલી ડિરેક્ટરીનું વિમોચન થયું હતું. આ પ્રસંગે સામાન્ય સભામાં એસોસિએશનની અલાયદી કચેરી અને મેડિકલ કેમ્પ સહિતના વધુ સામાજિક કાર્યોની નેમ વ્યક્ત કરાઈ હતી.

બુલિયન એસો.ના ભૂતપૂર્વ પ્રમુખો પ્રભુદાસભાઈ ખેતશી સોની, ઈશ્વરલાલ નરભેરામ સોની, પ્રાણલાલભાઈ નરભેરામ સોની અને હીરાલાલભાઈ બુધ્ધભટ્ટીના હસ્તે વિમોચન થયું હતું. અતિથિ વિશેષ પદેથી 'કચ્છમિત્ર'ના મેનેજર શૈલેષભાઈ કંસારાએ ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે વિશ્વસનીયતાનો સેતુ મજબૂત થાય એ માટે હોલમાર્કવાળા ઘરેણાં વેચવા અને આખા જીલ્લાને આવરી લેતું સંગઠન ઊભું કરવા સૂચન કર્યું હતું.

એસો.ના પ્રમુખ શ્રી મિતેશ પોમલે કહ્યું હતું કે, વેપારીઓ સમક્ષ ઊભી થતી કાયદાકીય ગૂંચો ઉકેલવા સંગઠન જરૂરી છે. એસો.ની અલગ કચેરીના પ્રયાસો ચાલુ છે. ડિરેક્ટરીમાં સરનામા, ફોન નંબર, વેટ નંબર સહિતની તમામ વિગતો આવરી લેવાઈ છે. પ્રદીપભાઈ સોનીએ ડિરેક્ટરી તૈયાર કરવાની પ્રક્રિયા વર્ણવી હતી. પ્રાણલાલભાઈ અને પ્રભુદાસભાઈએ ભૂતકાળના સંસ્મરણો ખાસ કરીને ગોલ્ડ કન્ટ્રોલ એક્ટ સમયની કઠણાઈઓ વાગોળી હતી. અગ્રણીઓએ આગામી દિવસોમાં મેડિકલ કેમ્પ યોજવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ભુજ લાયન્સ ક્લબના અગ્રણી ભરતભાઈ મહેતાએ ડાયાલિસીસ માટે વધુ દાન આપવાની અપીલ કરતાં બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને બુલિયન એસો. સહિત અનેક વેપારીઓએ પોતાના આર્થિક યોગદાનની જાહેરાત કરી હતી. ધર્મેન્દ્રભાઈ બારમેડા અને અશોકભાઈ ઝવેરી, જગદીશભાઈ સોનીએ તેમાં સંકલન કર્યું હતું. સંચાલન કરતા વિજયભાઈ બુધ્ધભટ્ટીએ સેલ્સમેનો પાસે નક્કી કરાયેલા ડોનેશન પેટેના રૂા. એક હજાર નિયમિત રીતે લેવા વેપારીઓને અનુરોધ કર્યો હતો. આભારવિધિ ભદ્રેશભાઈ દોશીએ કરી હતી. ■

## કંસારા નાના ફળીયા ઉત્સવ સમિતિ - ભુજ




શ્રી કંસારા નાના ફળીયા ઉત્સવ સમિતિ, ભુજ દ્વાર ભૂકંપમાં અવસાન પામેલાં સદ્‌ગતની શાંતિ માટે તથા અહીં વસવાટ કરતાં રહેવાસીઓના સુખઃશાંતિ કલ્યાણ માટે "૧૧ કુડીંય ગાયત્રી મહાયજ્ઞ"નું તાજેતરમાં આશાપુરા મંદિરના સાન્નિધ્યમાં તારીખ ૨૫-૧-૨૦૦૯, રવિવારે શ્રધ્ધાળુઓની મોટી ઉપસ્થિતિમાં યોજાઇ ગયો.

ગાયત્રી શક્તિપીઠ ભુજના પરિવાર દ્વારા આચાર્યપદે શ્રી કિશોરભાઇ વ્યાસ કર્મકાંડ બ્રહ્મવાહિની બહેનો સાથે સવારે દેવ પૂજન, કળશ પૂજન, વિવિધ વૈદિક મંત્રો દ્વારા હોમાત્મક યજ્ઞ કરવામાં આવ્યું. જેમાં બપોરે નાળીયેર આહુતિ, બાદ મંદિરે મહાઆરતી, અને મહાપ્રસાદનાં કાર્યક્રમ યોજાયાં.

ભૂકંપ બાદ પ્રથમ જ વાર યોજાયેલાં આ ધાર્મિક પ્રસંગની શુભ શરૂઆત દિપ-પ્રાગટ્ય થી કરવામાં આવી જેનો લાભ આશાપુરા મંદિરના ટ્રસ્ટી એવા શ્રી ગોવિંદભાઇ દેડાઉ અને હિમ્મતબા કાનજી બગ્ગાના હસ્તે કરવામાં આવ્યું.

આ શુભ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખ તથા કારોબારી સભ્યો, જ્ઞાતિ યુવક મંડળ અને મહિલા મંડળના પ્રમુખશ્રી અને કારોબારી સભ્યો, આમંત્રિત મહેમાનો, આ વિસ્તારનાં તમામ રહેવાસીઓ તથા શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લેવા બહોળી સંખ્યામાં હાજરી નોંધાવી હતી.

આ મહાયજ્ઞમાં ૧૧ નવદંપતીઓએ યજમાન પદે આહુતી આપવા માટે બેસવાનો લાભ લીધો હતો, જેમાં મુખ્ય યજમાન તરીકેનો લાભ શ્રી પરેશ હિંમતલાલ બગાને મળ્યો હતો તથા આજની તારીખ તેઓની લગ્નતિથિ તારીખ હોવાથી તેઓ માટે ખાસ પ્રકારની આહૂતિનો લાભ મળેલ હતો.

ગાયત્રી પરિવાર તરફથી આપણી જ બજારનાં રહેવાસી શ્રી ઝવેરલાલ (જવુભાઇ) કાનજી બુધભટ્ટીએ યજ્ઞની સંપૂર્ણ તૈયારી માટેની જહેમત ઉઠાવી મોટો સહયોગ આપેલ હતો.

યજ્ઞમાં બપોરના મહાપ્રસાદનાં દાતાશ્રી બનવાનો લાભ શ્રી મનિષભાઇ આર. શર્માને મળેલ હતો.

ફળિયા માટે ખૂબ જ સક્રિય રહેનાર એવાં શ્રી સુનીલભાઇ કંસારા તેમજ અનિલભાઇ છત્રાળા નો પુરો સહયોગ મળેલ હતો.

આશાપુરા મંદિરનાં બાવાજી ખીમગર ગુંસાઇ દ્વારા સાઉન્ડ સીસ્ટમ માટે સહયોગ મળેલ હતો તથા જલારામ મંદિરનાં ગુલાબભાઇ દ્વારા સ્ટેજ બેઠક માટે વ્યવસ્થા ગોઠવી આપવા માટે સારો સહયોગ મળેલ હતો.

આ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકી યુવક મંડળ પ્રમુખ શ્રી અનિલ છત્રાળા, મહિલા મંડળ પ્રમુખ શ્રી લતાબેન સોલંકી, ચંદુભાઇ ચનાણી, હર્ષદભાઇ બુધભટ્ટી, ભાઇલાલભાઇ પોમલ, અમરતભાઇ, પ્રાણલાલ, નિતિનભાઇ, રામદાસભાઇ બગ્ગા, રસીકભાઇ વિગેરે મહેમાનોએ



હાજરી આપી હતી.

ગાયત્રી યજ્ઞ આયોજનને સફળ બનાવવા માટે વિનોદભાઇ એલ. બુધભટ્ટી તથા પિયુષ એસ. બીજલાણી અને ભરતભાઇ એચ. બગ્ગાએ ભારે જહેમત સંભાળી હતી.

ધાર્મિક કાર્ય માટે સંજીવ એ. બુધભટ્ટી, જયેશ જે. બુધભટ્ટી, નરેન જે બીજલાણી, કલ્પેશ જેઠી, વનરાજ જેઠીએ કાર્યભાર સંભાળેલ તેમજ રસોડા/રાશન વિભાગ માટે દશરથ સિંહ, હર્ષદ એન. બુધભટ્ટી, પ્રિયેન વી. મૈચા, જગદીશ બગા, ગૌરવ બગા, મુળજી કટ્ટા, નીલેશ બગા, નીલેશ બુધભટ્ટી, કેતન ભુધભટ્ટીએ જવાબદારી સંભાળી હતી.

ખજાનચી તરીકે ચાંદલા/પહોચ બૂક સંભાળનાર તરીકે ડેની છગાળા, હિરેન પોમલ, વિજય મૈચા એ જવાબદારી સ્વીકારી હતી.

સાઉન્ડ સીસ્ટમ માટે મિતેષ બુધભટ્ટી તથા દિપેશ બગાએ કાર્યભાર સંભાળેલ હતો.

**૧૧ યજમાનોના નામ :**

૧. પરેશ હિંમતલાલ બગ્ગા
૨. રાજેશ શંભુલાલ કટ્ટા
૩. નિલેશ અરવિંદભાઇ બુધભટ્ટી
૪. પિયુષ સુંદરજી બીજલાણી
૫. ધર્મેશ વિનોદભાઇ બુધભટ્ટી
૬. નિલેશ જગદીશભાઇ બગા
૭. જગદીશસિંહ પરમાર
૮. મૂળજી નાનાલાલ કટ્ટા
૯. પ્રવિણ નારાયણદાસ બીજલાણી
૧૦. દિપક ઝવેરીલાલ સોલંકી
૧૧. કેતન નરોતમભાઇ બુધભટ્ટી

એ લાભ લીધો હતો.

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - મહિલા મંડળ

શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ આયોજીત સભામાં ગત તા. ૧૦-૦૧-૨૦૦૯ના રોજ સર્વ સંમતિથી શ્રીમતિ નીતાબેન નીલેશભાઇ બુધ્ધભટ્ટીને મહિલા મંડળનાં અધ્યક્ષ બનાવવામાં આવેલ છે. તેમનો કાર્યકાળ ૨ વર્ષનો રહેશે. નવગઠીત કારોબારી નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **નીતાબેન નીલેશકુમાર બુધ્ધભટ્ટી** | **રીનાબેન વિજયકુમાર બારમેડા** | **ટીનાબેન પ્રફુલકુમાર બારમેડા** | **મંજુલાબેન પંકજભાઇ પોમલ** | **શીવાંગીબેન પંકજભાઇ પોમલ** | **મીતાબેન અશોકભાઇ બુધ્ધભટ્ટી** |
|  |  |  | |  |  |
| **અધ્યક્ષ** | **ઉપાધ્યક્ષ** | **સચિવ** | **સહ સચિવ** | **ખજાનચી** | **સહ ખજાનચી** |

**<u>કારોબારી સભ્યો</u> :** (૧) ઉર્મિલાબેન વિનોદભાઇ પોમલ, (૨) ભાવનાબેન કૌશિકભાઇ કટ્ટા, (૩) ભારતીબેન કમલેશ બીજલાણી, (૪) પાયલબેન જયેશકુમાર પોમલ, (૫) વામીનીબેન ચેતન બારમેડા, (૬) યોગીતાબેન મયુર બારમેડા, (૭) ઉર્વશીબેન દીપક બારમેડા, (૮) ધ્રુપાલીબેન સંદીપ બારમેડા, (૯) દિપીકાબેન રાજેશ કટ્ટા

***ટીનાબેન પ્રફુલ બારમેડા - સચિવ***

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

### પાટોત્સવ કાર્યક્રમ



શ્રી મારૂ કંસારા સોની સમાજ રાયપુર, દ્વારા પ્રતિ વર્ષ અનુસાર તા. ૧૦-૧-૨૦૦૯ નાં રોજ (પોષ સુદ ૧૪) રાયપુર સ્થિત વાડીમાં મા કાલીકા. માતાનો પાટોત્સવ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજના સદસ્યો એ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમાજના અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ બારમેડા તથા તેમના ધર્મપત્નિ શ્રીમાળી ટીનાબેન એ હવનમાં ભાગ લઇ આ પુજાનો લાભ લીધો હતો. ત્યારબાદ મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજના સચિવ શ્રી કમલેશભાઇ બીજલાણીએ સમાજનાં સદસ્યોને કાર્યક્રમ સફળ બનાવવા માટે બધાઇ આપી તેમનો આભાર માન્યો.

સમાજની મહીલા મંડળ દ્વારા શ્રીમતિ નીતાબેન નીલેશકુમાર બુધ્ધભટ્ટીને આગામી બે વર્ષ માટે મહિલા મંડળના પ્રમુખનો ભાર સૌંપ્યો. અધ્યક્ષપદ ગ્રહણ કર્યા પછી નીતાબેનએ સમાજનાં સર્વે સદસ્યોનો આભાર માન્યો તથા વિશ્વાસ આપ્યો કે આગામી વર્ષોમાં મહિલા મંડળ પોતાના કાર્યોથી સમાજનાં દરેક ક્ષેત્રમાં સમાજનું નામ ઊંચું રાખવાનો પ્રયત્ન કરશે.

***કમલેશ કુમાર બીજલાણી***
***સચિવ - શ્રી મારૂ કંસારા સોની સમાજ, રાયપુર***

અમદાવાદને આંગણે 'આપણું ઘર',
મહિલા શિક્ષણ-સમર્પિત, એનો છે, સ્વર.

## શ્રી કચ્છ - માંડવી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ

માંડવી જ્ઞાતિની જનરલ મિટીંગ તા. ૧૧-૩-૨૦૦૯ બુધવાર (ધૂળેટી)ના રાત્રે ૯.૩૦ કલાકે શ્રી કાલીકા માતાજીના મંદિર મધ્યે મળેલ હતી જેમાં વર્ષ ૨૦૦૮-૦૯ના વાર્ષિક આવક જાવકના હિસાબોની રજૂઆત કરવામાં આવેલ. જેને બહાલી આપવામાં આવેલ. ઉપસ્થિત જ્ઞાતિજનોએ હાલની સક્રિય કારોબારી જ્ઞાતિજનોના સારા સહકારથી ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષના પ્રારંભ પ્રસંગે શુભેચ્છા સહ આનંદની લાગણી વ્યક્ત કરેલ તે બદલ કારોબારીના હોદ્દેદારો સહ સભ્યોએ પણ જ્ઞાતિજનો દ્વારા ગત ત્રણ વર્ષમાં મળેલ સહકાર બદલ આભાર સાથે આવતા વર્ષમાં પણ સારો સહકાર મળી રહેશે એવી આશા વ્યક્ત કરેલ હતી. સાથે શ્રી સુરેશ સોલંકી તરફથી માંડવી જ્ઞાતિ વધુ સધ્ધર બને તે માટેની કરેલી રજુઆતનો સર્વે જ્ઞાતિજનોએ સહર્ષ સ્વીકાર કરેલ. નૂતન કારોબારીની નીચે મુજબ રચના કરવામા આવી છે.


**હોદ્દેદારો :**


**વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ**

**પ્રમુખશ્રી**

**સંજય મનસુખલાલ બુધ્ધભટ્ટી**

**ઉપપ્રમુખશ્રી**

**ચંદુલાલ વાલજીભાઈ બીજલાણી**

**ઉપપ્રમુખશ્રી**

**રમેશ વાલજી બીજલાણી**

**મંત્રી**

**હરેશ નેણશી બારમેડા**

**સહમંત્રી**

**સુરેશ પ્રાગજી સોલંકી**

**ખજાનચી**

**પ્રવીણ લક્ષ્મીદાસ સોલંકી**

**સહ ખજાનચી**

**કારોબારી સભ્યો :** શ્રી વેલજી દેવજી પોમલ, શ્રી પરેશ શિવલાલ બીજલાણી, શ્રી મનસુખલાલ ગોવિંદજી હેડાઉ, શ્રી આનંદ જેઠાલાલ બુધ્ધભટ્ટીના નામો જાહેર કરવામાં આવેલ જે સર્વમાન્ય રહ્યા હતા.

ઉપસ્થિત જ્ઞાતિજનોમાં અગ્રણી શ્રી શિવલાલભાઈ બીજલાણી, રમેશભાઈ કવાડીયા, અરવિંદભાઈ શકરીયા, વિનોદભાઈ શકરીયા, નિરંજનભાઈ બુધ્ધભટ્ટી, શંભુલાલ બીજલાણી, ગૌતમભાઈ હેડાઉ વગેરે જ્ઞાતિજનોએ હાજરી આપેલ હતી. અસ્તુ.


***પ્રમુખ શ્રી વિનોદ વલભદાસ હેડાઉ તથા કારોબારી સભ્યો***

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - વિરાણી મોટી

તા. ૧૦-૧-૨૦૦૯ ના રોજ જ્ઞાતિમંડળ આયોજીત સભામાં નવા હોદ્દેદારોની નીચે મુજબ વરણી કરવામાં આવી છે.

**શંભુભાઈ વિશ્રામ બુધ્ધભટ્ટી**

**પ્રમુખશ્રી**

**નથુભાઈ ચાંપશી કટ્ટા**

**ઉપપ્રમુખશ્રી**

**શાંતિલાલ તુલસીદાસ સોલંકી**

**મંત્રી**

**જેંતીલાલ ત્રિકમદાસ સોલંકી**

**ખજાનચી**

## કરી જોજો

*નથી ભળતી મીઠાશ શું કામ જીંદગીમાં*
*એક વખત મીઠા સંબંધોના વાવેતર કરી જોજો*
*સૌંદર્ય ખીલી ઉઠશે ચહેરા પરનું*
*બસ એક વખત સ્મિતની લહેરખીઓ ઉપસાવી જોજો*
*મેં ક્યાં કીધું છે ગગનને અડવાનું*
*બસ એક વખત આકાંક્ષાઓના વિસ્તાર વધારી જોજો*

*આંખના પલકારે જિંદગી વીતી જશે*
*બસ એક વખત સદ્‌ગુણોનો પોશાક પહેરી જોજો*
*ન તે કેમ રચાય- 'ગઝલ' 'યાદ' ??!*
*બસ એક વખત અમારી જેમ*
*લાગણીના ખડિયામાં કલમ ઝબોળી જોજો.*

***જીનલ સોની 'યાદ' – નાગલપુર***



Mfg. of :
Brass, M.S., Copper,
Aluminium, S.S.
Bronze Parts
as per customer's
drawing &
Sheet Metal Parts
& Press cutting
Items.
With best
Compliments
from ..................................
Deepak
Products
& Family
K-1, 78/4 Udyognagar,
Back of Kalyan Marble,
Jamnagar - 361 004.
Mobile :
R. K. Bhut : 98252 12143
K. K. Bhut : 98243 35456
Phone : 0288 - (O) 2564453
(R) 2563021
Fax : 0288 - 256 1794
design shop : cell - 98242 85989

# શ્રી છત્રાળા પરિવારનાં વાર્ષિક - પ્રસંગોપાત થતાં નૈવેદ્ય

જગદીશ છત્રાળા - અંજાર



*શ્રી છત્રાળા પરિવારના વાર્ષિક - પ્રસંગોપાત થતા નૈવેદ્યની માહિતી, પુત્રીના લગ્ન પ્રસંગે પુત્રીનો વરઘોડો*

કોઈપણ પરંપરાનું દસ્તાવેજીકરણ કે સંકલન તેની પ્રક્રિયાનું સ્પષ્ટીકરણ આપી શકે છે. તો સમયે સમયે તેમાં થતાં પરિવર્તનોનો પરિચય પણ થઇ શકે છે. મૂળતઃ પરંપરાઓનું પ્રસાર મૌખિક કે વ્યવહારિક રૂપે જ થતું હોય છે. પરંતુ, જો તેને લેખિતરૂપે પ્રકટ કરવામાં આવે તો આધુનિક યુગમાં તે સૌથી સરળ પ્રસાર માધ્યમ નિવડી શકે છે. નૈવેદ્ય પરંપરા તો જે તે પરિવારનાં વડિલ મહિલાવર્ગ દ્વારા જ જળવાતી આવી છે. ત્યારે તેનું લેખિતરૂપ જે તે પરિવારની ઊગતી પેઢી માટે ઉપયોગી સિદ્ધ થઇ શકે છે.

આ અવિછિન્ન પરંપરા નૈવેદ્ય અંતર્ગત આપણી જ્ઞાતિનાં વિવિધ નુખ પરિવારો દ્વારા જળવાતી આ પરંપરાનું આલેખન કરવા પ્રયત્ન કર્યો છે. સમયાનુયોગે તેની નિયમિતતા ખોરવાઇ છે. ઘણાં પરિવારો આ પ્રત્યે સજાગ રહ્યાં છે તો ઘણાં પરિવારોની અલ્પ સંખ્યા અથવા અન્ય કારણોસર તેનાં આલેખન સંદર્ભે સુસ્તતા વર્તાઇ છે. અગાઉ જ્ઞાતિ-સેતુનાં જૂન-જુલાઇ, ૨૦૦૭ના અંકમાં શ્રી છત્રાળા પરિવારની નૈવેદ્ય માહિતી સંક્ષિપ્તમાં આલેખિત થઇ હતી. અત્રે તે પરિવારની નૈવેદ્ય માહિતી, તે પરિવાર દ્વારા કરવામાં આવેલ થોડા પરિવર્તનો સાથે પુનઃ પ્રસ્તુત છે.

શ્રી સુન્દા માતાજી આ પરિવારનાં કુળદેવી છે. જેઓનું નવનિર્મિત સ્થાનક ભુજનાં હવેલી ફળિયા મધ્યે આવેલું છે,

- **વાર્ષિક નૈવેદ્ય :-**

***મહા સુદ સાતમ :-*** આ દિવસે બપોરનાં સમયે યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત તથા શ્રી ફળ પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેદ્ય કરવામાં આવે છે.

***ફાગણ સુદ પૂનમ (હોળી) :*** આ દિવસે સાંજના સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

***ચૈત્ર સુદ આઠમ :*** આ દિવસે બપોરનાં સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

***ચૈત્ર સુદ ચૌદસ (પાટોત્સવ) :*** આ દિવસે કુળદેવીનાં સ્થાનકે બપોરના સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે. ઉપરાંત કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. આ દિવસે પરિવારનાં ભાઇઓ દ્વારા સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવે છે.

***અષાઢ સુદ બીજ :*** આ દિવસે સાંજના સમયે મહા સુદ સાતમ મુજબ નૈવેદ્ય કરવામાં આવે છે.

***ભાદરવા સુદ ચૌદસ :*** આ દિવસે કુળદેવીના સ્થાનકે બપોરનાં સમયે યથાશક્તિ લાપસી કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, કાચા દારાની લાપસી તથા તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેદ્ય કરવામાં આવે છે. આ દિવસે સુરાપુરા દાદાનાં મોટા નૈવેદ્ય હોવાથી પરિવારના ભાઇઓ દ્વારા સમૂહ પ્રસાદનું આયોજન પણ કરવામાં આવે છે.

***આસો વદ અમાસ (દિવાળી) :*** આ દિવસે સાંજના સમયે ખણ ભરવામાં આવે છે. જેમાં ઘી માં તળેલી મેંદા ની છત્રીસ પૂરીઓ અને ઘી માં તળેલા મેંદાના નવ દીવા, યથાશક્તિ લાપસી કુળદેવી સમક્ષ કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

ઉપરોક્ત વાર્ષિક નૈવેધ ઉપરાંત મહા, ચૈત્ર, અષાઢ અને આસો મહિના સિવાયના દરેક મહિનાનાં ચંદ્ર દર્શનનાં દિવસે શ્રીફળ વધેરવામાં આવે છે.

- **પ્રસંગોપાત થતાં નૈવેદ્ય :-**

***પુત્રનાં લગ્ન પ્રસંગે થતાં નૈવેધ :-*** આ પ્રસંગે કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેની કોઇ પણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત તથા શ્રીફળ પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

લગ્નનાં દિવસે માય બેસાડી માય ભાણું પીરસવામાં આવે છે. જેમાં એક માટલામાં ઓગણ પચાસ પૂરીઓ અને સાત લાડવા મૂકવામાં આવે છે. બીજા માટલામાં એક મીટર સફેદ કાપડ, સવા પાલી ચોખા, પાંચ રૂપિયા અને શ્રીફળ મૂકવામાં આવે છે. ઉપરાંત એક મીટર સફેદ કાપડનો ખડિયો બનાવી તેમાં ઓગણપચાસ પૂરીઓ, સાત માતરિયા લાડવા, સવા કિલો ચોખા, એક રૂપિયાનો સિક્કો અને શ્રીફળ મૂકવામાં આવે છે.

***પુત્રીનાં લગ્ન પ્રસંગે થતાં નૈવેધ :-*** પુત્રીના લગ્ન પ્રસંગે નૈવેધ વિધિ અને સામગ્રી તથા માય બેસાડવાની વિધિ અને સામગ્રી પુત્રનાં લગ્ન પ્રસંગ મુજબ જ કરવામાં આવે છે. પરંતુ, તે ઉપરાંત આ પ્રસંગે પુત્રીનો વરઘોડો કાઢવાની એક વિશિષ્ટ વિધિ આ

પરિવાર દ્વારા કરવામાં આવે છે. નૈવેધ સ્થળે કુળદેવીનાં દર્શન કરાવ્યા બાદ માંડવે ચાંદલો કરી પુત્રીને ઘોડે બેસાડવામાં આવે છે અને વરઘોડો કાઢવામાં આવે છે. જે સસરાને ઘેર અથવા લગ્ન સ્થળ જે નક્કી થયેલ હોય ત્યાં જાય છે. સસરા દ્વારા ચાંદલો કરી પસ (ખુબા) ભરાવવામાં આવે છે. જે ત્રાંસમાં મૂકેલ સવા કિલો ચોખા અને સો સિક્કા દ્વારા ભરાવવામાં આવે છે. ત્યારબાદ સસરા દ્વારા સાડી ઓઢાડવામાં આવે છે અને વરઘોડો પરત ફરે છે. જે માર્ગેથી વરઘોડો ગયો હોય તે સિવાયનાં માર્ગેથી તે પરત ફરે છે.

***શ્રીમંત પ્રસંગે થતાં નૈવેધ :-*** પ્રસંગના આગળનાં દિવસે મંગળિત કરવામાં આવે છે. જેમાં યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇ પણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત તથા શ્રીફળ પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

પ્રસંગના દિવસે વહુને પગ પાથરણા આપવામાં આવે છે. જેમાં સફેદ કાપડનાં સવા બે મીટરનાં બે પગ પાથરણા લેવામાં આવે છે. પગ પાથરણા આપતી વેળાએ સાત પબડી, સાત સોપારી અને સાત સિક્કા પાથરણા પર મૂકવામાં આવે છે. આ તમામ સામગ્રી માવિત્રનાં ઘરની હોય છે.

પ્રસંગના દિવસે કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. યથાશક્તિ સવાઇ માત્રામાં જાર, લાપસી કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

વહુના મોસાળના ઘરનાં લાલ ચુંદડી-સફેદ બ્લાઉઝ પહેરી, મોસાળના ઘરના પાંચ ફળ, એક શ્રીફળ, સૂતરનો એક ઢેરો, એક કિલો જાર, ટોપરાનાં તેર કાચલા, તેર સિક્કા, ખોંભા નાળાના તેર ટુકડા અને તેર પેંડાથી ખોળો ભરવામાં આવે છે. તેર ગોયણીને તેલ નાંખવા માટે નોતરવામાં આવે છે.

***ઝંડા (બાલ મુવારા) પ્રસંગે થતા નૈવેધ :-*** પ્રસંગના આગળનાં દિવસે માય બેસાડવામાં આવે છે. કુળદેવીની પડાઇ બદલાવવામાં આવે છે. યથાશક્તિ લાપસી, લાડવો કુળદેવી સમક્ષ, કાળા તલ ખેતરપાળ દાદા સમક્ષ, તેલની કોઇપણ મીઠાઇ સુરાપુરા દાદા સમક્ષ અને મીઠી ભાત પુરસા દાદા સમક્ષ ધરાવી નૈવેધ કરવામાં આવે છે.

પ્રસંગના દિવસે પુત્રને મોસાળનાં ઘરનાં લાલ કપડા અને બુટ તથા દાદાના ઘરના સફેદ કપડા પહેરાવી, ખજૂરમાં ચાકો રાખી પગે લગાડવામાં આવે છે.

ઝંડાની વિધિ પૂર્વે પુત્રને લાલ અને સફેદ કપડા પહેરાવવામાં નથી આવતા.

***સંદર્ભ માહિતી :***
***શ્રીમતી મુકુંદલતાબેન પી. છત્રાળા – અંજાર (કચ્છ)***

**જ્ઞાતિસેતુ વેબસાઇટ**



## માહિતી માટે ક્લિક કરો : www.gnyatisetu.com

**– ચિરાગ બુધ્ધભટ્ટી**

## જ્ઞાતિસેતુની વેબસાઇટ – વિહંગાવલોકન

મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારો વચ્ચે પરસ્પર સંવાદના સાધન તરીકે 'જ્ઞાતિસેતુ'ને સમગ્ર સમાજે ખૂબ પ્રતિષ્ઠા આપેલ છે. આનાથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિસેતુની વેબસાઈટને સમાજ હિતની સર્વે માહિતીઓ સાથે નવા રૂપરંગ સાથે સુસજ્જિત કરવામાં આવેલ છે.

વેબસાઈટના મુખ્ય પેજ પર સમાજના વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફ ઉપરાંત જ્ઞાતિસેતુના લેટેસ્ટ અંકનું મુખપૃષ્ઠ મૂકવામાં આવેલ છે. જેના પર ક્લીક કરવાથી છેલ્લા પ્રકાશિત થયેલ અંકના તમામ પૃષ્ઠોનું વાંચન થઈ શકે છે. મુખ્ય પેજ પર જ્ઞાતિસેતુના મુખ્ય ધ્યેય તથા ભાવિ દૃષ્ટિ (Mission and Vision) જાહેર કરવામાં આવેલ છે. અમદાવાદ જ્ઞાતિ ઉપરાંત અન્ય કોઈપણ જ્ઞાતિ સમાજ દ્વારા થઈ રહેલ પ્રવૃત્તિઓની માહિતીની લીંક આપવામાં આવેલ છે.

**ABOUT US** પેજ પર જ્ઞાતિસેતુ પ્રકાશન સાથે સંકળાયેલ તંત્રીમંડળ તથા અમદાવાદ જ્ઞાતિમંડળ વિશે માહિતી છે.

**COMMITTEES**ના પેજ અમદાવાદ જ્ઞાતિ મંડળની કારોબારી, અખિલ ભારતીય મહામંડળના હોદ્દેદારો, વિવિધ ઘટક સમાજના પ્રમુખશ્રીઓ, મહિલા મંડળના પ્રમુખશ્રીઓ, મહામંડળની વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓના નામ તથા ફોન - મોબાઈલ નંબરની માહિતી આપવામાં આવેલ છે.

વેબસાઈટનું સૌથી મહત્ત્વનું પેજ **"PREVIOUS ISSUES"** છે. જેના પર છેલ્લા ત્રણ વર્ષમાં પ્રકાશિત થયેલ જ્ઞાતિસેતુના તમામ અંકો મૂકવામાં આવેલ છે. કોઈપણ જ્ઞાતિજન દુનિયાના કોઈપણ ભાગમાંથી જ્ઞાતિસેતુના અંક વિનામૂલ્યે વાંચી શકશે તથા ડાઉનલોડ પણ કરી શકશે.

**PHOTO GALARY** પેજ : વિવિધ સમાજો દ્વારા વિવિધ સ્થળે અનેક કાર્યક્રમો યોજાતા હોય છે. સ્થળ સંકોચના કારણે સ્થાનિક વર્તમાનપત્ર કે જ્ઞાતિસેતુના અંકમાં વધારે ફોટોગ્રાફ્સનો સમાવેશ થઈ શકતો નથી. આથી જો ઘટક સમાજ કે મહિલા સમાજ તેમને ત્યાંની પ્રવૃત્તિઓના વધારે ફોટોગ્રાફ્સ વેબસાઈટ પર મૂકવા ઈચ્છે તો આ વેબસાઈટ પરથી તે દર્શાવી શકાય છે. આ માટે સંસ્થાએ ફોટોગ્રાફ્સની સી.ડી. જ્ઞાતિસેતુ કાર્યાલય - અમદાવાદ પર મોકલવાની રહેશે.


આ ઉપરાંત અન્ય પૃષ્ઠો પરથી જ્ઞાતિસેતુના લવાજમ તથા જાહેરાત વિશેની માહિતી ઉપલબ્ધ થશે.

'જ્ઞાતિસેતુ'ની વેબસાઈટની સુંદર ડિઝાઈન તૈયાર કરવામાં અતુલભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ તેમના સહયોગી અને વેબ ડિઝાઈનર શ્રી અંકિત શાહનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ સંસ્થા વતી હું તેમનો આભાર માનું છું.

જ્ઞાતિના યુવા મિત્રોને અપીલ છે કે **www.gnyatisetu.com** વેબસાઈટ જરૂરથી નિહાળો અને કોઈ સૂચન હોય તો જરૂરથી જણાવો. દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિ પરિવારોને આ વેબસાઈટ ખૂબ ઉપયોગી થશે તેવી આશા છે. ■


# કોમ્પ્યુટરનો કક્કો – ૯

તુલસીદાસ એલ. કંસારા




### પેન ડ્રાઇવ કે ફ્લેશ ડ્રાઇવ

કોમ્પ્યુટરની દુનિયામાં અને ઈન્ટરનેટના આ યુગમાં એક કમ્પ્યુટરમાંથી બીજા કમ્પ્યુટરમાં કે અન્ય ડિવાઈસો, જેવી કે મ્યુઝિક સિસ્ટમમાં, ડેટા ની આપ-લે માટે યુએસબી ડ્રાઇવ એ હાથવગું સાધન ગણવામાં આવે છે. સીંગાપોરની ટ્રેકટેકનોલોજી કંપની અને આઇબીએમે ૨૦૦૦ની સાલમાં બજારમાં મૂકેલી આ પ્રોડક્ટ, યુએસબી, ફ્લેશ કે પેન ડ્રાઇવ અત્યારે ડાટા ટ્રાન્સફર તેમજ ડાટા સ્ટોરેજ માટે ખૂબજ પોપ્યુલર છે તેનું કારણ તેની સાઇઝ, જે ખૂબજ નાની, બે કે અઢીં ઈંચ છે, વજનમાં હલકી છે, ભાગ્યે જ ૩૦ ગ્રામ હશે, અને કિંમત પણ પ્રમાણમાં ઓછી છે. ૨૦૦ થી ૨૨૫ રૂપિયામાં એક જી.બી.ની ડ્રાઇવ મળે છે.




યુએસબી પોર્ટમાં દાખલ કરી શકાય છે અને ડાટા ટ્રાન્સફર કર્યા પછી નીકાળી શકાય છે, રી-રાઇટેબલ છે, તેના ઉપર ફરીથી લખી શકાય છે, જે સી.ડી.માં થઇ શકતું નથી. અને આવી પેન ડ્રાઇવ જોઇએ તેટલી મોટી સાઇઝ (કેપેસીટી)માં મળે છે, ૧ જીબી થી ૧૨૮ જીબી સુધીની રેંજમાં તે ઉપલબ્ધ છે. સારી ક્વોલિટીની પેનડ્રાઇવ તમને દશેક લાખ વખત લખવા ને ભૂંસવા દે છે, એ તે દશેક વરસ સુધી તમારા ડાટાને સંગ્રહી શકવા ની ક્ષમતા ધરાવે છે.

- **ઇન્ટરનેટનું વ્યાકરણ :**

નવી ટેકનોલોજીના પદાર્પણ સાથે નવાનવા શબ્દો અને તેના ટૂંકા નામો વપરાશમાં આવતા જાય છે. આવાજ એક ચમત્કારનું નામ છે ઈન્ટરનેટ જેના આગમન સાથે કેટલાય નવા શબ્દો અસ્તિત્વમાં આવેલ છે, જે મોટેભાગે સર્વસ્વિકૃત થઇ ગયેલ છે, છતાં પણ વિવિધ લખાણોમાં વિવિધ શબ્દો વપરાતા જોવાય છે. મોટા ભાગની સ્ટાઇલ બુક અને ડીક્ષનરીઓએ એ વાત સ્વીકારેલ છે કે જ્યારે ઈન્ટરનેટ અને વર્લ્ડ વાઇડ વેબનો ઉપયોગ નામ તરીકે થતો હોય ત્યારે અંગ્રેજીમાં તેમના પ્રથમ અક્ષરોને કેપિટલમાં લખવા જોઇએ કારણ કે દુનિયામાં માત્ર એકજ ઈન્ટરનેટ છે અને એકજ વર્લ્ડ વાઇડ વેબ છે.

આમ છતાં પણ દરેક જણ બધીજ ઈન્ટરનેટ ટર્મીનોલોજી માટે સહમત થતા નથી. એસોસીએટેડ (એપી) ની સ્ટાઇલ બુક પ્રમાણે વેબ સાઇટ એ હંમેશ માટે બે શબ્દો છે, જ્યારે અન્ય લોકો તેને માત્ર એકજ શબ્દમાં “વેબસાઇટ” તરીકે પ્રયોજે છે, જેમાંથી કેટલાક વળી વેબસાઇટમાં અંગ્રેજી અક્ષર ડબલ્યું ને કેપિટલમાં લખે છે (Website) તો અન્ય માત્ર નાના અક્ષર (website) થી ચલાવવાનું મુનાસીબ માને છે.

આવી જ રીતે એપી સ્ટાઇલબુક કહે છે કે “ઓનલાઇન” શબ્દમાં હાયફન ન હોવા જોઇએ તો બીજા લોકો તેનો ઉપયોગ “ઓન-લાઇન” એમ હાયફન સાથે કરે છે, પછી ભલે તે સર્વનામ તરીકે વપરાતો હોય કે વિશેષનામ-વિશેષણ તરીકે.

વેબસ્ટર્સની ડિક્ષનરી ઇ-મેઇલ નો નામ તરીકે ઉપયોગ કરવા માટે ઇ ને કેપીટલમાં મૂકેલ છે (E-mail) પરંતુ શબ્દ તરીકે વાપરવા માટે માત્ર લોઅર કેઇસ (e-mail)નો જ ઉપયોગ કરેલ છે. જ્યારે એપી ની સ્ટાઇલબુક દરેક જગ્યાએ લોઅર કેઇસ (e-mail) વાપરવાનો આગ્રહ રાખેલ છે. દા.ત. દરેક જગ્યાએ જ્યાં ઈલેક્ટ્રોનીક માટે “ઈ” (e)નો ઉપયોગ થતો હશે ત્યાં આ નાનો ઇ વાપરવામાં આવતો હશે જેમકે ઇ-મેઇલ, ઇ-કોમર્સ, ઇ-બીઝનેશ, ઇ-ડે, ઇ-લર્નીંગ, ઇત્યાદિ.

આપણે ચાલુ વપરાશમાં જોઇએ છીએ કે દરેક જણ પોતાની રીતે ઇમેઇલ શબ્દ હાયફન સાથે, હાયફન વગર તેમજ ઇ કેપીટલ કરીને અને કેપીટલ વિના વાપરતા હોય છે. ખરેખર તો કોઇપણ સંસ્થાની આવા શબ્દોના ઉપયોગ માટે એક પોલિસી જરૂરી બની રહે છે કે તેના દરેક લખાણોમાં તેઓ એકજ પધ્ધતિનો ઉપયોગ કરે અને તેને વળગી રહે જેથી સાતત્ય જળવાય.

- **હોટ પ્લગીંગ :**

જ્યારે કોમ્પ્યુટર ચાલુ હોય ત્યારે કોઇ એક નવી ડિવાઇસ તેની સાથે જોડવામાં આવે અથવા તો કાઢી લેવામાં આવે, ત્યારે તુરત જ કોમ્પ્યુટરની ઓપરેટીંગ સિસ્ટમ તેને ઓળખીને આ ફેરફારની જાણ કરે છે, આ વ્યવસ્થાને હોટ પ્લગીંગ કહેવામાં આવે છે. બે બહારના બસ સ્ટાન્ડર્ડ, યુનિવર્સલ સીરીયલ બસ સ્ટાન્ડર્ડ (યુએસબી) અને આઇ-ઇઇઇ ૧૩૯૪ હોટ પ્લગીંગને સહાય કરે છે. હોટ પ્લગીંગ ને હોટ સ્વેપીંગ પણ કહેવામાં આવે છે.

- **લુપબેક પ્લગ :**

તેને લુપબેક એડેપ્ટર પણ કહેવામાં આવે છે, જે એક કનેકશન માટેની ડિવાઇસ છે જેને કમ્પ્યુટરના પોર્ટમાં દાખલ કરીને લુપબેક ટેસ્ટ કરવામાં આવે છે.

- **લુપબેક ટેસ્ટ :**

આ એક નિદાન માટેની વ્યવસ્થા છે જેમાં એક સિગ્નલ ને નેટવર્ક કે સર્કીટના બધાજ વિભાગોમાંથી પસાર કરવામાં આવે છે. જે સિગ્નલ પાછું આવે તેને ઇક્વિપમેન્ટ અથવા તો ટ્રાન્સમિશનના રસ્તાની સુનિયોજીતતા ચકાસવા માટે પહેલા ટ્રાન્સમિટ કરેલ સિગ્નલ સાથે સરખાવવામાં આવે છે. કમ્પ્યુટરમાં લુપબેક પ્લગ હોવું જરૂરી છે જેથી તેને પોર્ટમાં દાખલ કરીને તેનો લુપબેક ટેસ્ટ કરી શકાય.

- **બૂટ, બૂટીંગ, બૂટસ્ટ્રેપ લોડર અને બૂટ સેક્ટર**

ગયા અંકમાં આપણે બૂટીંગ શબ્દની

સમજ મેળવી. આ વખતે આપણે આ બૂટીંગના મૂળમાં જઇ અને તેની વિભાવના, તેના સિદ્ધાંતનો ઉપયોગ ક્યારે થયો તે જોઇશું.

**બૂટસ્ટ્રેપીંગ કન્સેપ્ટ :-**

આઇબીએમ ૭૦૧ (૧૯૫૨-૫૬) નામના કમ્પ્યુટરમાં આ બૂટસ્ટ્રેપીંગના કન્સેપ્ટ કે સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવેલ હતો, જેમાં એક ''લોડ'' નામનું બટન આપવામાં આવેલ જેનાથી પંચ કાર્ડ કે મેગ્નેટીક ટેપ કે ડ્રમ યુનીટ (જે અત્યારની હાર્ડ ડીસ્ક ડ્રાઇવનું કાર્ય પહેલાં કરતાં હતાં) માના પ્રથમ ૩૬ બીટના શબ્દને વાંચવાનું કાર્ય કાર્ડ રીડર મારફતે કરવામાં આવતું હતું.

**BOOT SECTOR :**

બૂટ સેક્ટર એટલે હાર્ડ ડિસ્ક, ફલોપી ડિસ્ક, યુએસબી ફ્લેશ ડ્રાઇવ કે તેના જેવી અન્ય ડાટા સ્ટોરેજ ડિવાઇસોનો તે ભાગ કે જેમાં બૂટીંગ પ્રોગ્રામ, સામાન્ય રીતે પરંતુ જરૂરી નહિં, ઓપરેટીંગ સીસ્ટમને સંગ્રહવામાં આવેલ હોય છે તે.

**COMPILER - કમ્પાઇલર :**

કમ્પાઈલર એક સિસ્ટમ સોફ્ટવેર છે, કોમ્પ્યુટર પ્રોગ્રામ છે જે એક કોમ્પ્યુટરની ભાષામાં લખેલ સોર્સ કોડને અન્ય ભાષામાં ફેરબદલ કરે છે, રૂપાંતરીત કરે છે. સોર્સ કોડ એ પાયાની ઇંટ જેવો છે, જેના થકી પ્રોગ્રામ લખાય છે, જે મશીન લેન્ગ્વેજ કે કોમ્પ્યુટરની ભાષા કહેવાય છે. તેને કોમ્પ્યુટરની અન્ય ભાષામાં રૂપાંતરીત કરી શકાય છે, જે મોટે ભાગે બાઇનરી ફોર્મમાં હોય છે, જેને ટારગેટ ભાષા કહેવાય છે. આવું કરવાનું કારણ માત્ર એજ છે કે તે પ્રોગ્રામને ચલાવવા માટે એક શરૂઆત કરવાની ફાઇલ બનાવવી પડે જેને એક્ઝીક્યુટેબલ ફાઇલ કહેવાય છે. આવી ફાઇલોને ઓળખવા માટે તેને છેડે ડોટ(.) અને ત્યાર બાદ EXE (જે એક્ઝીક્યુટેબલ નું અંગ્રેજીમાં ટૂંકુ સ્વરૂપ છે, તે ત્રણ અક્ષરો) થી પ્રદર્શિત કરવામાં આવે છે.

આ મશીન લેન્ગવેજ કે એસેમ્બલી લેન્ગવેજને હાયર લેવલ કે ઉચ્ચ શ્રેણીની ભાષા કહેવામાં આવે છે જે ૦૧૦૧૦૧૦૧ જેવી બાયનરી ફોર્મ કે એન્ક્રિપ્ટેડ કે કોડ લેન્ગવેજમાં હોય છે અને લોવર લેવલ એટલે આપણે જે વાંચી શકીએ છીએ તે ભાષા, જે મુખ્યત્વે અંગ્રેજી અને હવે ગુજરાતી પણ અન્ય ભાષાઓની સાથે કમ્પ્યુટરની દુનિયામાં જોવા મળે છે. જે પ્રોગ્રામ લોવર લેવલથી હાયર લેવલ માં ટ્રાન્સલેટ કરે તેને ડી-કમ્પાઇલર કહેવામાં આવે છે.

આવા જ જાણવા જેવા અન્ય શબ્દો નીચે આપેલ છે.

લેન્ગ્વેજ રી-રાઇટર : સામાન્ય રીતે એક પ્રોગ્રામ છે જે માત્ર શબ્દો કે વાક્યોને આગળ પાછળ કરી, કદાચ થોડુંક ઉમેરી કે કાપીને, ભાષા બદલાવ્યા સિવાય ફરીથી લખી આપે છે.

કમ્પાઈલર નીચે આપેલ દરેક કે મોટાભાગની બાબતો કરી શકે છે.

***લેક્ષિકલ એનાલિસીસ*** = શબ્દ શાસ્ત્ર મુજબ વર્ગીકરણ

***પ્રિ-પ્રોસેસીંગ*** = શરૂઆતની પ્રક્રિયા

***પારસીંગ*** = બોલાયેલ શબ્દો ને કે સ્પિચના વાક્યોને જેમ ની તેમજ ગોઠવી આપે છે.

***સેમાન્ટીક એનાલિસીસ*** = આ વર્ગીકરણ લખાયેલ શબ્દો માટે વપરાય છે.

***સિન્ટે એનાલિસીસ*** = વાક્યરચના કે તેના નિયમો પ્રમાણે, નિયમોને ધ્યાનમાં રાખીને તેનું વર્ગીકરણ

***કોડ જનરેશન*** = કોડ કે સાંકેતિક શબ્દો બનાવવાની પ્રક્રિયા

***કોડ ઓપ્ટીમાઈઝેશન*** = સાંકેતિક શબ્દો ને વ્યાજબી રીતે ગોઠવવા માટે

એક શબ્દ છે કમ્પાઈલર-કમ્પાઈલર, જે ક્યારેક વપરાય છે, જેનો મતલબ થાય છે પાર્સર જનરેટર (એક જાતનું ટૂલ) જે કમ્પાઈલર બનાવવા માટે વાપરવામાં આવે છે.

જ્યારે હાયર લેવલની ભાષાઓની ત્યારે શોધ નહોતી થઇ, ત્યારે શરૂઆતના સોફ્ટવેર વરસો સુધી પ્રાથમિક રીતે એસેમ્બલિ કે મશીન ભાષામાં લખવામાં આવતા હતા. જ્યારે હાયર લેવલની ભાષાઓ શોધાણી, ત્યારથી કમ્પાઈલરો બનવા લાગ્યા. પ્રથમ કમ્પાઈલર એ-ઓ નામની પ્રોગામીંગ ભાષા માટે ગ્રેસ હોપરે ૧૯૫૨માં લખ્યું. ૧૯૫૭માં ફોરટ્રાન નામની ભાષા બનાવતી જહોન બાકુસ ની ટીમે આઇબીએમ નામની કંપની માટે સંપૂર્ણ કમ્પાઈલર બનાવ્યું. કોબોલ ભાષા પ્રથમ એવી ભાષા હતી કે જે વિવિધ ડિઝાઇનો-આર્કિટેક્ચરો નો ઉપયોગ કરીને ૧૯૬૦માં કમ્પાઇલ કરવામાં કે બનાવવામાં આવેલ હતી.

**WORD PROCESSOR - વર્ડ પ્રોસેસર**

વર્ડ પ્રોસેસરનો સમાવેશ એપ્લિકેશન સોફ્ટવેર વિભાગમાં કરવામાં આવેલ છે. તેને સામાન્ય રીતે ડોક્યુમેન્ટ કે દસ્તાવેજ બનાવવાની સિસ્ટમ તરીકે ઓળખવામાં આવે છે. અને તે કમ્પ્યુટરમાં વપરાય છે માટે તેને કમ્પ્યુટર એપ્લિકેશન કહેવામાં આવે છે.

વર્ડ પ્રોસેસર એટલે શબ્દોને ધારેલી રીતે ગોઠવવા ની પ્રક્રિયા, જે લેખકો અને પેન સાથે પનારા પાડનાર વ્યક્તિઓ કાગળ ઉપર કરતી હોય છે. આ કમ્પ્યુટરના આગમન અને સતત સુધરતી ટેકનોલોજી ને કારણે આ પ્રક્રિયામાં પેન-પેપર ને બદલે કી-બોર્ડ અને સ્ક્રિન નો સહારો મળે છે, અને આખો લેખ કે લખાણ યોગ્ય લાગે ત્યારેજ, જરૂર હોય તો પેપર ઉપર પ્રિન્ટ લેવાય છે, તે રીતે કાગળોનો બચાવ થાય છે અને પેનનો વપરાશ ઓછો કરવો પડે છે.

૧૯૭૦ અને૧૯૮૦ના દાયકાઓમાં કી-બોર્ડ અને ઇલેક્ટ્રીક ટાઇપરાઇટર અને સાથે તે લખાણોમાં ફેરફાર કરવા માટે, એડીટ કરવા માટે, તેની અંદર જ કમ્પ્યુટર જોડાયેલ રહેતું હતું, તે પણ વર્ડ પ્રોસેસર જ કહેવાતું હતું. આવા ઇલેક્ટ્રીક ટાઇપરાઇટર તો હવેની પેઢીને મ્યુઝિયમમાં જ જોવા મળે.

- ***હેલ્થ ફર્સ્ટ :***

***Laughing every day can boost your immune system.***

એક સરાદારજી હાર્ડવેર સ્ટોરમાં જઇને એક હથોડી અને એક છીણી ખરીદવા માંગતો હતો.

સ્ટોરના માલિકે પૂછ્યું, સરદારજી શું કરવાનું છે?

સરદારજી કહે : 'યાર, કમ્પ્યુટર ખરીદા હૈ, મગર ઉસમે વિન્ડો નહિં હૈ, સોચતા હૂં, એક વિન્ડો બના દૂં!!!!' ■

## શુભેચ્છાઓ સાથે

**"હિશાબ"**

**પોઇન્ટ ઓફ સેલ સિસ્ટમ**

**(ગુજરાતી અને અંગ્રેજીમાં)**

"હિશાબ સિસ્ટમ" એ છુટક તેમજ જથ્થાબંધ ચીજવસ્તુઓના વેપારી તેમજ રેસ્ટોરન્ટસ્ માટે ગુજરાતી તેમજ અંગ્રેજીમાં વિન્ડોઝ અને લિનક્ષ પ્લેટફોર્મ પર ચાલતું સ્થાનિક જરૂરિયાતોને લક્ષમાં લઇને ઇન્ફાઇનાઇટ ઇન્ડિયા દ્વારા નિર્મિત સોફ્ટવેર છે. આ સોફ્ટવેર અમારી સાઇટ "www. hishab.com" ઉપરથી વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

"હિશાબ સિસ્ટમ" સંલગ્નિત સેવાઓ માટે નીચે મુજબ વ્યક્તિઓની જરૂરીયાત છે. આપણા સમાજની, રસ ધરાવતી વ્યક્તિઓને, અમારા પરીક્ષણમાં પાર ઉતરશે તો, અગ્રીમ પસંદગી આપવામાં આવશે.

૧. *હિશાબ ગ્રુપ- એકાઉન્ટસ લખવાનું કામ કરતા ભાઈઓ તેમજ બહેનો- ગુજરાતના બધા જ શહેરો.*

૨. *ટેક્ષમેન ગ્રુપ- સેલ્સ ટેક્ષ - વેટ ટેક્ષના પ્રેક્ટીશનર્સ- ગુજરાતના બધા જ શહેરો*

૩. *માર્કેટીંગ એસોસિએટ્સ - ગુજરાત*

૪. *ટ્રેઈનીંગ ટીમ- કમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા યુવક-યુવતીઓ અને સ્ટૂડન્ટસ્- અમદાવાદ*

૫. *ગ્રાફિક ડિઝાઈનર્સ- અમદાવાદ ઓફીસ માટે*

• *સંપર્ક* •

**પત્ર વ્યવહાર : ટી.એલ. કંસારા**

UL/10, સાર્થક ટાવર્સ, રામદેવનગર, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

Email : jobs@infiniteindia.com

ફેક્ષ : 079-26927247 Mo. : +91-98250 82639

લેન્ડલાઇન : 079-26923257


## ઈન્ફાઈનીટ ઈન્ડિયાના હિશાબ યુસર્સ ગ્રુપ (એચ.યુ.જી.)ના માર્કેટીંગ એસોસિએટ તરીકેની સ્વાયત્ત કારકિર્દી

સોફ્ટવેર ક્ષેત્રે છેલ્લા પાંચેક વર્ષથી કાર્યરત 'ઈન્ફાઈનીટ ઈન્ડિયા' કંપનીએ તાજેતરમાં 'હિશાબ પોઈન્ટ ઓફ સેલ સિસ્ટમ' નામનું 'સોફ્ટવેર' બજારમાં મૂકેલ છે, જે 'લીનક્ષ' તેમજ 'વિન્ડોઝ' ઉપર ચલાવી શકાય છે. છુટક વેપારીઓ તેમજ રેસ્ટોરન્ટ માટે ઉપયોગી આ સોફ્ટવેર અંગ્રેજી તેમજ ગુજરાતી બંને ભાષામાં છે. જે, વેપારી આલમ માટે ટેક્સ આદિની સરળતાથી ગણતરી કરી બીલમાં પણ છાપી આપે છે.

આ સોફ્ટવેર 'hishab.com' સાઈટ પરથી નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાય છે, જેના ઉપયોગ માટે કંપની દ્વારા નિઃશુલ્ક તાલીમ વ્યવસ્થા Hishab Users Group (HUG)ના સભ્યો માટે ઉપલબ્ધ છે. કંપની દ્વારા – HUGના સભ્યો નોંધવા, ગુજરાતમાં વિવિધ કેન્દ્રો માટે, માર્કેટીંગ એસોસિએટ્સની નિમણુંક થઈ રહી છે.

HUGની સભ્ય નોંધણી ફી રૂા. ૧૫૦૦/- છે. ઈન્ફાઈનીટ ઈન્ડિયાના પ્રોપરાઈટર, જેઓશ્રી આપણા જ્ઞાતિમંડળના સભ્ય છે, તેમણે ઉપરોક્ત ફી નો એક ટકો એટલે પ્રતિ સભ્ય રૂા. ૧૫/- જ્ઞાતિ મંડળને શૈક્ષણિક કાર્ય માટે આપવા નિર્ધાર કર્યો છે, તેમજ આપણી જ્ઞાતિના કમ્પ્યુટર લીટરેટ યુવા-યુવતીઓ માટે 'અર્થોપાર્જન'ની તક ઊભી કરી છે. આ તક છે, કંપનીના માર્કેટીંગ એસોસિએટ તરીકે કાર્ય કરી પ્રતિ નોંધાયેલ સભ્ય દીઠ દસથી પંદર ટકા કમિશન મેળવી શકાય છે.

***માર્કેટિંગ એસોસિએટ (MA) ની અપેક્ષિત આવક :***

MAને તેમના ટારગેટ્સ અને કામગીરી મુજબ ત્રણ વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે અને પ્રથમ ત્રણ મહિના માટે કમિશનનું ધોરણ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| *કેટેગરી* | *સભ્ય નોંધણી* | *કમિશન%* |
|---|---|---|
| A | ૧૫૦ | ૫ |
| A1 | ૧૦૦ | ૧૨.૫ |
| A2 | ૭૫ | ૧૦ |

ઉપરના કોષ્ટક મુજબ AA – MA જો ટારગેટ મુજબ કામગીરી કરે તો તેમની અપેક્ષિત આવક રૂા. ૧,૦૧,૨૫૦/-ની પ્રથમ ત્રણ માસમાં થાય. આટલું જ નહીં, પરંતુ આ આવકમાં સિસ્ટમ સી.ડી. મારફત સેટ-અપ કરી આપવાના મેમ્બરદીઠ રૂા. ૧૦૦/- પ્રમાણે ૪૫,૦૦૦ ઉમેરાશે. તેમજ અન્ય સેવાઓ માટે પણ કમિશન મેળવવા ઉમદા તકો રહેશે. આપણા સમાજના જે સભ્યો ઈન્ફાઈનાઈટ ઈન્ડિયાના માર્કેટીંગ એસોસિએટ્સ તરીકે કામ કરવા માંગતા હોય તેમણે "હિશાબ યુઝર્સ ગ્રુપ"ના સભ્યો કેવી રીતે નોંધવા તેમજ "હિશાબ પી.ઓ.એસ. સિસ્ટમ" કેવી રીતે વાપરી શકાય છે, તે સમજવા માટે શ્રી ટી. એલ. કંસારાનો સંપર્ક કરવો.

***ઈ-મેઈલ : tkansara@gmail.com***

***Ph. : 079-26927247, 079-26923257 Mobile : 98250 82639***

***પત્ર વ્યવહાર : Infinite India***

# બાંધકામ તેમજ પેટ્રો કેમિકલ ક્ષેત્ર

તાજેતરમાં બાંધકામક્ષેત્રને લગતી વ્યવસાયલક્ષી કૌશલ્ય તાલીમ નિયામકશ્રી, રોજગાર અને તાલીમ કચેરી, ગાંધીનગરની તાબાની રાજ્યની ૧૨ (બાર) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં શરૂ કરવામાં આવી છે.

લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ એક પ્રાઇવેટ કંપની છે. જેની બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલ કંપની લાર્સન એન્ડ ટુબ્રો ઇ.સી.સી. સાથે રોજગાર અને તાલીમ નિયામકશ્રીના સંકલના દ્વારા બાંધકામ ક્ષેત્રે કૌશલ્યસભર તાલીમ કેન્દ્ર ઊભા કરવા તેના સહયોગથી તાંત્રિક માર્ગદર્શન મેળવી કુશળ કારીગરો તૈયાર કરવા MOU કરેલ છે જેમાં લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડના ચાચરવાડી (સરખેજ-બાવળા નેશનલ હાઇવે નં. ૮) પર આવેલ તાલીમ કેન્દ્ર તેમજ ચેન્નાઇ ખાતે આ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પ્રશિક્ષકોને ખાસ તાલીમ આપવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આવી તાલીમબદ્ધ યુવાનોને લાર્સન એન્ડ ટુબ્રો તેમજ બાંધકામ ક્ષેત્રે સંકળાયેલ અન્ય ઔદ્યોગિક ગૃહો દ્વારા વિપુલ રોજગારી મળવાની શક્યતા છે.

હાલમાં, ગુજરાત રાજ્યની ૧. સરખેજ ૨. દહેગામ ૩. હિંમતનગર ૪. સુરેન્દ્રનગર ૫. મોડાસા ૬. લીમખેડા ૭. દાહોદ ૮. ભિલોડા ૯. વડનગર ૧૦. પાલનપુર ૧૧. રાજકોટ અને ૧૨. તરસાલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે કન્સ્ટ્રકશન સ્કીલની ટ્રેનિંગ શરૂ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ માટે ફી



માસિક રૂા. ૫૦ છે.

હાલમાં રાજ્યમાં બાંધકામક્ષેત્રમાં પરંપરાગત તેમજ જરૂરિયાત મુજબ માનવબળ કામ કરે છે. પરંતુ તે માટેની તાલીમના અભાવે તેમજ આ ક્ષેત્રની ખાસ તાલીમ કે પ્રમાણપત્ર ધરાવતા ન હોવાથી નાના કોન્ટ્રાક્ટરથી મોટી કંપનીઓ ખાતે પૂરતી તકો મેળવી શકતા નથી. રાજ્યમાં આવા માનવબળની સંખ્યા ઘણી વિશાળ છે. આવા તાલીમી કાર્યક્રમમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી રહે તેમ જ જે અર્ધ-કુશળ માનવબળ કે જે કદાચ પોતાનું રોજિંદુ કામકાજ છોડીને તાલીમ લેવા માટે આવે તે માટે પ્રોત્સાહન રૂપે રોજગાર વળતરભથ્થું ચૂકવવાની પણ જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં શહેરી વિસ્તારોમાં વાર્ષિક આવક રૂ. ૩૬,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭,૦૦૦ની મર્યાદામાં આવક ધરાવનાર તાલીમાર્થીઓને તાલીમના પ્રતિ દિવસના રૂ. ૧૦૦ લેખે રોજગાર વળતરભથ્થુ તેમજ જે તે વ્યવસાયને અનુરૂપ રૂ. ૪,૦૦૦ ની મર્યાદામાં ટુલકીટ આપવામાં આવશે. આવા તાલીમાર્થીઓને ટ્યૂશન ફી, પરીક્ષા ફી તેમજ સર્ટિફિકેશન ફીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ કે જે ગ્રામ્ય વિકાસ વિભાગની ગરીબી રેખાની (બી.પી.એલ.) યાદીમાં છે તેઓએ આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી. આમ, રોજગાર અને તાલીમ નિયામકશ્રીના સંચનાલય દ્વારા ગુજરાતના યુવાધનને બાંધકામ ક્ષેત્રે કૌશલ્ય સભર તાલીમબદ્ધ કરી કુશળતા આપી સામાજિક હેતુ સિધ્ધિ અર્થે આ પહેલ કરવામાં આવેલ છે.

***હાલમાં રાજ્યમાં શરૂ કરાયેલ અભ્યાસક્રમો***

| ***ક્રમ*** | ***વ્યવસાયનું નામ*** |
|---|---|
| ૧. | કન્સ્ટ્રકશન ઇલેક્ટ્રિશિયન અને વાયરમેન (ઇલેક્ટ્રિશિયન અથવા વાયરમેન) |
| ૨. | ફોમવર્ક અને કારપેન્ટ્રી |
| ૩. | બારબેન્ડીંગ |
| ૪. | સ્કેફોલ્ડીંગ |
| ૫. | પ્લમ્બિંગ અને સેનેટરી |

ક્રમ ૧ થી ૪નો અભ્યાસ સમયગાળો ૩ માસ છે. ક્રમ-૫ નો સમયગાળો માત્ર ૧ માસ છે. ક્રમ-૧ના અભ્યાસમાં દાખલો મેળવવા માટે આઈ.ટી.આઈ. પાસ હોવું જરૂરી છે. ક્રમ ૨ થી ૫ માટે યોગ્યતો ધોરણ-૫ થી ૧૦ વચ્ચેની છે.

# પેટ્રો કેમિકલ એન્જિનિયરીંગમાં પ્રવેશ

તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દી ઘડવાની અપાર સંભાવના ધરાવતું ક્ષેત્ર પેટ્રોકેમિકલ એન્જિનિયરિંગ છે. આ ક્ષેત્રે અપસ્ટ્રીમ (તેલ અને ગેસની શોધ) અને ડાઉનસ્ટ્રીમ (રિફાઇનિંગ) બંને સ્તર પર પ્રતિભાશાળી લોકોની ખોટ છે.

- ***અભ્યાસ :*** ઉત્તરપ્રદેશના રાયબરેલી જિલ્લામાં જૈસ ખાતે આવેલી ડીમ્ડ યુનિવર્સિટી 'રાજીવ ગાંધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી'માંથી આ અભ્યાસ કરી શકાય છે. પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ભારત સરકારના પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે આ સંસ્થા કામ કરે છે. વધુ માહિતી માટે વેબસાઇટ www.rgipt.inનો સંપર્ક કરો.

***અન્ય શૈક્ષણિક સંસ્થાઓ :***

પેટ્રોલિયમ ટેકનોલોજીમાં બી.ટેક કરવા માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, કાનપુર ખાતે જોઇન્ટ એન્ટ્રસ એક્ઝામ દ્વારા પ્રવેશ મેળવી શકાય છે. કાનપુર વિશ્વ વિદ્યાલય, કલ્યાણપુર, કાનપુર-૨૦૮૦૨૪, અલીગઢ મુસ્લિમ વિશ્વ વિદ્યાલય, ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ સ્ટડિઝ એન્ડ કેમિકલ એન્જિનિયરિંગ, અલીગઢ-૨૦૨૦૦૨

***પ્રવેશ માટેની યોગ્યતા***

ભૌતિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત (પીસીએમ) અને અંગ્રેજી સાથે ઇન્ટરમીડિએટ (૧૦ + ૨) (૪૫ ટકા માર્ક્સ સાથે પાસ) કરેલું હોવું જોઇએ. અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલયમાંથી એન્જિનિયરિંગ માં ડિપ્લોમાં નો અભ્યાસ કર્યો હોય અને સેકન્ડ ક્લાસ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓ પણ પ્રવેશપાત્ર છે.

ભૌતિકશાસ્ત્ર રસાયણશાસ્ત્ર, ગણિત (પીસીએમ) અને અંગ્રેજી સાથે ૧૨મું ધોરણ પાસ કરેલા વિદ્યાર્થીઓ ઇન્ડિયન સ્કૂલ ઓફ માઇન્સ, ધનબાદ ખાતે પેટ્રોલિયમ પ્રોસેસિંગ અને પેટ્રોકેમિકલમાં અનુસ્નાતક (એમ.એસ.સી.) કક્ષાનો અભ્યાસ કરી શકે છે. તદુપરાંત યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડિઝ, દહેરાદુન (ઉત્તરાખંડ) ખાતે પણ પેટ્રોકેમ ક્ષેત્રના અભ્યાસક્રમ ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે વેબસાઇટ ક્લિક કરોઃ www.upesindia.org,

kalash@guj.bhaskarnet.in


## ચિત્રકલાના શોખીનો માટે રોજગારી અપાવતો વ્યવસાય – 'મડવર્ક'

**કૃપા જીતેન બુધ્ધભટ્ટી - ભુજ**

આપણી જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય સોના-ચાંદીનો છે પરંતુ સોના ચાંદીના ભાવો આજે આસમાન આંબી રહ્યા છે. વળી મશીનરી યુગના કારણે મોટાભાગના ઘરેણા મશીનોમાં બનતા થયા છે. આથી કારીગર વર્ગને મોટો ફટકો પડ્યો છે. આપણા સમાજમાં ઘણી બધી મહિલાઓ છે, જે ચાંદીની ચેનો ચડાવી સ્વનિર્ભર બનતી હતી. પરંતુ આજે આ કામ બંધ થયું છે. ઘણા બધા કારીગરો બીજા ધંધા તરફ વળ્યા છે. આવા સમયે મહિલાઓ માટે મડવર્ક એ એવી કલા છે કે થોડા સમયમાં શીખી, તેમાંથી રોજગારી મેળવી શકાય અને ઓછા રોકાણે સારૂં એવું વળતર મેળવી શકાય.

આજના આધુનિક સમયમાં આ ગ્રામીણ કચ્છી કલાનો વ્યાપ દેશ-વિદેશમાં વધ્યો છે. ચિત્રકલામાં રસ ધરાવનાર આ મડવર્ક સરળતાથી શીખી શકે છે. ફક્ત થોડા સમયમાં આ ભાતીગળ માટીકામ શીખી શકાય છે. મડવર્ક ફક્ત ડ્રોઇંગ રૂમની દીવાલ કે ઘરની બહાર જ કરવામાં આવે એવું નથી હવે હોટલોમાં પણ આ વર્ક થાય છે. ફ્રેમ બનાવી, માટીકામ કરી અને પેઈન્ટીંગ કરી શોપીંગ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.





મડવર્ક કરતા પહેલા દેશી માટી, કાગળનો માવો, ફેવિકો, સરસ અને દેશી ગુંદર મિક્સ કરો. ગુંદરને ઉકાળી ઠંડુ કરી પછી માટીમાં નાખવું. જે જગ્યા પર મડવર્ક કરવું હોય તેના પર માટીનો લેપ કરવો. લેપ સૂકાઈ જાય પછી માટીને મસળી, પાતળી દોરી બનાવો અને તેનાથી મનગમતી ડિઝાઈન દીવાલ પર બનાવો. ઉપસેલા ભાગમાં કાચના આભલા ચોંટાડો. પછી તેમાં મનગમતા પ્લાસ્ટીક પેઈન્ટ કલર કરો. તમે આખી દીવાલ પર મડવર્ક ન કરવા માંગતા હો તો ફ્રેમિંગમાં પણ શોપીસ બનાવી શકો. ફ્રેમીંગ બનાવવા માટે લાકડાની શીટ લઈ ઉપર મુજબની પ્રોસેસ કરો. મડવર્કને સબ્જેક્ટ પ્રમાણે પણ બનાવી શકાય. ત્રણ-ત્રણની ફ્રેઈમ બનાવીને પણ લગાવી શકાય.

મને આશા છે કે આ માહિતી દ્વારા ઘણી બધી મહિલાઓ માટે મડવર્ક બનાવવું આસાન બની જશે. આ માહિતી જ્ઞાતિસેતુમાં આપવા માટે આયોજકોએ મને પ્રોત્સાહિત કરી એ બદલ હું તેમનો આભાર માનું છું.

---

## અમદાવાદને આંગણે 'આપણા ઘર'ના પ્રથમ અતિથિનો અભિપ્રાય.....

સામાન્ય રીતે જ્યારે પણ ભુજ કચ્છથી વિદ્યાર્થિનીઓને પરીક્ષા બાબતે અથવા અન્ય કોઈને સર્વિસ બાબતે, કચ્છ બહારનું સેન્ટર મળે ત્યારે એ સેન્ટરમાં રહેવાની શું વ્યવસ્થા થશે એ પ્રશ્ન ઊભા થતા હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમદાવાદના શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ તરફથી એક વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે એ ખૂબ જ આવકારદાયક બાબત છે. અમદાવાદ કોમર્સ છ રસ્તા, ટેરેસ એપાર્ટમેન્ટમાં કરવામાં આવેલી ફ્લેટની વ્યવસ્થા – જેમાં રહેવાની સંપૂર્ણ સગવડ છે, એનો લાભ અમને મળ્યો. પેપર તપાસણી ફરજ માટે ૫ દિવસ માટે અમને અમદાવાદ ઉતરવાનું થયું હતું. ત્યારે ફોન પર જ કચ્છથી વાત કરેલી અને પૂરા સહકાર સાથે વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. અહીં એ પાંચ દિવસના રોકાણ બાદ એમ કહી શકું છું કે અન્ય કોઈ પણ સ્થળ પર ઉતરવા કરતાં આપણી જ્ઞાતિ તરફથી કરી આપવામાં આવતી વ્યવસ્થા વધારે સારી અને ચિંતામુક્ત રહે છે. કચ્છની વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ માટે આ વ્યવસ્થા ઉત્તમ રહેશે તેવી આશા છે. ખાસ તો, વિદ્યાર્થીનીઓને મુશ્કેલી ન થાય તે માટે જગ્યા પણ કોલેજ સેન્ટરની બાજુમાં રહેલી છે એ જોવામાં આવ્યું છે.

***– ફોરમ સોની, માધાપર***

# આઈસ્ક્રીમ

નીતાબેન જગદીશભાઈ બગ્ગા - ભુજ

ઘર બેઠા બજાર જેવી કોઈપણ આઈસક્રીમ બનાવવા સૌપ્રથમ બેઝીક બનાવવું તે માટે નીચે મુજબ સામગ્રી ભેગી કરો.

અડધો લીટર અમુલ ગોલ્ડ દૂધ, G.M.S. પાવડર ૧½ ટે.સ્પૂન, કોર્નફ્લોર ૧½ ટે.સ્પૂન., C.M.S. પાવડર ૧/૪ ટી.સ્પૂન, ખાંડ ૭.૫ ટે.સ્પૂન, મલાઈ એક કપ.

બેઝીક બનાવવા ઉપરોક્ત સામગ્રી ઠંડા દૂધમાં મિક્સ કરો. ત્યારબાદ આ મિક્સને ગેસ પર એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરવું. આ મિક્સને ગેસ પરથી ઉતારી ઠંડુ પડવા દો. ઠંડુ પડ્યા બાદ તેને પ્લાસ્ટીકના ડબ્બામાં મૂકી ફ્રીઝમાં જમાવવા રાખી દેવું.

- **વેનીલા**

વેનીલા આઈસક્રીમ બનાવવા માટે બેઝીકમાં એક કપ મલાઈ અને વેનીલા એસેન્સ નાખી મિક્ષ્ચરમાં ચર્ન કરવું જેથી તેમાં હવા ભરાઈ અને ફૂલી જાય ત્યાર બાદ તરત ફ્રીઝરમાં જમાવવા મૂકી દેવું. જામી ગયા બાદ વેનીલા આઈસક્રીમ ખાવા-ખવડાવવા તૈયાર છે.

- **રોઝ**

રોઝ આઈસક્રીમ બનાવવા માટે બેઝીકમાં એક કપ મલાઈ અને રોઝ એસેન્સ તથા રાસબરી રેડ કલરને સહેજ પાણીથી લીક્વીડ કરો.ત્યારબાદ આ મિક્ષણને મિક્ચરમાં ચર્ન કરવું અને તરત ફ્રીજરમાં જમાવવા મૂકી દેવું. જામી ગયા બાદ સર્વ કરો. સર્વ કરતી વખતે ચેરી અને ગુલાબની પાંદડીથી ડેકોરેટ કરો.

- **કાજુ-દ્રાક્ષ**

કાજુ-દ્રાક્ષ આઈસક્રીમ બનાવવા માટે બેઝીકમાં એક મલાઈ અને રાજભોગ બદામ, એસેન્સ તથા અડધો કપ શેકેલા કાજુ અને અડધો કપ પલાળેલી કીસમીસ નાંખો. ત્યારબાદ આ મિક્ષને મિક્ચરમાં ચર્ન કરવું અને તરત ફ્રીઝરમાં જમાવવા મૂકી દેવું. જામી ગયા બાદ સર્વ કરો.

- **અંજીર**

અંજીર આઈસક્રીમ બનાવવા માટે બેઝીકમાં ૮ પીસ અડધો કલાક સુધી ૧/૨ કપ ગરમ દૂધમાં પલાળેલા, એક કપ મલાઈ અને મિક્સફ્રૂટ એસેન્સ નાખી મિક્ષ્ચરમાં ચર્ન કરવું અને તરત ફ્રીજમાં જમાવવા મૂકી દેવું. જામી ગયા બાદ ઉપર ડેકોરેશન માટે અંજીર અને ડ્રાયફ્રૂટનો ઉપયોગ કરવો.

- **બટરસ્કોચ**

બટરસ્કોચ આઈસક્રીમ બનાવવા માટે સૌપ્રથમ ક્રન્ચીસ બનાવવા. તે માટે ૨ થી ૩ ટે.સ્પૂન ખાંડને નોન સ્ટીક તવી પર બ્રાઉન થાય ત્યાં સુધી શેકી તેમાં અખરોટના પીસ નાખી ચીકી જેવું બનાવવું. પછી તેને થોડું ખાંડીને નાના ટુકડા કરી નાખવા. હવે બેઝીકમાં ક્રન્ચીસ, એક કપ મલાઈ, બટરસ્કોચ એસેન્સ તથા ઓરેન્જ રેડ કલર નાખી મિક્ષ્ચરમાં ચર્ન કરવું અને તરત ફ્રીજમાં જમાવવા મૂકી દેવું.

- **કેસર પીસ્તા**

કેસર પીસ્તા આઈસક્રીમ બનાવવા બેઝીક બનાવતી વખતે અડધો કપ દૂધમાં પલાળેલી કેસર તેમા નાખી દેવી ત્યારબાદ તેને પ્લાસ્ટીકના ડબ્બામાં મૂકી ફ્રીજરમાં જમાવવા રાખી દેવું. જમાવેલા બેઝીકમાં કેસર પીસ્તા એસેન્સ, ૧ કપ મલાઈ, કેસરી કલર, ૧ કપ શેકેલા પીસ્તા નાખી ચર્ન કરવું ત્યાર બાદ તરત ફ્રીજરમાં જમાવવા મૂકી દેવું.

- **ચોકલેટ**

ચોકલેટ આઈસક્રીમ બનાવવા જમાવેલા બેઝીકમાં કોકો પાવડર ૨।। ટે.સ્પૂન, ડ્રીંકીંગ ચોકલેટ ૧।। ટે.સ્પૂન ચોકલેટ એસેન્સ, ૧ કપ મલાઈ નાખી ચર્ન કરો. ત્યારબાદ તરત ફ્રીજરમાં જમાવવા મૂકી દેવું. સર્વ કરતી વખતે ડેરીમિલ્ક અથવા અમુલ ચોકલેટના નાના નાના પીસ કરી ડેકોરેશન કરવું.

- **ચીકુ**

ચીકુ આઈસક્રીમ બનાવવા માટે બેઝીક બનાવતા પહેલા ૨ ચીકુના નાના પીસ કરી ૩ ટે.સ્પૂન ખાંડ નાંખી ૨ મિનિટ ગેસ પર ગરમ કરવું. જેથી તેનો પલ્પ તૈયાર થઈ જશે. તેને બેઝીક બનાવતી વખતે તેમાં નાખી દેવું. ત્યારબાદ તેને પ્લાસ્ટીકના ડબ્બામાં મૂકી ફ્રીજરમાં જમાવવા રાખી દેવું. જમાવેલા બેઝીકમાં મિક્સ ફ્રૂટ એસેન્સ, ૧ કપ મલાઈ નાખી ચર્ન કરવું. ત્યારબાદ તરત ફ્રીજમાં જમાવવા મૂકી દેવું.

- **મેંગો**

મેંગો આઈસક્રીમ બનાવવા માટે બેઝીક બનાવતા પહેલા ૨ કપ મેંગોના નાના પીસમાં ૪ ટે.સ્પૂન ખાંડ નાખી ૨ મીનીટ ગેસ પર ગરમ કરવું. જેથી તેનો પલ્પ તૈયાર થઈ જશે. તેને બેઝીક બનાવતી વખતે યલો કલર સાથે નાખી દેવું. ત્યારબાદ તેને પ્લાસ્ટીકના ડબ્બામાં મૂકી ફ્રીઝરમાં જમાવવા રાખી દેવું. જમાવેલા બેઝીકમાં મેંગો એસેન્સ, ૧ કપ મલાઈ નાખી ચર્ન કરવું. ત્યારબાદ તરત ફ્રીજરમાં જમાવવા મૂકી દેવું.

- **પપૈયા**

પપૈયા આઈસક્રીમ બનાવવા માટે બેઝીક બનાવતા પહેલા ૨ કપ પપૈયાના નાના પીસમાં ૬ ટે.સ્પૂન ખાંડ નાખી ૨ મિનિટ ગેસ પર ગરમ કરવું. જેથી તેનો પલ્પ તૈયાર થઈ જશે. તેને બેઝીક બનાવતી વખતે યલો કલર સાથે નાખી દેવું. ત્યારબાદ તેને પ્લાસ્ટીકના ડબ્બામાં મૂકી ફ્રીજરમાં જમાવવા રાખી દેવું. જમાવેલા બેઝીકમાં મિક્સ ફ્રૂટ એસેન્સ, ૧ કપ મલાઈ નાખી ચર્ન કરવું. ત્યારબાદ તરત ફ્રીજરમાં જમાવવા મૂકી દેવા.

- **સીતાફળ**

સીતાફળ આઈસક્રીમ બનાવવા માટે બેઝીક બનાવવા પહેલા ૩ સીતાફળના નાના પીસમાં ૫ ટે.સ્પૂન ખાંડ નાખી ૨ મિનિટ ગેસ પર ગરમ કરવું. જેથી તેનો પલ્પ તૈયાર થઈ જશે. તેને બેઝીક બનાવતી વખતે ગ્રીન કલર સાથે નાખી દેવું. ત્યારબાદ તેને પ્લાસ્ટીકના ડબ્બામાં મૂકી ફ્રીજમાં જમાવવા રાખી દેવું. જમાવેલા બેઝીકમાં મિક્સ ફ્રૂટ એસેન્સ, ૧ કપ મલાઈ નાખી ચર્ન કરવું ત્યારબાદ તરત ફ્રીજમાં જમાવવા મૂકી દેવું. ■

ભાવતાં ભોજન

## ડાઈનીંગ ટેબલની સજાવટ

**સુધા એ. બુધ્ધભટ્ટી**

બહેનો! રસોઇ બનાવવી અને થાળી વ્યવસ્થિત રીતે પીરસવી એ એક કળા છે પરંતુ જો તેની સાથે ડાઈનીંગ ટેબલને પણ જો યોગ્ય રીતે સજાવવામાં આવે તો તેના રૂપમાં વધારો થાય છે. રસોઇ ખૂબ સારી બનાવી હોય પરંતુ જો ટેબલને વ્યવસ્થિત ગોઠવવામાં ના આવે તો? તો ચાલો આજે આપણે ટેબલને કેમ સજાવવું તે જોઇએ. સામાન્ય રીતે આપણે ત્યાં ઔપચારિક ટેબલની જ વ્યવસ્થા કરવામાં આવે છે. સૌ પ્રથમ ડાઈનીંગ ટેબલની વ્યવસ્થા માટે આકર્ષક ટેબલ ક્લોથ, ટેબલ મેટ્સ અને નેપકીન જરૂર હોવા જોઇએ, ક્રોકરી અને કટલરી પણ સાફ અને આકર્ષક હોવા જોઇએ. જો ડાઈનીંગ ટેબલ ક્લોથ પાથર્યો હોય તો મેટ્સ ન પાથરવી. લંચ અને ડિનર માટેના નેપકીન કરતાં નાસ્તાનાં નેપકીન પ્રમાણમાં નાના હોવા જોઇએ.

જે મહેમાનો સાથે ઔપચારિક સંબંધ હોય તેમના માટે છ કે આઠ વ્યક્તિઓ જમી શકે એ રીતે ટેબલ વ્યવસ્થા કરવામાં આવે છે.

ટેબલ પર અન્ય ખાવાની વસ્તુ મૂકવામાં આવતી નથી. ઘરની વ્યક્તિ દ્વારા જ ડાબી બાજુથી પીરસવામાં આવે છે.

ઘરની વ્યક્તિ ટેબલના છેડા પર બેસે છે અને મહેમાનો વચ્ચેની ખુરશી પર બેસે છે.

બધા મહેમાનોની થાળી પીરસાઇ ગયા બાદ પહેલા યજમાન અને પછી મહેમાન જમવાનું શરૂ કરે છે. જમતા પહેલા નેપકીન ખોળામાં પાથરવો જરૂરી છે. સૌથી પહેલા સુપ સર્વ કરવામાં આવે છે ત્યાર પછી સ્ટાર્ટર મુકવામાં આવે છે. એ ખતમ થયા બાદ પ્લેટ ઉઠાવી જમવાનું મૂકવામાં આવે છે. અંતે ડેઝર્ટ સર્વ કરવામાં આવે છે.

**વેસ્ટર્ન સ્ટાઇલ :** એજ રીતે વેસ્ટર્ન સ્ટાઈલમાં ટેબલ મેટ્સ સાથે ટેબલની સજાવટ કરવામાં આવે છે. આ પ્રકારની વ્યવસ્થામાં બધી વાનગીઓ બાઉલમાં મૂકીને ટેબલની વચ્ચોવચ્ચ રાખવામાં આવે છે. દરેક એકબીજાને બાઉલ પાસ કરે છે. આ પ્રકારની ટેબલ સેટિંગમાં ફોર્માલીટી વિના દરેક વ્યક્તિ પોતાની રીતે પીરસી જમવાનો આનંદ માણે છે. હાલ આ પ્રકારની વ્યવસ્થા ખૂબ ચાલે છે.

**બુફે સ્ટાઇલ :** જ્યારે મહેમાન વધારે હોય ત્યારે બુફે સ્ટાઈલમાં સજાવેલું ટેબલ ખૂબ ઉપયોગી નીવડે છે. મહેમાનો પોતાનું ભોજન જાતે સર્વ કરી ઉભા ઉભા જ જમવાની મજા માણે છે. હાલ લગ્નપ્રસંગોમાં યોજાતા ભોજનોમાં આ પ્રકારની વ્યવસ્થા હોય છે.

- **ટી ટેબલ સ્ટાઇલ :-**

ચા સર્વ કરવા માટે ટેબલ પર દૂધ, ખાંડ અને ચા અલગ પોટમાં મૂકવામાં આવે છે. ચા બનાવતા પહેલાં દરેક મહેમાનને ખાંડનું પ્રમાણ પૂછવામાં આવે છે. જો કોફી બનાવવાની હોય તો કોફી-તેમજ ખાંડ બન્નેનું પ્રમાણ પૂછવામાં આવે છે. સ્નેક્સ માટેની પ્લેટમાં એક એક કરીને સર્વ કરવામાં આવે જ.

- **રોમેન્ટીક ટેબલ સ્ટાઇલ**

આ પ્રકારની વ્યવસ્થા ખાસ કપલો માટે જ કરવામાં આવે છે.

ટેબલની વચમાં ફ્લાવર્સ અને કેન્ડલથી સજાવટ કરવામાં આવે છે. ટેબલ બે વ્યક્તિ માટે જ ગોઠવવામાં આવે છે. આ પ્રકારની ટેબલ સ્ટાઇલમાં કપલ એકસાથે ભોજન કરશે. તેથી બધી વાનગીઓ અગાઉથી જ ટેબલ પર મૂકવામાં આવે છે. ■

બાળ વિભાગ

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના સાચા જવાબો :

(૧) સરદાર વલ્લભભાઈ પટેલ, (૨) દીવ, (૩) એ. આર. રહેમાન.

આ સવાલોના સાચા જવાબ મોકલનાર મિત્રો નીચે પ્રમાણે છે:

૧. નયના અનિલકુમાર બારમેડા - ભુજ
૨. મહીચા જલ્પા ઈશ્વરલાલ - માંડવી
૩. રીટા જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી - ભુજ
૪. બુધ્ધભટ્ટી ઉર્વિ એચ. - અમદાવાદ
૫. સરોજ કિશોરભાઈ પોમલ - ભુજ
૬. પોમલ અમૃતલાલ ગોવિંદજી - અંજાર

જે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **નયના અનિલકુમાર બારમેડા - ભુજ.** તેમને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મોકલાવી આપવામાં આવશે. અભિનંદન.

હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :

૧. નીચેનામાંથી કઈ ધાતુ પ્રવાહી સ્વરૂપે હોય છે?
(૧) સોડિયમ, (૨) પારો, (૩) ચાંદી

૨. નીચેનામાંથી કઈ ધાતુ મિશ્ર ધાતુ નથી?
(૧) પિત્તળ, (૨) કાંસો, (૩) તાંબુ

૩. નીચેનામાંથી કઈ ધાતુનો ઉપયોગ અણુબોંબ બનાવવામાં થાય છે?
(૧) સોનુ, (૨) જસત, (૩) યુરેનિયમ.

ઉપરોક્ત સવાલોના જવાબો ***તા. ૩૧-૫-૨૦૦૯ સુધી*** જ્ઞાતિસેતુ કાર્યાલય ખાતે મોકલાવી આપવા. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ આપવામાં આવશે. ■

# પ્રાણાયામ

સીમોન મનેશ બુધ્ધભટ્ટી - ભુજ

યોગ અને પ્રાણાયામનો વ્યાપ દિન પ્રતિદિન વધતો જાય છે જે માનવી સ્વાસ્થ્ય પ્રત્યે કેટલો જાગૃત થયો છે તે દર્શાવે છે. દિન પ્રતિદિન ટી.વી. ચેનલો તેમજ રેડીયો વિગેરે ધ્વારા યોગ અને પ્રાણાયામનો જોરશોરથી પ્રચાર થઇ રહ્યો છે. જે હાલના સંજોગોમાં જરૂરી જણાય છે. કારણ કે બ્લડ પ્રેસર, કબજીયાત, ગેસ અને થાઈરોઇડ જેવા રોગોમાં લાભપ્રદ પરીણામો મળી રહ્યાં છે. યોગીક થેરેપી દ્વારા બકરું કાઢતા ઉંટ પેસે તેવી એલોપથી દવાનો ઉપયોગ તો ના છુટકેજ કરાય. વધુમાં એલોપથી દવાઓના નામે આજે મોટું વેપારીકરણ થઇ રહ્યું છે, ત્યારે, જ્ઞાતિજનો પ્રાણાયમ પ્રત્યે જાગૃત થાય તે જરૂરી છે. પરંતુ પ્રાણાયમ શરૂ કરતાં પહેલા નીચે મુજબની તકેદારી રાખવી અત્યંત જરૂરી છે.

૧. પ્રાણાયમ હંમેશા સ્વસ્છ જગ્યામાં કરવા જોઇએ. ગંદી જગ્યાએ કરવાથી શ્વાસમાં વિજાતીય તત્ત્વો શરીરમાં દાખલ થશે.

૨. વાતાવરણમાં ધુમાડો, ધૂળ કે દુર્ગંધ હોય તો ત્યાં પણ પ્રાણાયામ ન કરવા.

૩. પ્રાણાયામ માટે હંમેશા બ્રાહ્મમુહુર્તનો સમય પસંદ કરવો, કારણ કે ત્યારે પ્રાણવાયુનો પુષ્કળ જથ્થો હોય છે. હવામાં ત્યારે પ્રદુષણ પણ ઓછું હોય છે. એ યાદ રાખવું પ્રાણાયમ દ્વારા જે પણ ઉત્તમ પરીણામો જોવા મળે છે તેની પાછળ પ્રાણાયમ દ્વારા જે પ્રાણવાયુ મળે છે તે છે.

૪. શહેરોમાં પ્રદુષણ વધારે હોય છે તેથી પ્રાણાયમ શરૂ કરતાં પહેલાં ગુગળ સળગાવવો. અથવા ઓછામાં ઓછો ઘીનો દીવો તો કરવો જ.

૫. પ્રાણાયમ હંમેશા ખાલી પેટે કરવો. ખાધા પછી ચાર કલાકે કરવો. પાણી પીવાની જરૂર હોય તો પ્રાણાયમ શરૂ કરતાં અર્ધા કલાક પહેલા પી લેવું.

૬. પ્રાણાયમ માટે જે પણ આસન યોગ્ય લાગતું હોય તે આસનમાં બેસવું. ચાદર પાથરી બેસવું.

૭. શ્વાસ હંમેશા નાકથી જ લેવો. જો મોં દ્વારા શ્વાસ લેવામાં આવશે તો ફીલ્ટર વિનાની જ હવા અંદર આવશે. જો કફ કે શરદીને કારણે નાક બંધ હોય તો પ્રાણાયમ કરતા પહેલા રબરનેતી કે સુત્રનેતી કરવી.

૮. કબજીયાત સ્થિતિમાં પ્રાણાયમ શરૂ કરતા પહેલા પેટને સાફ કરવું ખૂબ જરૂરી છે. નહીં તો આંતરડામાં મળ સુકાશે અથવા તો ગેસ થશે. એટલે કબજીયાતના શિકાર લોકો પ્રાણાયમ પહેલા ચૂર્ણ લઇ પેટ સાફ કરે.

૯. પ્રાણાયામ કરતી વેળા ઢીલા કપડાં પહેરવાં. પેટ પર કસોકસ ન પહેરવા. સુતરનાં કપડાનો ઉપયોગ વધારે સારો છે.

૧૦. ખૂબ તડકામાં પ્રાણાયામ કરવાથી વાયુ કે પિત્તની સમસ્યા થશે.

૧૧. કોઇપણ પ્રાણાયમ ઝડપથી ન કરવા. ત્યારે કમર પણ ન ઝુકાવવી. ઝડપથી કરવાથી લાભને બદલે નુક્સાન થઇ શકે છે.

૧૨. શારીરિક શક્તિને ખ્યાલમાં રાખીને જ પ્રાણાયામ કરવા.

૧૩. કોઇ કારણોસર સવારે ન થઇ શકે તો સાંજે કરી શકાય.

૧૪. તાવ, ઝાડા, ટી.બી. શરીરમાં દર્દ, હાઇ બ્લડ પ્રેશર વગેરે સાથે જો નબળાઇ હોય તો પ્રાણાયમ ન કરવા. બહુ ભુખ લાગી હોય તો પણ ન કરવા.

૧૫. પ્રાણાયમ દરમ્યાન જો દસ્ત, પેશાબ કે અપાન વાયુનો વેગ અનુભવાય, તો તેને રોકવા નહીં.

૧૬. ખાવું હોય તો પ્રાણાયમ કર્યા પછી અર્ધા કલાક પછી જ ખાવું.

૧૭. પ્રાણાયામ કરનાર વ્યક્તિએ ભીની મગફળી, ભીના કે સુકા મેવા ખાસ ખાવા. શક્તિ અનુસાર ઘી કે દૂધ પણ લેવા.

૧૮. પેટમાં દર્દ હોય તો પ્રાણાયામ ન કરવા.

૧૯. પ્રાણાયામ ક્યારે પણ ઉદાસીન કે ખીન્ન મનથી ન કરવા.

૨૦. પ્રાણાયામ હંમેશા કોઇ નિષ્ણાંતના માર્ગદર્શન હેઠળ જ કરવા.

---

**બાળ વિભાગ**

# તેજસ્વી તારલા



★ **ચિ. નેહા રાજીવભાઈ બુધ્ધભટ્ટી** રાજકોટની ઉન્નતિ વિદ્યાલયમાં માં ૯૯% માર્કસ મેળવી ઉત્તીર્ણ થઈ છે, તે બદલ જ્ઞાતિસેતુના હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.



★ સૌરાષ્ટ્ર હાઈસ્કુલ - રાજકોટમાં અભ્યાસ કરતા **ચિ. તેજસ રાજીવકુમાર બુધ્ધભટ્ટી** આઠમા ધોરણમાં ૫૯.૭૦% ટકા માર્કસ મેળવી ઉત્તીર્ણ થયા છે. ચિ. તેજસને જ્ઞાતિસેતુના હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ.

★ **કુ. પૂજા સાકરીયા (અમદાવાદ)**ને ICA Institute માંથી ઈન્ડસ્ટ્રીયલ એકાઉન્ટન્ટનો કોર્ષ પૂર્ણ કરવા બદલ જ્ઞાતિસેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

*'બાળ વિભાગ'નો એક અંશ*
*'પ્રભુકૃપા ક્વીઝ કોર્નર' માટે જુઓ પૃષ્ઠ-૩૩*

## હાર્દિક અભિનંદન

### નખત્રાણા સોની સમાજનું

### શિક્ષણક્ષેત્રે ગૌરવ વધારતો બંકીમ સોની



પશ્ચિમ કચ્છના સોની સમાજનો તેજસ્વી તારલો બંકીમ કુમાર ભોગીલાલ સોનીએ શિક્ષણક્ષેત્રે M.B.A.ની ડિગ્રી હાંસલ કરતા તેમણે સોની હંસરાજ વેલજી પરિવારની સાથે સોની જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. આ ઉચ્ચ ડિગ્રી હાંસલ કરવા બદલ તેમને જિલ્લા ભાજપના મહામંત્રી ભરતભાઈ સોની, તાલુકા કોંગ્રેસ પ્રમુખ હીરાલાલ એમ. સોની, સોની સમાજ નખત્રાણાના પ્રમુખ હિંમતલાલ બી. સોની, રોટરી કલબના પ્રમુખ અતુલ પી. સોની, નખત્રાણા સોની મહિલા મંડળના કલ્પનાબેન સોની, જીજ્ઞાસાબેન બી. સોની, નખત્રાણા યુવક મંડળ પ્રમુખ પ્રફૂલ એમ કંસારા સહિત જ્ઞાતિના અગ્રણીઓ ઉપરાંત મોટા અંગીઆના સરપંચ રબારી સોના ભાઈએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

*પ્રકશ પી. સોની*

### હાર્દિક શુભેચ્છા


નખત્રાણા સોની સમાજનું શિક્ષણ-ક્ષેત્રે ગૌરવ વધારનાર, સોની બંકિમકુમાર ભોગીલાલને એમણે M.B.A.ની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી તે બદલ હાર્દિક અભિનંદન. તેમજ તેઓશ્રી પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્ચાઓ

*સોની હંસરાજ કટ્ટા - નખત્રાણા (અંગીયાવાડા)*

નખત્રાણા સોની સમાજ નું શિક્ષણ ક્ષેત્રે ગૌરવ વધારેલ તેમજ શિક્ષણ ક્ષેત્રે આગળ પ્રગતિ કરતા રહો એવી શુભકામના સાથે M.B.A.ની ડિગ્રી પ્રાપ્ત થયેલ.

*લી. સોની હંસરાજ વેલજી કટ્ટા*

### બેસ્ટ બોય



નલીયા (કચ્છ)માં સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતા કુમાર શ્રી અક્ષય બારમેડાએ રાજકોટ ખાતે મળેલી સોળમી AINACS MEET 2008માં ભાગ લઈ બેસ્ટ બોયનું પ્રમાણપત્ર મેળવેલ છે. ચિ. અક્ષયે પ્રાપ્ત કરેલી આ 'યોગ્યતા' બદલ સેતુના હાર્દિક અભિનંદન.

## હાર્દિક અભિનંદન

### ડો. શ્રધ્ધા સોની



તક મળે તે નસીબદાર. તક શોધી કાઢે તે હોંશિયાર અને તકનો ઉપયોગ કરે તે સાચો વિજેતા. એવા નસીબદાર, હોંશિયાર અને વિજેતાનું મિશ્રણ એટલે ડો. શ્રધ્ધા સોની.

૧૪ ફેબ્રુઆરી, ૧૯૮૩ના રોજ જન્મેલ શ્રધ્ધામાં નિયમિતતા, સતત પુરૂષાર્થની સાથે સાથે સાદાઈ અને વ્યવહારૂપણાનો ગુણ, એ તેમના પિતા શ્રી કિશોરભાઈ વેલજીભાઈ તથા માતા શ્રીમતી કુસુમબેન કિશોરભાઈની ઉત્તમ દેન છે. મલાડ (મુંબઈ)ની સેંટ જોસેફ હાઈસ્કુલ (ઈંગ્લીશ મિડીયમ)માં કે.જી.થી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. પોતાના જીવનના પાયાનું ઘડતર કરનાર શિક્ષકોને પણ શ્રધ્ધા ભૂલી નથી.

સદાચારી, સદ્‌ગુણી, નિરાભિમાની શ્રધ્ધા વિકટ પરિસ્થિતિમાં પણ અડિખમ મુકાબલો કરવાની હિંમત ધરાવે છે અને તેથી જ શ્રધ્ધાએ મીઠીબાઈ કોલેજમાં સાયન્સમાં એડમિશન લઈ, ડોક્ટર બનવાના સ્વપ્ના જોયા. આખરે સફળતા તેમના ચરણોમાં ચૂમતી આવી અને M.G.M. Medical College (New Mumbai) માં M.B.B.S.માં એડમિશન પ્રાપ્ત કર્યું. ક્ષણે ક્ષણનો ઉપયોગ કરી ડિગ્રી પ્રાપ્ત કરી.

ડો. શ્રધ્ધા, આટલેથી ન અટકી. તેજસ્વી શ્રધ્ધા દરિયા જેવી વિશાળ તકની શોધ કરતી રહી અને આખરે M.D. / D.N.B. (Gynaecologist) ના અભ્યાસ માટે ત્રિચુર (કેરાલા) પર પસંદગી ઉતારી અને વતન વિથોણ (કચ્છ)ની ધરતી પણ બોલી ઉઠી, "શ્રધ્ધા! તારી શ્રધ્ધા ફળી ખરી."

નામથી, સમાજમાં ઓળખ ઊભી થાય, પણ આદર-ચાહના નહીં. આ બરાબર સમજનાર ડો. શ્રધ્ધા સમાજને પણ મદદરૂપ થવામાં કસર નહીં છોડે. આ વિચારોની મહેકથી સમાજ પણ ગર્વ લેશે.

તેમને, તેઓના દાદા સ્વ. શ્રી વેલજીભાઈ નાગજીભાઈના પૂર્ણ આશિર્વાદ પ્રાપ્ત છે.

ડો. શ્રધ્ધાને જ્ઞાતિસેતુ પરિવારના હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે શુભ કામના.

**અમદાવાદને આંગણે**
**'આપણા ઘર'નું સર્વપ્રથમ આતિથ્ય માણનાર**
**માધાપરના બહેનનો અભિપ્રાય વાંચો.**
**પૃષ્ઠ-૩૧**

★ નવો વિભાગ "નારી તું નારાયણી" શરૂ થયો તે જાણી હર્ષ થયો. 'સેતુ'ના છેલ્લા અંકમાં વડીલશ્રી ઝવેરીલાલભાઇ તરફથી આપવામાં આવેલ મંતવ્યો ખૂબ જ સારા છે. આ શ્રેણી શરૂ કરવા બદલ સુધા બુધ્ધભટ્ટીને મારા ખાસ ખાસ ખૂબ ખૂબ અભિનંદન. યુવાન લોકો તો તેમના મંતવ્યો તો વર્તમાન યુગ પ્રમાણે જ આપતાં હોય છે. પરંતુ આપણા સૌના વડીલોના મંતવ્યો ભૂતકાળ-વર્તમાનકાળ- તેમજ ભવિષ્યકાળને ધ્યાનમાં લઇને જણાવાના હોય છે. હજુ આ શ્રેણી લાંબા સમય સુધી ચાલુ રહે- તેમજ આપણી જ્ઞાતિના વડીલો જે દુનિયાભરમાં રહે છે. તેમના વિચારો આપણને સૌને જણાવતાં રહે તેવી આશા.. આભાર સહ

*ગીતા કંસારા - માધાપર, તા. ભુજ.*

★ નમસ્કાર. હાલમાં જ 'જ્ઞાતિસેતુ'નો અંક મળ્યો. વિવિધ કાર્યક્રમો ઉપરાંત અન્ય લેખો પણ માહિતીપ્રદ રહ્યા. ખાસ કરીને સુધા બુધ્ધભટ્ટી સંકલિત લેખમાળા 'નારી તું નારાયણી'નો પહેલો મણકો ખૂબ પ્રભાવશાળી રહ્યો. 'ઇશ્વરનું શ્રેષ્ઠ સર્જન - સ્ત્રી' વિશે વડીલશ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટીની વિચારસરણી આવનારી પેઢી-યુવાનો માટે માર્ગદર્શક બની રહેશે. સમાજમાં જયારે પુત્ર જન્મનાં મહત્ત્વને લીધે સ્ત્રી ભ્રૂણ હત્યાના કિસ્સા સાંભળીએ ત્યારે એ મા-બાપ કે એ ડૉક્ટર મને તો હાથમાં મોટો છરો લઇ ઉભેલા ખૂંખાર કસાઇ જેવા લાગે.

જો કે મારી દષ્ટિએ આપણી જ્ઞાતિમાં 'સ્ત્રી-ભ્રૂણ હત્યા' નું દૂષણ પ્રવેશ્યું નથી. એ માટેનું મુખ્ય કારણ છે આપણી જ્ઞાતિમાં 'દહેજ પ્રથા' નહિવત્ છે. આપણા જ્ઞાતિજનો કન્યા જન્મને પણ ઉમંગે આવકારે છે.

આશા છે સુધા બુધ્ધભટ્ટી આ લેખમાળા દ્વારા વધુને વધુ વડીલો સુધી પહોંચી 'નારી તું નારાયણી'ને સાર્થક કરશે.

*સુરેશ બીજલાણી*

★ આપશ્રીએ જ્ઞાતિસેતુનાં મેમ્બરશીપ માટે જે ફોર્મ મોકલાવેલ, તે અહીંના જ્ઞાતિ બંધુઓને આપી દીધા છે. જે તમને ફોર્મ ભરીને Direct મોકલાવી દીધા હશે જે સહેજ. એમાંથી એક ફોર્મ મારી પાસે આવેલ છે જે તમને મોકલાવું છું.

જ્ઞાતિ સેતુ દ્વારા કંસારા સમાજ વિશે ઘણુ બધું જાણવા મળે છે. તેમજ આપણા સમાજને એવું ઘણું ઉપયોગી થાય છે અને આગળ થતું રહેશે એવી આશા છે.

*અશોકભાઇ પોમલ - સિકંદ્રાબાદ*

★ *कलिशयनो भवतु, अजीहानस्तु द्वापर,*
*उत्तिष्ठ त्रेता भवति, कृतं संपद्यते वरन्*
*चरैवैति... चरैवेति...*

*– अैतरिय उपनिषद*

"જે ઊંઘે છે એ કળીયુગ છે. નિંદ્રામાંથી ઉઠનાર દ્વાપર છે, ઉઠીને ઊભો થનારો ત્રેતા છે અને જે ઊભો થઇ સતત ચાલતો રહે છે તે જ સતયુગ છે. (પ્રગતિ અને પરિવર્તન માટે) ચાલતા રહો...ચાલતા રહો..."

કલીયુગ, દ્વાપર, ત્રેતા કે સતયુગ જે તે કાળના સમાજની ગતિશીલતા તરફ પણ અંગૂલિ નિર્દેશ કરે છે તેવું ઉપરોક્ત શ્લોકથી સ્પષ્ટ થાય છે. જે સમાજ વિકાસના પંથે નિંદ્રા સમાન નિષ્ક્રિય છે તે કલિયુગમાં જીવી રહ્યો છે. તદુપરાંત જે સમાજ વિકાસનાં આયોજન ઘડી જાગૃત થયો તે દ્વાપર અને આયોજનને અમલમાં મૂકનાર ત્રેતા છે. પરંતુ, વિકાસપંથે સતત એક પછી એક ડગ માંડી સમાજને એક નિયત દશા તરફ દોરાઇ રહ્યું છે તે સમાજનો સતયુગ પ્રારંભ થઇ ચૂક્યું છે.

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ, અમદાવાદે જ્ઞાતિકાર્યો માટે એક નવી જ કેડી કંડારી છે. 'જ્ઞાતિસેતુ' જેવું સંવાદનું સબળ માધ્યમ આપી જ્ઞાતિને નવી વૈચારિક રાહ બક્ષી અને હવે જ્ઞાતિનાં શિક્ષણક્ષેત્રે 'હોસ્ટેલ' જેવી સુવિધા ઉપલબ્ધ કરાવી જ્ઞાતિનાં યુવા ધનને પુષ્ટ બનાવવાનું કાર્ય આપણી જ્ઞાતિનાં સતયુગનાં પ્રારંભને સિદ્ધ કરી રહ્યું છે. જેના માટે આપશ્રી તથા સમસ્ત કારોબારી સભ્યો માત્ર અભિનંદન જ નહીં અર્પિતુ આભારપાત્ર પણ છો. આપ સર્વેને મારી હાર્દિક શુભકામના.

આવી સતત ક્રિયાશીલ રહેનાર ટીમ સાથે 'જ્ઞાતિસેતુ' ના માધ્યમે અપરોક્ષરૂપે પણ હું જોડાઇ છું, તેનો આનંદ છે. હોસ્ટેલરૂપી નવસાહસમાં યથાયોગ્ય ઉપયોગી થવાનો અવસર અચૂક પ્રદાન કરશો તેવી અપેક્ષા સહ પુનઃ શુભેચ્છા

*કુ. એકતા કટ્ટા - અંજાર*

## 'જ્ઞાતિ સેતુ' પરિવારમાં નવા જોડાયેલ સભ્યોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ભાવનાબેન રાજેશભાઈ કટ્ટા | - ભુજ | ૭. | હિંમતભાઈ પોમલ | - થાણા |
| ૨. | રાજેશ કેશવલાલ બારમેડા | - હૈદ્રાબાદ | ૮. | રાજેશ લીલાધર મૈચા | - સુખપર |
| ૩. | ભાગ્યવંતી ધારશી પરમાર | - સૂરકરાડી, તા. દ્વારકા | ૯. | કશ્યપ કિરીટ બુધ્ધભટ્ટી | - ઓસ્ટ્રેલિયા |
| ૪. | પ્રવીણ કાંતિલાલ બારમેડા | - માધાપર | ૧૦. | કાંતિલાલ દેવજી બુધ્ધભટ્ટી | - ભુજ |
| ૫. | મનસુખલાલ નાનજી બુધ્ધભટ્ટી | - ભુજ | ૧૧. | અતુલ કરશનદાસ બુધ્ધભટ્ટી | - ભુજ |
| ૬. | નરભેરામ નારાણજી પોમલ | - માધાપર | ૧૨. | વેલુબેન જી. બુધ્ધભટ્ટી | - ભુજ |

Printed & Published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Madhvi Offset - Shashwat Arcade, Bhulabhai Cross Road, Kankaria, Maninagar, Ahmedabad. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00